દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 83 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર સુદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 April 2025, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર, ૯ એપ્રિલ ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# અમેરિકા-ચીન 'વેપાર-યુદ્ધ': તબાહી લાવશે?

**ચીનના વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે અમેરિકાએ કહેવાતી 'જેવા સાથે તેવા'ની નીતિ અપનાવીને ચીનના માલસામાન પર વધારે ટૅરિફ લાદી છે**

## ▸ટ્રમ્પે વધારાની પચાસ ટકા ટૅરિફ લાદવાની ચીમકી આપી ▸બીજિંગે 'અંત સુધી લડવાની' જાહેરાત કરી

બીજિંગઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચીનથી આયાત કરાતી ચીજો પર નવમી એપ્રિલથી જ વધારાની પચાસ ટકા ટૅરિફ લાદવાની આપેલી ચીમકીને પગલે બીજિંગે પોતાના દેશના હિતને ધ્યાનમાં રાખીને વળતાં પગલાં લેવાની અને 'અંત સુધી લડી લેવાની' જાહેરાત કરી હતી.

દુનિયાની સૌથી મોટી બે આર્થિક મહાસત્તા - અમેરિકા અને ચીન વચ્ચેનું 'વેપારયુદ્ધ' વકર્યું છે અને તેની માઠી અસર બન્ને દેશ ઉપરાંત વિશ્વના અન્ય દેશોના અર્થતંત્ર પર થવાની ભીતિ છે.

ચીનના વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે અમેરિકાએ કહેવાતી 'જેવા સાથે તેવા'ની નીતિ અપનાવીને ચીનના માલસામાન પર વધારે ટૅરિફ લાદી છે, જે અર્થ વિનાની છે અને તે એકતરફી બળજબરી તેમ જ દાદાગીરી કરવા સમાન ગણાય. ચીને પણ અમેરિકાના સામાન પર વધુ ટૅરિફ લાદી છે અને હજી વધુ ટૅરિફ લાદવાની તૈયારી કરી રહ્યું છે. બીજિંગે જણાવ્યું હતું કે ચીન પોતાના નાગરિકોની સલામતી, હિત અને સાર્વભૌમત્વની રક્ષા માટે આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં જરૂરી પગલાં લેશે.

તેણે જણાવ્યું હતું કે અમેરિકા 'બ્લેકમેલ' કરવાનું બંધ કરે. ચીનના માલસામાન પરની ટૅરિફ વધારવાનું પગલું મોટી ભૂલ સાબિત થશે. બીજિંગ આવી ધમકી સામે ઝૂકી નહિ જાય. અમેરિકા જો આવું કરવાનું ચાલુ રાખશે, તો ચીન તેની સામે 'અંત સુધી લડી લેશે'.

ટ્રમ્પે ચીનના સામાન પર ટૅરિફ હજી વધારવાની કરેલી જાહેરાતથી ટોક્યોથી લઇને ન્યૂ યોર્કના શૅરબજારોમાં ભારે ઊથલપાથલ થઇ છે.

અગાઉ, ટ્રમ્પે જણાવ્યું હતું કે ચીન ઘણાં સમયથી અમેરિકાના માલસામાન પર વધુ ટૅરિફ વસૂલે છે અને તેણે તાજેતરમાં લાદેલી વધારાની ૩૪ ટકા ટૅરિફ એક દિવસમાં પાછી નહિ ખેંચે તો અમેરિકા ચીનના સામાન પર નવમી એપ્રિલથી જ વધારાની પચાસ ટકા ટૅરિફ

(જુઓ પાનું ૨) ▸▸

## ચીન હૉલીવૂડની ફિલ્મો પર પ્રતિબંધ મૂકશે?

બીજિંગઃ અમેરિકા સાથે ટૅરિફને મુદ્દે વધેલા 'વેપારયુદ્ધ'નો ભોગ હવે ફિલ્મ-ઉદ્યોગ બનવાની ભીતિ છે. ચીન અમેરિકાના હૉલીવૂડની ફિલ્મો પર પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી રહ્યું હોવાનું કહેવાય છે.અમેરિકાના કેલિફોર્નિયાના લોસએન્જલસ ખાતેનું હૉલીવૂડ ફિલ્મનિર્માણનું મહત્ત્વનું કેન્દ્ર છે. હૉલીવૂડમાં તૈયાર થતી ફિલ્મોનું વિશ્વભરમાં વિતરણ થાય છે. ચીનમાં શહેરોના યુવાનોમાં પણ હૉલીવૂડની ફિલ્મો લોકપ્રિય છે. ચીનના કેટલાક કલાકારો અને ફિલ્મનિર્માતાએ હૉલીવૂડની ફિલ્મોમાંના કામને લીધે વિશ્વભરમાં પ્રસિદ્ધિ મેળવી છે. (એજન્સી) ■

## સંભલ હિંસાઃ સમાજવાદી પાર્ટીના સાંસદે નિવેદન નોંધાવ્યું

સંભલ (ઉત્તર પ્રદેશ) : ગયા વર્ષે સંભલમાં અદાલતના આદેશથી મસ્જિદના થઈ રહેલા સર્વેક્ષણ દરમિયાન ફાટી નીકળેલી હિંસાના સંબંધમાં સમાજવાદી પક્ષના સંસદસભ્ય ઝિયા ઉર રહેમાન બર્કની મંગળવારે પૂછપરછ કરવામાં આવી હતી.

કેસની તપાસ કરી રહેલી સિટ સમક્ષ નિવેદન નોંધાવવા બર્ક દસ વકીલો સાથે નખાસા પોલીસ સ્ટેશનમાં હાજર થયા હતા. સાંસદ પોલીસ સ્ટેશનમાં ત્રણ કલાક રહ્યા હતા. આ દરમિયાન તેમને ગયા વર્ષે ૨૪ નવેમ્બરે કોટ ગાર્વીમાં ફાટી નીકળેલી હિંસા વિશે સવાલો કરવામાં આવ્યા હતા. મુઘલ યુગની મસ્જિદના સર્વેક્ષણ વખતે થયેલી અથડામણમાં ચાર જણ મરણ પામ્યાં હતાં અને અનેક જણ ઘાયલ થયા હતા. પોલીસ સ્ટેશનમાંથી બહાર આવીને બર્કે કહ્યું હતું કે હાઈ કોર્ટના આદેશ પ્રમાણે હું તપાસમાં સહકાર આપવા આવ્યો હતો. મને જે સવાલો પૂછવામાં આવ્યા તેના મેં જવાબો આપ્યા.

સિટે કયા સવાલો પૂછ્યા એ સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે આ તપાસનો ભાગ છે અને હું એ તમને ન કહી શકું. પોલીસ સ્ટેશન જતા પહેલાં તેમણે પત્રકારોને કહ્યું હતું કે મારી તબિયત સારી ન હોવા છતાં અને તબીબોએ મને આરામની સલાહ આપી હોવા છતાં મેં 'મીડિયા ટ્રાયલ'થી બચવા પોલીસને સહકાર આપવાનું નક્કી કર્યું હતું. સર્કલ ઓફિસર (સીઓ) અસમોલી અને સિટ ઈન્ચાર્જ કુલદીપ સિંહે કહ્યું હતું કે સાંસદને નિર્ધારિત પ્રોસિજર પ્રમાણે સમન્સ મોકલવામાં આવ્યું હતું અને સિટે તેમનું નિવેદન નોંધ્યું હતું. (એજન્સી)

## સુધારિત વક્ફ કાયદાનો અમલ શરૂઃ જાહેરનામું બહાર પડાયું

નવી દિલ્હીઃ સરકારે જાહેરનામામાં જણાવ્યું હતું કે સંસદમાં ગયા અઠવાડિયે પસાર કરાયેલો સુધારિત વક્ફ ખરડો કાયદો બની ગયો છે અને હવે તેનો અમલ શરૂ થયો છે.

લઘુમતી કોમને લગતા મંત્રાલયે જાહેરનામામાં જણાવ્યું હતું કે સુધારિત વક્ફ કાયદા, ૨૦૨૫નો અમલ આઠમી એપ્રિલથી શરૂ થયો છે.

અગાઉ, લોકસભાએ ત્રીજી એપ્રિલે અને રાજ્યસભાએ ચોથી એપ્રિલે રાતે બે વાગ્યાની આસપાસ મતદાન દ્વારા આ ખરડો પસાર કર્યો હતો અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ

(જુઓ પાનું ૨) ▸▸

### બંગાળ સળગ્યુંઃ પોલીસ વાહનોને આગ લગાડાઇ, પથ્થરમારો કરાયો

બહરામપુર (પશ્ચિમ બંગાળ): રાજ્યના મુર્શિદાબાદ જિલ્લામાં મુસલમાનોની બહુમતી ધરાવતા અનેક વિસ્તારમાં મંગળવારે સુધારિત વક્ફ કાયદાના વિરોધમાં હિંસા શરૂ થઇ હતી. અનેક પોલીસ વાહન સળગાવાયાં હતાં અને પથ્થરમારો કરાયો હતો.

મુર્શિદાબાદના જંગીપુર વિસ્તારમાં સુધારિત વક્ફ કાયદો પાછો ખેંચવાની માગણીને લઇને બપોરે મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા.

પોલીસે જણાવ્યું હતું કે ભેગા થયેલા લોકોએ પથ્થરમારો શરૂ કર્યો હતો અને

(જુઓ પાનું ૨) ▸▸

## પંજાબમાં જલંધરમાં ભાજપના નેતાના ઘર પર વિસ્ફોટ, બે લોકોની કરાઇ ધરપકડ

ચંડીગઢઃ પંજાબમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતા મનોરંજન કાલિયાનાના જલંધરસ્થિત ઘર પર મંગળવારે સવારે થયેલા વિસ્ફોટ મામલે બે લોકોની ધરપકડ કરાઇ હતી. પોલીસે આ જાણકારી આપી હતી. ભારતીય જનતા પાર્ટીના નેતાના નિવાસસ્થાને થયેલા વિસ્ફોટથી વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ મનપ્રીત સિંહે જણાવ્યું હતું કે ફોરેન્સિક ટીમ સેમ્પલ એકત્રિત કરવા માટે ઘટનાસ્થળે પહોંચી ગઈ છે.

પોલીસે જણાવ્યું હતું કે વિસ્ફોટથી કાલિયાના ઘરની બારીઓ તૂટી ગઈ હતી અને એલ્યુમિનિયમ દીવાલ (પાર્ટીશન), આંગણામાં પાર્ક કરેલી તેમની એસયુવી અને મોટરસાઇકલને નુકસાન થયું

(જુઓ પાનું ૨) ▸▸

## જયપુરમાં કૉંગ્રેસના દારૂડિયા નેતાએ વાહન નીચે અનેક રાહદારીને કચડ્યા

### ત્રણનાં મોત, છ જણ ગંભીર રીતે ઘાયલ

જયપુરઃ અહીંના કૉંગ્રેસના દારૂ પીધેલા ૬૨ વર્ષીય જિલ્લા ઉપપ્રમુખ ઉસ્માન ખાને નાહરગઢ વિસ્તારમાં એમઆઇ રોડથી કારને સાંકડી ગલીમાં લઇ જતી વખતે અનેક રાહદારીને કચડી નાખ્યા હતા. આ દુર્ઘટનામાં ત્રણ રાહદારી માર્યા ગયા હતા અને અન્ય છ ગંભીર રીતે ઘાયલ થયા હોવાથી મરણાંક વધી શકે છે.

કૉંગ્રેસે પોતાના આ નેતાને પક્ષમાંથી કાઢી મૂક્યા હતા, જ્યારે ભાજપે આક્ષેપ કર્યો હતો કે વિપક્ષ કૉંગ્રેસમાં અનેક ગુનેગાર ભરેલા છે.

ઘટના બાદ સ્થાનિક લોકો નાહરગઢ પોલીસ સ્ટેશન ખાતે મોટી સંખ્યામાં ભેગા થયા હતા અને તેઓએ રસ્તારોકો આંદોલન કર્યું હતું. તેઓએ અકસ્માતમાં મરનારા લોકોને આર્થિક વળતર અને મરનારા લોકોના નજીકના સગાંને સરકારી નોકરી આપવાની માગણી કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે ઉસ્માન ખાને શરૂઆતમાં સંતોષીમાતાના મંદિરની પાસે એક સ્કૂટર સાથે પોતાની

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકાના દક્ષિણના શહેરોમાં ભારે વરસાદ, નદીઓના જળસ્તર ભયાનક સપાટીએ પહોંચ્યા



**પૂરઃ** અમેરિકાના કેન્ટકીના પાટનગર ફ્રૅંકફર્ટની નદીમાં આવેલા પૂરમાં ડૂબેલા વાહનો. અહીં વાવાઝોડા સાથે થયેલા ભારે વરસાદમાં જાનમાલને ભારે હાનિ થઇ હતી. (એપી / પીટીઆઇ)

ફ્રેન્કફર્ટ (અમેરિકા): અમેરિકાના રાજ્ય કેન્ટરીમાં સતત અનેક દિવસોથી વરસી રહેલા વરસાદના કારણે નદીઓના જળસ્તરમાં સતત વધારો થઇ રહ્યો છે. નદીમાં પાણી રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે જેના કારણે રાજ્યની રાજધાનીમાં પ્રખ્યાત બોર્બન ડિસ્ટિલરી પર ખતરો તોળાઇ રહ્યો છે. વરસાદના કારણે નદીઓના જળસ્તરમાં વધારો થતા અમેરિકાના દક્ષિણ શહેરોમાં પૂરની સ્થિતિ પેદા થઇ હતી. છેલ્લા સપ્તાહમાં ભારે પવન અને વરસાદના કારણે ઓછામાં ઓછા ૨૩ લોકો માર્યા ગયા છે.

રાષ્ટ્રીય હવામાન સેવાના પ્રારંભિક અહેવાલ મુજબ, ૩૦ માર્ચથી શરૂ થયેલા સાત દિવસમાં ઓછામાં ઓછા ૧૫૭ વાવાઝોડા ત્રાટક્યા હતા. જોકે વાવાઝોડા આગળ વધી ગયા પરંતુ ટેનેસી, અર્કાસસ અને ઇન્ડિયાના કેટલાક હિસ્સાઓ સહિત અનેક અન્ય રાજ્યોમાં પૂરનો ખતરો મંડરાઇ રહ્યો છે. ટેક્સાસથી ઓહિયો સુધી વિજળી અને ગેસની સપ્લાય બંધ કરી દેવાઇ છે.

શહેરોમાંથી લોકોના સ્થળાંતરનો આદેશ અપાયો છે. રાહત બચાવની ટીમો કેન્ટરી અને ટેનેસીમાં લોકોને મદદ કરી રહી છે. પૂરના પાણીને કારણે ફ્રેન્કફર્ટ શહેરના ડાઉનટાઉન નજીક ભરાયેલી કેન્ટકી નદીના કિનારે આવેલી ઐતિહાસિક બફેલો ટ્રેસ ડિસ્ટિલરી બંધ થઈ ગઇ હતી.

સેલૂનના માલિક જેસિકા ટગલે સોમવારે જોયું કે નદીનું પાણી તેના સલૂનમાં આવી રહ્યું છે ત્યારે મિત્રોની મદદથી તેણે સલૂનનો સામાન નજીકના રૂમમાં ખસેડ્યો હતો. ગવર્નર એન્ડી બેશિયરે જણાવ્યું હતું કે સોમવારે સાંજે કેન્ટકીમાં ૫૦૦થી વધુ રસ્તાઓ હજુ પણ બંધ હતા. તોફાનમાં ૨૩ લોકોના મોત થયા છે, જેમાં ટેનેસીમાં ૧૦ લોકોનો સમાવેશ થાય છે. કેન્ટકીમાં મૃત્યુ પામેલા ચાર લોકોમાં એક ૯ વર્ષનો છોકરો પૂરના પાણીમાં ફસાઈ ગયો હતો. વાવાઝોડામાં ફસાયેલા લોકોને બચાવવા માટે શોધ કરતી વખતે ૧૬ વર્ષીય સ્વયંસેવક મિઝોરી ફાયર ફાઇટરનું અકસ્માતમાં મૃત્યુ થયું હતું. રાજ્યના ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ટેનેસીના કેરોલ કાઉન્ટીમાં તોફાનમાં કામ કરતી વખતે ઇલેક્ટ્રિક વિભાગના લાઇનમેનનું મૃત્યુ થયું હતું. બેશિયરે જણાવ્યું હતું કે ૧૦૦૦થી વધુ લોકોને પાણીની સુવિધા નથી.

## ડોમિનિકન રિપબ્લિકમાં ડિસ્કોથેકનું છાપરું પડતાં ૧૩નાં મરણ

સાન્ટો ડોમિન્ગો (ડોમિનિકન રિપબ્લિક): ડોમિનિકન રિપબ્લિકની રાજધાનીમાં એક ડિસ્કોથેકનું છાપરું પડી જતાં ઓછામાં ઓછા ૧૩ જણ મરણ પામ્યાં હતાં અને ૭૦થી વધારે જણ ઘાયલ થયા હતા, એવી માહિતી સત્તાવાળાઓએ આપી હતી. તાકીદના ઓપરેશન્સના ડિરેક્ટર જુઆન મેન્યુઅલ મેન્ડેઝે કહ્યું હતું કે બચાવ કર્મચારીઓ જેટ સેટના કાટમાળમાં કોઈ હયાત હોય તો એને શોધી રહ્યા છે. અમે માનીએ છીએ કે કાટમાળમાં દબાયેલા અનેક લોકો જીવંત છે. (એજન્સી)

## મણિપુરના લિલોંગ, ઇમ્ફાલ પૂર્વમાં સુરક્ષા વધારાઇ

ઇમ્ફાલઃ વક્ફ સુધારા કાયદા સામે હિંસક વિરોધને પગલે મણિપુરના થોબલ જિલ્લામાં મુસ્લિમ પ્રભુત્વ ધરાવતા લિલોંગ વિસ્તારમાં રમખાણ વિરોધી સાધનો સાથેના સુરક્ષા દળોને તહેનાત કરવામાં આવ્યા છે, એમ અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું.

તેઓએ જણાવ્યું હતું કે, કાયદાની વિરુદ્ધ મંગળવારે ખુરાઈ ખુમિડોક બજારમાં આયોજિત ''માનવ સાંકળ વિરોધ'' પહેલા ઇમ્ફાલ પૂર્વ જિલ્લાના ભાગોમાં પણ તકેદારી વધારી દેવામાં આવી છે.

પોલીસ અધિક્ષક (થૌબલ) દ્વારા જારી કરાયેલા આદેશમાં કહેવામાં આવ્યું છે કે, ''સુરક્ષા દળોને ટીયર ગેસ ગન શેલ, વાંસ, બોડી પ્રોટેક્ટર અને હેલ્મેટ સહિત તોફાન વિરોધી સાધનોથી સજ્જ કરવામાં આવશે.''




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાંધણ ગૅસનો ભાવવધારોઃ સરકારની અણઆવડતનો બોજ લોકો પર

**કેન્દ્રની** નરેન્દ્ર મોદી સરકારે મોંઘવારીથી ત્રસ્ત પ્રજાને વધુ એક કડવો ડોઝ આપીને રાંધણ ગેસ એટલે કે એલપીજી સિલિન્ડરના ભાવ વધારી દીધા. મોદી સરકારે રાંધણ ગેસ સિલિન્ડરના ભાવમાં ૫૦ રૂપિયાનો વધારો ઝીંકી દીધો છે અને રાંધણ ગેસનો ભાવવધારો માત્ર સામાન્ય સિલિન્ડર પર જ નહીં પણ ઉજજવલા યોજનાના લાભાર્થીઓને પણ લાગુ પડવાનો છે એ જોતાં મધ્યમ વર્ગ અને ગરીબ બંનેને મોદી સરકારે મોંઘવારીનો ફટકો માર્યો છે.

આ ભાવવધારો તાત્કાલિક અસરથી અમલી પણ બનાવી દેવાયો છે. તેના કારણે પહેલાં ઉજજવલા ગેસ સિલિન્ડર ૫૦૩ રૂપિયામાં મળતો હતો એ હવે ૫૫૩ રૂપિયામાં મળશે. ઉજજવલા યોજના સિવાયના રાંધણ ગેસ લેતા ગ્રાહકો માટે એલપીજી સિલિન્ડરની કિંમત ૮૦૩ રૂપિયાથી વધારીને ૮૫૩ રૂપિયા કરી દેવામાં આવી છે.

કેન્દ્ર સરકારે રાંધણ ગેસ સિલિન્ડરના ભાવ વધાર્યા એ પહેલાં પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યૂટીમાં પણ બે રૂપિયાનો વધારો કરવાની જાહેરાત કરેલી. તેના કારણે સૌને લાગેલું કે, પેટ્રોલ-ડીઝલ બે રૂપિયા મોંઘું થઈ ગયું પણ આ જાહેરાતના અડધા કલાક પછી જાહેરાત કરાઈ કે, પેટ્રોલ ડીઝલનો ભાવવધારો ઓઈલ કંપનીઓ ઉઠાવશે તેથી ભાવ નહીં વધે.

અત્યાર સુધી કેન્દ્ર સરકાર પેટ્રોલ પર પ્રતિ લિટર ૧૯.૯૦ રૂપિયા અને ડીઝલ પર પ્રતિ લિટર ૧૫.૮૦ રૂપિયા એક્સાઇઝ ડ્યૂટી વસૂલ કરતી હતી. આ વધારા પછી, પેટ્રોલ પર પ્રતિ લિટર ૨૧.૯૦ રૂપિયા અને ડીઝલ પર પ્રતિ લિટર ૧૭.૮૦ રૂપિયા ડ્યૂટી લાગશે. પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ પેટ્રોલ-ડીઝલના ભાવ નહીં વધારીને લોકોને રાહત આપતાં હોય એવું ચિત્ર ઉભું કર્યું પણ વાસ્તવમાં આ જાહેરાત મોદી સરકારની ખોરી દાનતનો વધુ એક પુરાવો છે. અત્યારે જે સ્થિતિ છે એ જોતાં સરકાર મોંઘવારીથી પિડાતી પ્રજાને થોડીક રાહત આપી શકે તેમ હતીં પણ તેના બદલે સરકારને પોતાની તિજોરી ભરવામાં અને લોકોને ખંખેરવામાં રસ છે.

ક્રૂડ ઓઇલ ચાર વર્ષમાં સૌથી નીચા સ્તરે પહોંચી ગયું છે એ જોતાં પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટવા જોઈએ. ગયા અઠવાડિયે બ્રેન્ટ ક્રૂડ ૧૨ ટકા ઘટ્યું હતું. સોમવારે પણ બ્રેન્ટ ક્રૂડ ૪ ટકા ઘટીને ૬૪ ડોલરની નીચે આવી ગયું છે. ક્રુડના ભાવમાં થયેલા ૧૬ ટકા ઘટાડાને જોતાં મોદી સરકાર ધારે તો પેટ્રોલ ડીઝલના ભાવમાં પાંચેક રૂપિયાનો ઘટાડો કરી શકે તેમ હતીં પણ તેના બદલે સરકારે પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઇઝ ડ્યૂટી વધારીને ભાવઘટાડાનો લાભ કોને આપવાના બદલે પોતાની તિજોરી ભરવામાં કરી લીધો.

આ એક્સાઈઝ ડ્યૂટી હવે ઘટવાની નથી એ જોતાં ભવિષ્યમાં ક્રૂડના ભાવ વધે ત્યારે ફભાવવધારા માટે તૈયાર રહેવું પડશે. હરદીપ પુરીએ અત્યારે ગાજર લટકાવ્યું છે કે, આગામી દિવસોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થઈ શકે છે પણ ક્યારે ઘટાડો થશે એ કહ્યું નથી. ખાલી એટલું કહી દીધું કે, ક્રૂડ ઓઇલના ભાવમાં વધુ ઘટાડો થતો રહેશે તો પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થઈ શકે છે.

કેન્દ્ર સરકારે પહેલાં પેટ્રોલ-ડીઝલ પરની એક્સાઈઝ ડ્યૂટી વધારવાની જાહેરાત કરી ત્યારે એવી સ્પષ્ટતા નહોતી કરી કે, આ એક્સાઈઝ વધારાનો બોજ સામાન્ય લોકો પર નહીં આવે અને પેટ્રોલ-ડીઝલના ભાવ નહીં વધે. અડધા કલાક પછી સ્પષ્ટતા કરાઈ કે, વધેલી એક્સાઇઝ ડ્યૂટી ઓઈલ કંપનીઓએ તેમની કમાણીમાંથી ચૂકવવી પડશે અને ઓઈલ કંપનીઓ પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારીને સામાન્ય લોકો પાસેથી આ કરવધારો વસૂલ કરશે નહીં.

આ સંદર્ભમાં એક બહુ સરસ કાર્ટૂન છપાયું છે કે જેમાં એક નેતા સરકારે અડધા કલાક પછી કરાયેલી જાહેરાતનું બોર્ડ પકડીને ઊભા છે અને બીજા નેતાને કહે છે કે, કોઈએ યાદ દેવડાવ્યું હશે કે બિહારમાં વિધાનસભાની ચૂંટણી માથે છે! મતલબ કે, ચૂંટણી માથે છે એટલે અત્યારે તમારા-મારા ખિસ્સામાંથી એક્સાઈઝમાં કરાયેલો વધારો વસૂલ નહીં થાય. બિહાર વિધાનસભાની ચૂંટણી છેક નવેમ્બરમાં છે એ જોતાં સરકાર ખરેખર આ રીતે વિચારતી હોય તો કમ સે કમ છ-સાત મહિના સુધી પેટ્રોલ-ડીઝલનો ભાવવધારો નહીં ઝિકાય. બલકે ક્રૂડના ભાવ ઘટી રહ્યા છે એ જોતાં ભાવમાં ઘટાડો પણ થઈ શકે છે પણ આ ઘટાડાના લાભ નજીકના ભવિષ્યમાં મળે એવી આશા રાખવા જેવી નથી. નવેમ્બરમાં બિહારમાં ચૂંટણી આવે તેના એકાદ મહિના પહેલાં ભાવ ઘટી શકે એ જોતાં હજુ છ મહિના લગી તો આ જ ભાવ રહેશે એવું લાગે છે.

જો કે તેના બદલે ઊલટું પણ થઈ શકે કેમ કે ઓઈલ કંપનીઓ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવ, રૂપિયાનો ડોલર સામે વિનિમય દર, કર, પેટ્રોલ-ડીઝલનો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ બીજી બાબતોને ધ્યાનમાં રાખીને દરરોજ પેટ્રોલ અને ડીઝલના ભાવ નક્કી કરે છે.

મોદી સરકારની અણઆવડતના કારણે ડોલર સામે રૂપિયો તૂટતો જ જાય છે ને હજુ વધારે તૂટવાનો ખતરો છે કેમ કે ડોનલ્ડ ટ્રમ્પના ટૅરિફ ૯ એપ્રિલથી અમલી બનવાના છે. ટ્રમ્પના ટરિફે શેરબજારને તો રફેદફે કરી જ નાંખ્યું છે ને હવે રૂપિયાનો વારો પણ આવશે એવું લાગે છે. આ સંજોગોમાં ક્રૂડના ભાવ ઘટે તો પણ રૂપિયો તૂટે એટલે ઓઈલ કંપનીઓએ ડોલર લેવા વધારે રૂપિયા ખર્ચવા પડે તેમાં પડતર કિંમત વધે ને પેટ્રોલ-ડીઝલ મોંઘું થાય એવું બને.

પેટ્રોલ-ડીઝલના ભાવનું શું થશે તેની ખબર થોડાક દિવસોમાં પડશે પણ અત્યારે તો રાંધણ ગેસ મોંઘો થઈ ગયો છે. આ ભાવવધારો મોદી સરકારમાં સંવેદના નથી ને અર્થતંત્રને સાચવવાની આવડત નથી તેનો વધુ એક પુરાવો છે. સામાન્ય લોકો મોંઘવારીના કારણે પહેલેથી પરેશાન છે ત્યારે રાંધણ ગેસનો ભાવવધારો પડતા પર પાટુ છે. ભક્તજનોને ૫૦ રૂપિયા વધારે નથી લાગતા પણ ગરીબ-મધ્યમ વર્ગ માટે આ રકમ મોટી છે. ગરીબો માટે તો આખા પરિવારનું એક ટંકનું ભોજન છે. ને સવાલ પચાસ રૂપિયા કે સો રૂપિયાનો પણ નથી, સવાલ સંવેદનાનો છે. તમારી અણઆવડતનો બોજ સામાન્ય લોકો પર નાંખો એ સંવેદનહીનતા જ કહેવાય.

આ ભાવવધારો પણ એવા સમયે કરાયો છે કે જ્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં ગેસના ભાવ તૂટી રહ્યા છે. ભારત પાસે પણ ગેસનો જંગી જથ્થો છે એ જોતાં ભાવવધારો કરવાની જરૂર જ નહોતી છતાં ભાવવધારો કરીને સામાન્ય લોકોની કમર તોડી નંખાઈ કેમ કે સરકારમાં બેઠેલા લોકોમાં ટ્રમ્પના ટૅરિફના કારણે પડનારી અસરોને ખાળવાની તાકાત નથી. એ ગતાગમ પડતી નથી એટલે સામાન્ય લોકોને ખંખેરી લેવાયા.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, બુધવાર, તા. ૯-૪-૨૦૨૫, વામન દ્વાદશી, મદ્ન દ્વાદશી,

- ભારતીય દિનાંક ૧૯, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર સુદ -૧૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ સુદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૮મો જમીઆદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૧મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર મઘા સવારે ક. ૦૯-૫૬ સુધી, પછી પૂર્વાફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૦-૨૨, રાત્રે ક. ૨૨-૩૪
- ઓટઃ સાંજે ક. ૧૬-૨૧, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૬ (તા. ૧૦)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ચૈત્ર શુક્લ – દ્વાદશી. વામન દ્વાદશી, મદ્ન દ્વાદશી, વિષ્ણુ દમનોત્સવ.

- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, માલ વેંચવો, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડદેવડ, ઘર-ખેતર જમીન, સ્થાવર મિલકત લેવડદેવડ, ખાખરાનું વૃક્ષ વાવવું,
- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ લોહી વિકારના દર્દો.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ (તા. ૧૦)
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, માર્ગી મંગળ-કર્ક, માર્ગી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, વક્રી શુક્ર-મીન, માર્ગી શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# 'દુબઈના પાટવીકુંવરની મુલાકાતથી ભારત સાથેના દ્વિપક્ષી સંબંધ વધશે'

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો હતો કે દુબઈના પાટવીકુંવર શેખ હમદાન બિન મહંમદ બિન રાશીદ અલ મક્તૌમે ભારતની લીધેલી 'ખાસ' મુલાકાતને લીધે ભારત અને દુબઈના દ્વિપક્ષી સંબંધ વધુ દૃઢ બનશે.

મોદીએ સંયુક્ત આરબ અમીરાત (યુએઇ)ના આ વગદાર નેતા સાથે મંગળવારે મંત્રણા કરી હતી. તેઓ મંગળવારે સવારે દેશની રાજધાનીમાં આવ્યા હતા.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે પણ દુબઈના પાટવીકુંવરની સાથે અલગ બેઠક યોજી હતી. તેમણે બાદમાં જણાવ્યું હતું કે ભારત અખાતના આ દેશની સાથે સંરક્ષણ ક્ષેત્રે ઉત્પાદન અને વિકાસના પ્રોજેક્ટ્સમાં સહકાર વધારવા માટે તત્પર છે. ભારત અને યુએઇ પ્રાદેશિક શાંતિ જાળવવા અને સમૃદ્ધિ માટે બનતા દરેક પ્રયાસ કરવા કટિબદ્ધ છે.

મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું કે દુબઇ ભારત અને યુએઇ વચ્ચેની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

દુબઈના પાટવીકુંવર બે દિવસની ભારતની મુલાકાત દરમિયાન દિલ્હી અને મુંબઈમાં અનેક બેઠક યોજવાના છે.

મોદીએ શેખ હમદાન બિન મહંમદ બિન રાશીદ અલ મક્તૌમ સાથેની પોતાની દ્વિપક્ષી મંત્રણાને ફળદાયી ગણાવી હતી. (એજન્સી)

# ભારતે જર્મનીને પાછળ છોડ્યુંઃ પવન અને સૌર ઊર્જામાં બન્યો ત્રીજો સૌથી મોટો ઉત્પાદક દેશ

નવી દિલ્હીઃ ભારત ૨૦૨૪માં પવન અને સૌર ઊર્જામાંથી વીજળી ઉત્પાદન કરવા મામલે જર્મનીને પાછળ છોડતા દુનિયાનો ત્રીજો સૌથી મોટો ઉત્પાદક દેશ બની ગયો છે. આ માહિતી વૈશ્વિક ઊર્જા થિંક ટેન્ક 'એમ્બર્સ ગ્લોબલ ઇલેક્ટ્રિસિટી રિવ્યૂ'ના છઠ્ઠા રિપોર્ટમાં આપવામાં આવી છે.

રિપોર્ટ અનુસાર, ૨૦૨૪માં વૈશ્વિક સ્તર પર પવન અને સૌર ઊર્જાથી ૧૫ ટકા વીજળીનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું, જેમાં ભારતની હિસ્સેદારી ૧૦ ટકા રહી છે, જ્યારે ઓછા કાર્બન સ્રોતો (નવીનીકરણીય અને પરમાણુ ઊર્જા) માંથી ૪૦.૯ ટકા કુલ વૈશ્વિક વીજળી ઉત્પાદન થયું હતું, જે ૧૯૪૦ પછી પ્રથમ વખત ૪૦ ટકાને પાર પહોંચી ગઇ છે. ભારતમાં ૨૨ ટકા વીજળી સ્વચ્છ સ્રોતોમાંથી ઉત્પન્ન કરાઇ હતી જેમાંથી આઠ ટકા જળવિદ્યુત અને ૧૦ ટકા પવન-સૌર ઊર્જાનું યોગદાન રહ્યું હતું. વૈશ્વિક સ્તરે ૨૦૨૪માં રેકોર્ડ ૮૫૮ ટેરાવોટ સ્વચ્છ ઊર્જા ઉમેરવામાં આવી હતી. જે ૨૦૨૨ની સરખામણીમાં ૪૯ ટકા વધુ છે.

ભારતમાં વર્ષ ૨૦૨૪માં કુલ વીજળીના સાત ટકા સોલાર સ્રોતોમાંથી આવી જે ૨૦૨૧ની સરખામણીમાં બમણી છે. આ સાથે ભારત ચીન અને અમેરિકા પછી ત્રીજું સૌથી મોટું સૌર બજાર બની ગયું છે. એમ્બરના મેનેજિંગ ડિરેક્ટર ફિલ મેકડોનાલ્ડે જણાવ્યું હતું કે, ''બેટરી સ્ટોરેજ સાથે મળીને સૌર ઊર્જા વૈશ્વિક ઊર્જા સંક્રમણ માટે કેન્દ્રિય બની છે.'' રિપોર્ટમાં આવરી લેવામાં આવેલા ૮૮ દેશ વૈશ્વિક વીજળીની માગના ૯૩ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે.

એમ્બરના એશિયા પ્રોગ્રામ ડાયરેક્ટર આદિત્ય લોલાએ જણાવ્યું હતું કે એશિયામાં સ્વચ્છ ઊર્જા ઝડપથી વધી રહી છે અને તેનાથી પ્રાદેશિક ઊર્જા સુરક્ષા અને આર્થિક સ્થિતિસ્થાપકતા મજબૂત થશે. વરિષ્ઠ ઊર્જા વિશ્લેષક નેશ્વિન રોડ્રિગ્સે જણાવ્યું હતું કે ભારતે પુનઃપ્રાપ્ય ઊર્જામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, પરંતુ હવે તેની પાસે માગને અનુરૂપ સ્વચ્છ ઊર્જા ઉત્પાદન વધારવાના પડકારનો સામનો કરવો પડે છે. એમ્બરના અન્ય એક રિપોર્ટ મુજબ જો ભારતે ૨૦૩૦ સુધીમાં તેના ૫૦૦ ગીગાવોટ પુનઃપ્રાપ્ય ઊર્જાનું લક્ષ્ય હાંસલ કરવું હશે તો તેણે વર્તમાન રોકાણ કરતાં દર વર્ષે ૨૦ ટકા વધુ ભંડોળ એકત્ર કરવું પડશે.

# ૧૪ ગરીબ દેશને અનાજ માટે ભંડોળ આપવાનો અમેરિકાનો ઈનકાર

વૉશિંગ્ટનઃ અમેરિકાના ડોનલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે અફઘાનિસ્તાન, સિરિયા, યમન અને અન્ય ૧૧ ગરીબ અને યુદ્ધગ્રસ્ત દેશને માનવતાના ધોરણે અનાજ આપવા માટેના સંયુક્ત રાષ્ટ્રસંઘના ફૂડ પ્રોગ્રામ માટેનું ભંડોળ આપવાનું બંધ કરવાની જાહેરાત કરી હતી.

ગરીબ દેશોને સહાય કરતા સૌથી મોટા ફૂડ પ્રોગ્રામને આર્થિક સહાય બંધ કરવાનો નિર્ણય પાછો ખેંચવા સંયુક્ત રાષ્ટ્રસંઘની એજન્સી દ્વારા અમેરિકાને વિનંતિ કરાઇ હતી.

યુ.એસ. એજન્સી ફોર ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ દ્વારા ગરીબ દેશોને અનાજની સહાય માટેનું ભંડોળ બંધ કરાયું છે.

વર્લ્ડ ફૂડ પ્રોગ્રામે સોશિયલ મીડિયા 'એક્સ' પર ભય વ્યક્ત કર્યો હતો કે ગરીબ અને યુદ્ધગ્રસ્ત દેશોમાં લાખો લોકો ભૂખમરાનો ભોગ બની શકે છે. અમે અમેરિકા અને અન્ય દાતા દેશોનો અત્યાર સુધી આપેલી આર્થિક સહાય માટે આભાર માન્યો હતો અને આ સહાય ભવિષ્યમાં પણ ચાલુ રાખવા વિનંતિ કરીએ છીએ.

અગાઉ, ઇલોન મસ્કના મંત્રાલય ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્મેન્ટ એફિસિયન્સીએ અમેરિકાની સહાયના કાર્યક્રમ (યુએસએઇડ પ્રોગ્રામ્સ) પર નજર રાખવા જર્મી લેવિનની નિમણૂક કરી હતી. (એજન્સી)

# કાશ્મીરની પેટાચૂંટણીઃ નગરોટા અને બડગામમાં મતદાન કેન્દ્રોની સંખ્યા વધી

નવી દિલ્હીઃ જમ્મુ અને કાશ્મીરની પેટાચૂંટણી બડગામ અને નગરોટાની વિધાનસભા બેઠક પર થવાની છે અને ત્યાં મતદાન મથકોની સંખ્યા વધારવામાં આવી છે.

બડગામમાં મતદાર કેન્દ્ર ૧૭૩ અને નગરોટામાં ૧૫૦ મતદાર મથકો હશે. મતદાર યાદીનો મુસદો મંગળવારે પ્રસિદ્ધ થવાનો છે. જમ્મુ જિલ્લાની નગરોટા બેઠક વિધાનસભ્ય દેવેન્દર સિંહ રાણાના અવસાનને લીધે ખાલી પડી છે.

બીજી બાજુ મુખ્ય પ્રધાન ઉમર અબ્દુલ્લાએ બડગામ બેઠક પરથી ચૂંટાયા બાદ રાજીનામું આપતાં અહીં પેટાચૂંટણી કરવાની જરૂર પડી છે. ઉમરે ગંદરબાલની બેઠક જાળવી રાખી છે.

પ્રવકતાએ કહ્યું હતું કે ભારતના ચૂંટણી પંચે બહાર પાડેલી માર્ગદર્શિકા પ્રમાણે બડગામ અને નગરોટા વિધાનસભા બેઠકમાં મતદાન કેન્દ્રનું સરળીકરણ પાર પડાયું છે. મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીની ભાગરૂપે આ પ્રક્રિયા કરવામાં આવી છે.

પ્રવકતાએ વધુમાં જણાવ્યું હતું કે બડગામમાં મતદાન કેન્દ્રની સંખ્યા ૧૫૬થી વધારીને ૧૭૩ કરવામાં આવી છે અને નગરોટામાં ૧૪૫થી ૧૫૦ કરવામાં આવી છે.

સત્તાવાર જાહેરનામા પ્રમાણે નોંધણી ન પામેલા મતદાતાઓને ગુરુવારથી ૨૪ એપ્રિલ સુધી મતદારયાદીમાં નામ દાખલ કરવાના, સુધારો કરવાના કે નામ કાઢવાના દાવા અને વાંધાઓ રજૂ કરવાની તક મળશે.

બે બેઠકની મતદારયાદીમાં સુધારો કરવાનું પહેલી એપ્રિલથી શરૂ કરવામાં આવ્યું હતું. દાવા અને વાંધાનો અંતિમ નિવેડો બીજી મેએ છે અને પાંચ મેએ અંતિમ મતદાર યાદી પ્રગટ કરવામાં આવશે.

ગઈ વિધાનસભાની ચૂંટણીમાં ઉમરે ગંદરબાલની બેઠક ૧૦,૦૦૦ની સરસાઈથી જીતી હતી. બડગામમાં ઉમરની સરસાઈ ૧૮,૦૦૦ મતની હતી.

ભાજપના રામાએ નગરોટાની બેઠક ૩૦,૦૦૦થી વધારે મતથી જીતી હતી. તેમનું ૩૧ ઓક્ટોબરે હરિયાણાની ખાનગી હૉસ્પિટલમાં અવસાન થયું હતું. (એજન્સી)

# સાબરમતી આશ્રમમાં કૉંગ્રેસના અગ્રણી નેતા પી. ચિદમ્બરમની તબિયત લથડી, હૉસ્પિટલ ખસેડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સાબરમતી આશ્રમમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી ચિદમ્બરમની તબિયત અચાનક લથડી હતી. ગરમીને કારણે તે બેભાન થઈ ગયા હતા અને તેમને સારવાર માટે તાત્કાલિક ઝાયડસ હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તેમને ડિહાઇડ્રેશન થયું હોવાની શક્યતા છે. જો કે, પ્રાર્થનાસભા પણ પૂર્ણ થતાં રાહુલ, સોનિયા ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે રવાના થઈ ગયાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે, શાહીબાગ સરદાર પટેલ સ્મારક ખાતે કૉંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાયું છે. આ બેઠક બાદ મંગળવારે સાંજે ૬.૩૦ વાગ્યે સાબરમતી આશ્રમમાં પ્રાર્થનાસભા યોજાઈ હતી. જેમાં કૉંગ્રેસના તમામ દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા હતા. આ પ્રાર્થનાસભા દરમિયાન પૂર્વ કેન્દ્રીય નાણાપ્રધાન પી. ચિદમ્બરમની તબિયત અચાનક જ લથડી હતી.

# સુપ્રીમ કોર્ટમાં વક્ફ બિલ વિરોધી ૧૪ અરજી મુદ્દે ૧૫ એપ્રિલના સુનાવણી હાથ ધરાશે

નવી દિલ્હીઃ વક્ફ સંશોધન બિલને સંસદની સાથે રાષ્ટ્રપતિએ મંજૂરી આપ્યા પછી પણ એના વિરોધમાં મુસ્લિમ સંગઠનોની સાથે કૉંગ્રેસ પાર્ટીએ જોરદાર વિરોધ નોંધાવ્યો છે. વિવિધ પાર્ટી સાથે મુસ્લિમ સંગઠનોએ વક્ફ સંશોધન બિલના વિરોધમાં અત્યાર સુધીમાં ૧૪ અરજી કરવામાં આવી છે, જેના પર સુપ્રીમ કોર્ટ વહેલા સુનાવણી હાથ ધરી શકે છે.

વક્ફ સંશોધન બિલના વિરોધમાં ડીએમકે પડકારીને અરજીમાં કહ્યું છે કે તામિલનાડુમાં લગભગ પચાસ લાખ મુસ્લિમો અને દેશના ૨૦ કરોડ મુસ્લિમના અધિકારોનું ઉલ્લંઘન કરે છે.

તામિલનાડુ વિધાનસભામાં ૨૭ માર્ચના કેન્દ્ર સરકારને બિલ પરત લેવાના પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવ્યો હતો, જ્યારે આરજેડીએ પણ વક્ફ બિલની વિરોધમાં અરજી કરી હતી. એના સિવાય કૉંગ્રેસના સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ પણ સર્વોચ્ચ અદાલતમાં વિરોધ નોંધાવી અરજી કરી છે.

વક્ફ સંશોધિત બિલના વિરોધમાં ભારતનાં મુસ્લિમ સંગઠનોએ પણ વિરોધ કરીને પ્રદર્શનો કર્યાં હતાં, જ્યારે જમ્મુ કાશ્મીર સહિત કોંગ્રેસ શાસિત રાજ્યોમાં પણ આ બિલનો જોરશોરથી વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ અગાઉ કોંગ્રેસના સાંસદ મોહમ્મદ જાવેદે પહેલી અરજી કોર્ટમાં કરી હતી. એના સિવાય અસદુદીન ઓવૈસી (એઆઈએમઆઈએમના નેતા), એસોસિયેશન ફોર પ્રોટેક્શન ઓફ સિવિલ રાઈટ્સ (સામાજિક સ્વૈચ્છિક સંસ્થા-એનજીઓ), અમાનતુલ્લાહ ખાન (આમ આદમી પાર્ટીના નેતા)નો સમાવેશ થાય છે.

પહેલા પાનાનું ચાલુ

## પંજાબમાં જલંધરમાં

હતું. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જલંધરના શાસ્ત્રી માર્કેટ નજીક કાલિયાના ઘરની બહાર એક મોટો અવાજ સંભળાયો હતો.

સિંહે પીટીઆઈને જણાવ્યું હતું કે, ''ફોરેન્સિક ટીમ આ મામલાની તપાસ કરી રહી છે.'' આરોપીઓને શોધવા માટે પોલીસે સીસીટીવી ફૂટેજ સ્કેન કર્યા હતા. કાલિયા ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી અને ભાજપના પંજાબ એકમના ભૂતપૂર્વ પ્રમુખ છે.''

કાલિયાએ પત્રકારોને જણાવ્યું હતું કે આ હેન્ડ ગ્રેનેડથી થયેલો વિસ્ફોટ હોઈ શકે છે. આ હુમલો એટલો ક્રૂર હતો કે ઘરના એક ભાગને અલગ કરતી (એલ્યુમિનિયમ) દીવાલને ભારે નુકસાન થયું હતું.

રસોડાની બારીના કાચને નુકસાન થયું હતું. બાથરૂમનો દરવાજો ક્ષતિગ્રસ્ત હતો. કાલિયાએ જણાવ્યું કે જ્યારે તેમણે વિસ્ફોટનો અવાજ સાંભળ્યો ત્યારે તે સૂઈ રહ્યા હતા. તેમણે કહ્યું કે પહેલા તો તેમને લાગ્યું કે ઇલેક્ટ્રિક ટ્રાન્સફોર્મરમાં વધુ પડતા દબાણને કારણે વિસ્ફોટ થયો છે, પરંતુ તેમના ડ્રાઇવરે તેમને કહ્યું કે વિસ્ફોટ થયો છે.

આ પછી તેમણે પોલીસને ફોન કર્યો હતો પરંતુ કોઈએ ફોન ઉપાડ્યો નહીં. તેમણે તેમના 'ગનમેન' ને પોલીસ સ્ટેશન મોકલ્યો હતો.

જલંધર જિલ્લા ભાજપ પ્રમુખ સુશીલ શર્માએ જણાવ્યું હતું કે કેટલાક અજાણ્યા લોકો ઈ-રિક્ષામાં આવ્યા હતા અને નેતાના નિવાસસ્થાન તરફ ''હેન્ડ ગ્રેનેડ'' ફેંક્યો હતો. ઘટનાના સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે પહેલા એક ઈ-રિક્ષા તેમના ઘરની સામેથી પસાર થઈ અને થોડા સમય પછી ઈ-રિક્ષા પાછી ફરી અને પછી વિસ્ફોટ થયો હતો. ભાજપ નેતાએ કહ્યું કે પોલીસ સ્ટેશન ઘટનાસ્થળથી લગભગ ૧૦૦ મીટર દૂર છે.

કેન્દ્રીય મંત્રી રવનીત સિંહ બિટ્ટુ અને પઠાણકોટના ધારાસભ્ય અશ્વની શર્માએ કાલિયાના નિવાસસ્થાનની મુલાકાત લીધી હતી. બિટ્ટુએ આરોપ લગાવ્યો કે આ એક વરિષ્ઠ અને હિન્દુ નેતા વિરુદ્ધ ''સુનિયોજિત કાવતરું'' હોય તેવું લાગે છે.

બિટ્ટુએ કહ્યું, ''કાલિયાના નિવાસસ્થાન પર હુમલો કરવામાં આવ્યો હતો. અમે નક્સલવાદી વિસ્તારોમાં અથવા શ્રીનગરમાં આવી ઘટનાઓ વિશે સાંભળતા હતા. હવે પંજાબમાં પણ આવું થઈ રહ્યું છે. વિસ્ફોટને કારણે ઘરના ફ્લોર પર એક નાનો ખાડો પડી ગયો હતો અને ઘરના દરવાજા અને બારીઓને નુકસાન થયું હતું.

બાદમાં પંજાબના કેબિનેટ મંત્રી મોહિન્દર ભગત અને આપ નેતા પવન કુમાર ટીનુ પણ કાલિયાને તેમના નિવાસસ્થાને મળ્યા હતા. ભગતે આ વિસ્ફોટ માટે રાજ્યમાં શાંતિ ભંગ કરવાનો પ્રયાસ કરી રહેલા બદમાશોને દોષિત ઠેરવ્યા હતા. આ ગુનાના દોષિતોને છોડવામાં આવશે નહીં.

કાલિયાના નિવાસસ્થાને થયેલા વિસ્ફોટ બાદ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે વિપક્ષી પાર્ટીઓએ રાજ્યમાં આમ આદમી પાર્ટી સરકાર પર નિશાન સાધ્યું હતું. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુગે મુખ્યમંત્રી ભગવંત માનના રાજીનામાની માંગણી કરી હતી.

## અમેરિકા-ચીન

લાદશે.

અમેરિકા અને ચીન વચ્ચે ૨૦૨૪માં અંદાજે ૫૮૨ અબજ ડૉલરના માલસામાનનો વેપાર થયો હતો.

દરમિયાન, યુરોપિયન કમિશનનાં પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેઇને જણાવ્યું હતું કે અમેરિકા જો ટૅરિફ વધારશે, તો યુરોપિયન યુનિયન અમેરિકાને બદલે અન્ય દેશો સાથે વેપાર કરશે.

ટ્રમ્પે ટૅરિફમાં કરેલા વધારાને લીધે અનેક દેશ ગુસ્સે થયા છે. ઘણાં દેશે અમેરિકી સામાન પરની ટૅરિફ વધારવાની જાહેરાત કરી દીધી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા આ 'વેપારયુદ્ધ'ની માઠી અસરને લીધે આયાત થતી ઘણી ચીજો મોંઘી થઇ ગઇ છે. (એજન્સી)

## જયપુરમાં

કાર અથડાવી હતી અને બાદમાં અનેક લોકો તેમ જ વાહનોની સાથે પોતાની કાર ભટકાવી હતી.

શાસ્ત્રીનગરની રાણા કોલોનીના રહેવાસી ઉસ્માન ખાને અકસ્માતના સમયે દારૂ પીધો હતો. ઘાયલોને સવાઇ માનસિંહ હૉસ્પિટલ લઇ જવાયા હતા, પણ ત્યાં શરૂઆતમાં ત્રણ જણને મૃત જાહેર કરાયા હતા. (એજન્સી)

## બંગાળ સળગ્યું

કેટલાક પોલીસ વાહન સળગાવ્યાં હતાં.

હિંસાની ઘટનાને પગલે અહીં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વધારે પોલીસ જવાનોને મોકલાયા હતા.

દરમિયાન, ભાજપે આક્ષેપ કર્યો હતો કે પશ્ચિમ બંગાળમાં કાયદો અને વ્યવસ્થા વણસી છે. રાજ્યની તૃણમૂલ કૉંગ્રેસની સરકારને સ્થાને રાષ્ટ્રપતિશાસન લાદવાની જરૂર છે. (પીટીઆઇ)

## સુધારિત વક્ફ

તેના પર પાંચ એપ્રિલે સહી કરતા તે કાયદો બન્યો હતો અને તેનું જાહેરનામું મંગળવારે પ્રસિદ્ધ થતાં તેનો અમલ શરૂ થયો હતો.

ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ સુધારિત વકફ ખરડાને લગતી લોકોના મનમાંની ગેરમાન્યતા દૂર કરવા સતત પ્રયાસ કરી રહી છે, જ્યારે વિપક્ષો હજી તેનો વિરોધ કરી રહ્યા છે.

કેટલાંક મુસ્લિમ સંગઠને વક્ફ કાયદાના વિરોધમાં સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી છે.

વિપક્ષો આક્ષેપ કરે છે કે વક્ફ કાયદો ગેરબંધારણીય છે અને તેનાથી મુસલમાનોના અધિકાર છીનવાઇ જશે. (એજન્સી)

# સીડબ્લ્યુસીની બેઠકમાં સરદાર પરનો પ્રસ્તાવ પસારઃ પટેલ-નહેરુ એક સિક્કાની બે બાજુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદમાં આઠ એપ્રિલ મંગળવારના રોજ સરદાર સ્મારક ખાતે કૉંગ્રેસની સીડબ્લ્યુસીની બેઠક મળી હતી. ચાર કલાક ચાલેલી બેઠક બાદ તમામ સીડબ્લ્યુસી સભ્યોને પટેલ એ લાઈફ બુક આપવામાં આવી હતી. બાદમાં સરદાર સ્મારક બહાર નેતાઓનું ફોટો સેશન થયું હતું. અગાઉ સીડબલ્યુસીની બેઠકના પ્રારંભે રાષ્ટ્રીય અધ્યક્ષ ખડગેએ જણાવ્યું હતું કે, કૉંગ્રેસ ૧૪૦ વર્ષના ઇતિહાસમાં જે પ્રાંતોમાંથી સૌથી વધુ શક્તિ મળી તેમાં ગુજરાત અવ્વલ છે. આજે અમે ફરી અહીંથી પ્રેરણા અને શક્તિ લેવા આવ્યા છીએ. અમારી અસલી શક્તિ દેશની એકતા-અખંડિતતા તથા સામાજિક ન્યાયની વિચારધારા છે.

કૉંગ્રેસના મહાઅધિવેશનમાં મહત્ત્વના ૭ રિઝોલ્યુશન્સ પસાર કરવામાં આવ્યા હતા. વૈચારિક સંગ્રામ દ્વારા દેશને નવી દિશા દેવાના આ રિઝોલ્યુશનમાં બ્રિટિશ શાસન દરમિયાન ભારતીયો પર જે જુલમો થતા હતા તે હવે ભાજપ સરકાર કરી રહી છે અને જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ અને મહાત્મા ગાંધીએ જે રીતે તેમનો સામનો કર્યો તે રીતે આજની કૉંગ્રેસ કરશે, તેમ કૉંગ્રેસની પ્રેસ યાદી જણાવ્યું હતું. તેમણે સાત રિઝોલ્યુશન દ્વારા બ્રિટિશ શાસનના સમયમાં સરદાર પટેલે કરેલા સંઘર્ષ જેવો જ સંઘર્ષ ફરી આજની કૉંગ્રેસ કરશે, તેમ જણાવ્યું હતું.

૧૯૨૮માં અંગ્રેજ સરકાર સામે સરદાર વલ્લભભાઈ પટેલે બારડોલીમાં સત્યાગ્રહ કર્યો હતો. આ સત્યાગ્રહ ખેડૂતો પાસેથી વસૂલવામાં આવતી લગાન વિરુદ્ધ હતો. હાલની ભાજપ સરકાર ખેડૂતોના હકની જમીન છીનવી લે છે, તેમની બમણી આવકનો વાયદો પૂરો કરતી નથી, લખિમપુરમાં તેમને ગાડી નીચે કચડી નાખ્યા જેવી ઘટનાઓ બને છે. એટલે ફરી કૉંગ્રેસ સરદારની રાહ પર ખેડૂતોના ન્યાય માટે સંઘર્ષ કરશે.

બીજા રિઝોલ્યુશનમાં કૉંગ્રેસે જણાવ્યું હતું કે અંગ્રેજોએ તે સમયની રિયાસતો સાથે મનમાની કરી અને તાનાશાહી ચલાવી. સરદાર પટેલ અને નહેરુએ ૫૬૦ રજવાડાઓને એક કરી ગણતંત્રનો પાયો નાખ્યો હતો. ભાજપ આજે ક્ષેત્રવાદ, ભાષાવાદ ઊભો કરી દેશને ખંડિત કરવાની કોશિશ કરે છે. કૉંગ્રેસ સરદારની રાહ પર નફરત છોડો ભારત જોડોના નારા સાથે આગળ વધશે

બ્રિટિશરો મજૂરો કામદારો પર દમનીની નીતિ અપનાવતી હતી. જેની સામે સરદાર પટેલે અવાજ ઉઠાવ્યો હતો. ભાજપ સરકાર પણ શ્રમજીવીઓને રક્ષણ આપતા કાયદા નબળા પાડી દમન કરી રહી છે, આ સાથે જ મુટ્ઠી ભર ઉદ્યોગપતિઓને ફાયદો કરાવી દેશમાં આર્થિક અસમાનતા વધારી રહી છે. સરદાર પટેલ બધાને એકસરખા સંસાધન અને હક મળે તે માટે લડ્યા. તે રીતે જ વ્યવસ્થાઓનું ન્યાયપૂર્વક વિતરણ થાય તે માટે કૉંગ્રેસ સંઘર્ષ કરશે.

કૉંગ્રેસે તેના રિઝોલ્યુશનમાં જણાવ્યું હતું કે, ગાંધીની હત્યા નથુરામ ગોડસેએ કરી ત્યારબાદ તત્કાલીન નાયબ વડા પ્રધાન સરદાર પટેલે આરએસએસ પર પ્રતિબંધ મૂક્યો હતો. આવી હિંસક વિચારધારા ધરાવતા લોકોએ સરદાર અને નહેરુને પણ ફાંસીએ લટકાવવાની વાત કરી હતી, જેનો ઉલ્લેખ ૮ ફેબ્રુઆરી, ૧૯૪૮માં સરદારે શ્યામાપ્રસાદ મુખરજીને લખેલા પત્રમાં કર્યો હતો. પ્રપંચ અને ષડયંત્ર રતી સરદાર અને નહેરુ વચ્ચે કટુતા હોવાનું જુઠાણું ફેલાવ્યું હતું, પરંતુ ૩જી ઑગસ્ટ, ૧૯૨૭માં સરદારે નહેરુના પત્રમા લખ્યું હતું કે આપણી વચ્ચે જે પ્રેમ છે અને ૩૦ વર્ષની આપણી જે દોસ્તી છે તેને જોતા આપણે કોઈ ઔપચારિકતાની જરૂર નથી. આપણી જોડી અતૂટ અને અખંડ છે અને તે જ આપણી શક્તિ છે. આજે ફરી હિંસા અને સાંપ્રદાયિકાના આધારે દેશને વિભાજિત કરવામાં આવી રહ્યો છે. કૉંગ્રેસ આ આપસી નફરત અને વિભાજનની નીતિને પરાસ્ત કરવા સજ્જ છે. કૉંગ્રેસે સરદાર પટેલના સિદ્ધાંતો પ્રમાણે ન્યાયના માર્ગે ચાલવાની વાત કરી ભાજપ પર શાબ્દિક પ્રહાર કર્યા હતાં.

# ગુજરાતમાં સ્ટેમ્પ ડ્યૂટી એક્ટની સુધારેલી જોગવાઈઓનો ૧૦ એપ્રિલથી અમલ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મહેસૂલ વિભાગે ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની ઘણી જોગવાઈઓમાં સુધારા-વધારા કર્યા હતા. આ સુધારાઓમાં પ્રજાલક્ષી દરોનો ઘટાડો કરવા સાથે વહીવટી સરળતા અને સુગમતા વધારીને સ્ટેમ્પ ડ્યૂટી એક્ટના અસરકારક અમલ માટેનો અભિગમ રાખવામાં આવ્યો છે. સ્ટેમ્પ ડ્યૂટી એક્ટની આ સુધારેલી જોગવાઈઓ ૧૦ મી એપ્રિલથી અમલમાં આવશે.

રાજ્યના મહેસૂલ વિભાગે સ્ટેમ્પ ડ્યૂટી એક્ટની જોગવાઈઓમાં જે સુધારા-વધારા કર્યાં છે તેમાં કરવામાં આવેલી જોગવાઈઓ મુખ્યત્વે આ મુજબ છે. વડીલોપાર્જિત મિલકતના કિસ્સામાં અવસાન પામેલી પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતાં હક્ક કમીના ડોક્યુમેન્ટ રૂપિયા ૨૦૦ની સ્ટેમ્પ ડ્યુટી વાપરીને કરી શકાશે. તેમજ રૂપિયા ૧ કરોડ સુધીની લોનની રકમ ઉપર મહત્તમ રૂપિયા ૫૦૦૦ની મર્યાદામાં સ્ટેમ્પ ડ્યૂટી ભરપાઇ કરવાની રહેશે.

ગીરોખત/હાઇપોથીકેશનના ડોક્યુમેન્ટ ઉપર મહત્તમ રૂ. ૮,૦૦,૦૦૦ ની ડ્યૂટીની હાલની જોગવાઇમાં વધારો કરીને તે રૂ. ૧૫,૦૦,૦૦૦ કરવામાં આવી છે, પરંતુ એક કરતાં વધારે બેંકો પાસેથી જ્યારે લોન લેવામાં આવતી હોય તો તેવા કિસ્સામાં સરચાર્જ સિવાય મહત્તમ રૂપિયા ૭૫,૦૦,૦૦૦ લાખ સુધીની સ્ટેમ્પ ડ્યૂટી ભરપાઇ કરવાની રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

જ્યારે વધારાની જામીનગીરીના કિસ્સામાં હવેથી ફિક્સ રૂ. ૫૦૦૦ની ડ્યૂટી ભરપાઇ કરવાની રહેશે. ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઇ કરી હોય તેવા કિસ્સામાં જો અરજદાર સામેથી ડ્યૂટી ભરવા આવે તો ડોક્યુમેન્ટથી તારીખથી માસિક બે ટકાના દરે, પરંતુ મહત્તમ ખૂટતી ડ્યૂટીની ચાર ગણી રકમ વસૂલ કરવામાં આવશે. સ્ટેમ્પ ડ્યૂટીની ચોરી જો તંત્ર દ્વારા પકડવામાં તો તેવા કિસ્સામાં માસિક ૩ ટકાના દરે પરંતુ મહત્તમ ૬ ગણી સુધી દંડની રકમ વસૂલ લેવાની જોગવાઇ કરવામાં આવી છે. એક વર્ષથી ઓછા સમયગાળાના ભાડા પટ્ટાના ડોક્યુમેન્ટ ઉપર સરેરાશ વાર્ષિક ભાડાની રકમના ૧ ટકાની જગ્યાએ હવે રાજ્ય સરકારે રહેણાંક(રેસિડેન્સિયલ) માટે ફિક્સ રૂપિયા ૫૦૦ અને વાણિજ્ય(કોમર્શિયલ) માટે રૂપિયા ૧૦૦૦ની ડ્યૂટી ભરપાઇ કરવાની જોગવાઇ કરી છે.

રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ની જોગવાઇઓમાં કરાયેલા આ સુધારા ઉપરાંત અન્ય સુધારા-વધારા પણ કરવામાં આવ્યા છે. આ ડ્યૂટીમાં સુધારા વધારા મૂળ ડ્યૂટી માટે કરવામાં આવેલા છે. તેમાં કાયદાની જોગવાઇઓ મુજબ વધારાની ડ્યૂટી (સરચાર્જ) પણ લેવાપાત્ર થશે. આના જોગવાઈઓથી ઉદ્યોગકારો તેમ જ હાઉસીંગ લોનધારકોને નાણાકીય બોજમાં ઘટાડો થાય તેવો સરકારે પ્રયત્ન કર્યો છે. તે ઉપરાંત વડીલોપાર્જિત મિલકતમાંથી હક્ક કમી કરવાના કિસ્સામાં ઉપસ્થિત થતાં અર્થઘટનના પ્રશ્નોના નિવારણ તથા કાયદાની જોગવાઇઓ સંબંધે ઉપસ્થિત થતાં કોર્ટ મેટર્સ-લીટીગેશન્સમાં ઘટાડો થાય તે માટે આ નવા સુધારા કરવામાં આવ્યાં છે.

# અમદાવાદ આવતી ફ્લાઇટમાં બૉમ્બ હોવાની અફવા, રાહુલ ગાંધી-સોનિયા ગાંધીના વિમાનને વિલંબ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ છેલ્લા એક વર્ષથી ભારતમાં ફ્લાઇટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીઓનો ટ્રેન્ડ વધ્યો છે. એવામાં અમદાવાદ એરપોર્ટ પર લંડનથી આવતી ફ્લાઇટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. આ ધમકીના કારણે સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ હતી. આટલું જ નહીં ધમકીના કારણે અન્ય વિમાનો પર પણ તેની અસર થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે લંડનથી અમદાવાદ આવી રહેલી ફ્લાઇટના ટોઇલેટમાં લેટર મળ્યો હતો કે બે કલાકમાં ફ્લાઇટને બૉમ્બથી ઉડાવી દેવામાં આવશે. જે બાદ અમદાવાદ એરપોર્ટ પર બૉમ્બ સ્કવોડ દ્વારા ફ્લાઇટનું ચેકિંગ કરવામાં આવ્યું. ફ્લાઇટમાં કોઈ જ વાંધાજનક વસ્તુ ન મળતા આ અફવા કોણે ફેલાવી તેની તપાસ શરૂ કરવામાં આવી હતી.

ફ્લાઇટમાં બૉમ્બની અફવાના કારણે જ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીના વિમાનને અમદાવાદ એરપોર્ટ પર ઉતરવામાં વિલંબ થયો હતો. એરપોર્ટ પર લંડનવાળી ફ્લાઇટનું ચેકિંગ સમાપ્ત થયું તે બાદ જ રાહુલ ગાંધીના ચાર્ટર્ડ પ્લેનને અમદાવાદમાં ઊતરવાની મંજૂરી આપવામાં આવી હતી.

# મુદ્રા યોજના હેઠળ સરકારે પાંચ વર્ષમાં ૭૦ હજાર કરોડની લોન આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને કોઈ પણ અવરોધ વિના સંસ્થાકીય લોન મળી રહે તે હેતુથી ૮ એપ્રિલ ૨૦૧૫ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વમાં પીએમ મુદ્રા યોજના જાહેર કરવામાં આવી હતી. આ યોજનાનો હેતુ નાના વેપારીઓ, નવા સ્ટાર્ટઅપ્સ અને દેશના યુવાનોને તેમના વ્યવસાય માટે લોન પૂરી પાડવાનો છે. ગુજરાતમાં આ યોજનાની વ્યાપકપણે અમલવારી કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૪-૨૫ (નવેમ્બર ૨૦૨૪) સુધીના ગાળામાં કુલ રૂ. ૭૦૦૫૧ કરોડ રૂપિયાની લોન પ્રદાન કરવામાં આવી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે પીએમ મુદ્રા યોજનાના લાભાર્થીઓ સાથે એક સંવાદમાં જણાવ્યું હતું કે છેલ્લા દસ વર્ષમાં મુદ્રા યોજના હેઠળ રૂ.૩૩ લાખ કરોડથી વધુની ગેરંટી-મુક્ત લોન મંજૂર કરવામાં આવી છે અને સામાજિક સમાવેશ અને આર્થિક સ્વતંત્રતા સુનિશ્ચિત કરી છે.

આ યોજનાની સફળતા આંકડાઓથી સ્પષ્ટ થાય છે. ગુજરાતમાં આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧માં ૧.૪૨ કરોડ ખાતા ખોલવામાં આવ્યા હતા જેની સંખ્યા વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં ૧.૯૫ કરોડ સુધી પહોંચી છે. વર્ષ ૨૦૨૪-૨૫ માટે નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ૮૦.૫ લાખ ખાતા ખોલવામાં આવ્યા છે. પીએમ મુદ્રા યોજના અંતર્ગત ગુજરાતમાં વર્ષ ૨૦૨૦-૨૧માં રૂ. ૧૧,૨૩૯ કરોડની લોન મંજૂર કરવામાં આવી હતી જે વર્ષ ૨૦૨૩-૨૪માં વધીને ₹૧૯,૬૦૭ કરોડ થઇ ગઇ છે. આ રીતે ચાર વર્ષમાં લોન ફાળવણીની રકમમાં ૭૪ ટકાનો વધારો થયો છે. વર્ષ ૨૦૨૪-૨૫ માટે નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ₹૯,૭૦૮ કરોડની લોન આપવામાં આવી હતી.

પીએમ મુદ્રા યોજનાની દેશમા થયેલી અસરના મૂલ્યાંકન અંગે નીતિ આયોગના રિપોર્ટ અનુસાર પીએમ મુદ્રા યોજના શરૂ થયા બાદ દસ વર્ષના સમયગાળામાં દેશમાં કુલ ૧૧.૧૦ કરોડથી વધુ નોકરીઓનું સર્જન થયું છે. આ નોકરીઓમાંથી ૪૭ ટકા નોકરીઓનો ફાયદો એસ.સી, એસ.ટી અને ઓબીસી સમાજના નાગરિકોને થયો છે. મોટાભાગની નોકરીઓનું સર્જન ઉત્પાદન, ટ્રેડિંગ અને સર્વિસ ક્ષેત્રમાં થયું છે.

# એનએ માટે અરજી કર્યા પછી માત્ર ૧૦ દિવસમાં મળશે મંજૂરી

## ખેતીની જમીનને બિનખેતી કરવાનું પ્રીમિયમ બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે ખેડૂત અને સામાન્ય નાગરિકોને ધ્યાનમાં રાખીને મહેસૂલી વિભાગમાં મોટો અને ઐતિહાસિક નિર્ણય કર્યો હતો. હવે સમગ્ર રાજ્યમાં ગ્રામ્ય તેમજ નગરપાલિકા વિસ્તારોની નવી, અવિભાજ્ય કે પ્રતિબંધિત શરતવાળી જમીન પણ હવે 'જૂની શરત'માં ગણાશે. આ નિર્ણયથી હવે જમીન શરતફેર કરવાના સમયે ખેડૂતોને હવે પ્રીમિયમ ભરવું નહીં પડે અને મામલતદાર દ્વારા એવી જમીનનો દાખલો પણ સ્વમેળે તાકીદે અપાશે.

રાજ્ય સરકારના પ્રવક્તા ઋશિકેષ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના મ્યુનિસિપલ કોર્પોરેશન, શહેરી વિકાસ મંડળ અને કેટલાક નિર્ધારિત વિસ્તારો સિવાય બાકીના સમગ્ર રાજ્યમાં આ નિયમ લાગુ રહેશે. અગાઉ આવી પ્રકારની જમીન વેચવા માટે કે તેનું હેતુફેર કરવા માટે કલેક્ટરની પૂર્વ મંજૂરી લેવી પડતી હતી અને ભારે પ્રીમિયમ ચૂકવવું પડતું હતું. હવે તેમાંથી છૂટછાટ આપવામાં આવી છે.

મહેસૂલી પ્રક્રિયામાં વધુ સરળતા લાવવા માટે સરકારે વધુ એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. હવે કોઈ પણ જમીન ધારક કે ખેડૂતો જ્યારે પોતાની જમીન માટે બિનખેતી (એન.એ.) માટે અરજી કરશે ત્યારે માત્ર ૧૦ દિવસમાં એન.એ. મંજૂરી આપવાની રહેશે. આથી હવે લાંબી ફાઇલિંગ, નોટિંગ અને ક્લીયરન્સની પ્રથાનો અંત આવશે.

જમીનધારકને જમીનનું ટાઇટલ સર્ટિફિકેટ અને કાયદેસર કબજેદાર હોવાનો દાખલો પણ હવે સમયસર મળશે. સરકારના નવા નિર્ણય મુજબ કલેક્ટરે અરજી કર્યા બાદ ૩૦ દિવસની અંદર ટાઇટલ સર્ટિફિકેટ અંગે નિર્ણય લેવાનો રહેશે.

સરકારના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, હવે એવું પણ નક્કી કરાયું છે કે જો કોઈ ખેડૂત ખેતરની જમીન વેચવા માગે છે અને જમીન એ બિનખેતી માટે પાત્ર હોય તો તેના રેકોર્ડમાં માત્ર છેલ્લા ૨૫ વર્ષનો જ દસ્તાવેજ ચકાસવામાં આવશે. અગાઉ ઘણા વર્ષોના રેકોર્ડની જરૂર પડતી હતી, જે હવે નહીં પડે. આ નિર્ણયથી જમીન વેચાણ કે હેતુફેર જેવી કામગીરી હવે ઝડપથી પૂર્ણ થશે. રાજ્યમાં ઔદ્યોગિકીકરણ, ધંધો-રોજગાર, અને અફોર્ડેબલ હાઉસિંગના પ્રોજેક્ટ્સ માટે પણ સરળતા આવશે.

# બીઝેડ કૌભાંડમાં ભૂપેન્દ્ર ઝાલા સાથે સંકળાયેલ ગ્રો મોર ફાઉન્ડેશનના ૧૩ ખાતાં ડિફ્રીઝ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બીઝેડ ગ્રૂપના ભૂપેન્દ્ર ઝાલા સહિત અન્ય મળતિયાઓ સામે છ હજાર કરોડના ફ્રોડની ફરિયાદ સીઆઈડી ક્રાઈમે નોંધી હતી. જેમાં ભૂપેન્દ્ર ઝાલા સાથે સંકળાયેલા શૈક્ષણિક ટ્રસ્ટ ગ્રો મોર ફાઉન્ડેશનના બેંક ખાતા પણ ફ્રીઝ કરવામાં આવ્યાં હતાં. ચાર્જશીટ બાદ આ સંસ્થાએ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં અરજી કરી હતી કે, તેમના ખાતા ડિફ્રીઝ કરવામાં આવે. જો કે, તપાસ અધિકારીએ ૧૩ ખાતા ડિફ્રીઝ કરવા માટે બેંકોને સૂચના આપતા આ અરજીમાં અરજદાર દ્વારા કોર્ટ ઓર્ડર ઇન્વાઇટ કરાયો નહોતો અને અરજીનો નિકાલ કરવામાં આવ્યો હતો.

અરજદાર સંસ્થાએ તેના ૧૪ ખાતા ડિફ્રીઝ કરવા માટે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં અરજી કરી હતી. જેમાં રજૂઆત કરવામાં આવી હતી કે સંસ્થા ગુના સાથે સંકળાયેલી નથી. સંસ્થા અંતર્ગત હજારો વિદ્યાર્થીઓ ભણે છે. જુદી જુદી કોલેજોને અને સ્કૂલનો નિભાવ ખર્ચ તેમાંથી કાઢવામાં આવે છે. સ્કૂલના ૨૩૯ કર્મચારીઓ અને શિક્ષકોનો પગાર બેંક ખાતામાંથી આવે છે. ૧૦૦૦ બાળકો સ્કૂલમાં ભણે છે. ૨૩ કોલેજોનો ખર્ચ પણ આ ખાતાઓમાંથી આવે છે. સંસ્થાએ લીધેલી લોનના હપ્તા ભરવા પણ ખાતામાંથી જ પૈસા લેવાના રહે છે. જો ખાતાં ફ્રીઝ કરવામાં ના આવે તો મોટું આર્થિક નુકસાન થાય તેમ છે.

બીજી તરફ સરકારી વકીલે રજૂઆત કરી હતી કે, ગ્રો મોર ફાઉન્ડેશનના બે જ ખાતા ગેરકાનૂની આર્થિક વ્યવહારો સાથે સંકળાયેલા હતા. અન્ય ખાતાઓ તેમાં સંકળાયેલા નથી, જેથી કરીને અન્ય ખાતા ડિફ્રીઝ કરવામાં આવે તો તેમાં સરકારને કોઈ વાંધો નથી. તપાસ અધિકારીએ પણ સંલગ્ન બેંકોને અરજદાર સંસ્થાના ૧૩ ખાતાં ડિફ્રીઝ કરવા સૂચના આપી દીધી છે. ત્યારે અરજદારે કોર્ટના ઓર્ડરને ઇન્વાઇટ ન કરતા અરજીનો નિકાલ કરવામાં આવ્યો હતો.

# જીસેકમાં નોકરી મેળવવા એપ્રેન્ટિસોનું આંદોલન યથાવત્

## વધુ એક ઉમેદવારની તબિયત લથડી

અમદાવાદઃ જીસેકમાં નોકરી મેળવવા એપ્રેન્ટીસ ઉમેદવારો છેલ્લા કેટલાક દિવસથી આંદોલન ચલાવી રહ્યા છે ત્યારે મંગળવારે સાતમા દિવસે વધુ એક ઉમેદવારની ઉપવાસ કરવાને કારણે તબિયત લથડતા દવાખાને દાખલ કરવામાં આવ્યા હતા. રાજ્યભરના જીસેક એપ્રેન્ટીસ અસંખ્ય ઉમેદવારો ૨૦૨૨થી નોકરી અંગે અવારનવાર આંદોલન કરી રહ્યા છે ત્યારે હવે તેમની ધીરજનો અંત આવ્યો છે. વિદ્યુત ભવન બહાર ધરણા ઉપવાસ અને ભૂખ હડતાલ પર ઊતરતા સાતમા દિવસે વધુ એક એપ્રેન્ટિસની તબિયત લથડતા સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. છતાં પણ તંત્ર દ્વારા તેમને કોઈ મચક આપવામાં આવતી નથી.

જ્યારે બીજી બાજુ એપ્રેન્ટિસ ઉમેદવારો પણ મક્કમતાથી વિદ્યુત ભવન બહાર દીવાલો પર બેનરો બાંધી ધોમધખતા તાપમાં પોતાની માગણીઓ અંગે ઉપવાસ આંદોલન અને ભૂખ હડતાલ પર યથાવત રહ્યા છે. ગત ૨૦૨૨માં કુલ ૮૦૦ જગ્યાઓ ભરવાની હતી. પણ હવે છેલ્લા ત્રણ વર્ષમાં આ જગ્યાઓ વધીને ૧૨૦૦ થઈ ગઈ છે.

# ગુજરાતમાં એક વર્ષમાં રાજકીય પક્ષોને ₹૪૦૪ કરોડનું દાન, ૪૦૧ કરોડ સાથે ભાજપ મોખરે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં રાજકીય પક્ષોને એક વર્ષમાં ૪૦૪.૫૧૨ કરોડ રૂપિયાનું દાન મળ્યું હોવાનો ખુલાસો થયો હતો. છેલ્લા એક વર્ષમાં રાજકીય પક્ષોને મળેલા કુલ ડોનેશનમાંથી ૯૯ ટકા જેટલું તો માત્ર ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ને પ્રાપ્ત થયું હતું. ભાજપને એક વર્ષમાં દાન પેટે ૪૦૧.૯૮૨ કરોડ રૂપિયા, જ્યારે કૉંગ્રેસને ૨.૪૫૫ કરોડ રૂપિયાનું દાન મળ્યું હતું. એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ભાજપને કોર્પોરેટ જૂથ-બિઝનેસ હાઉસ પાસેથી કુલ ૧૩૭૩ ડોનેશન પ્રાપ્ત થયું હતું. જેમાં તેમને કુલ ૩૬૫.૧૧૪ કરોડનું દાન મળ્યું હતું. આમ, ભાજપને એક વર્ષમાં જે કુલ દાન મળ્યું તેમાંથી ૯૦ ટકાથી વધુમાં કોર્પોરેટ જૂથ-બિઝનેસ હાઉસનું યોગદાન હતું. જેની સરખામણીએ કૉંગ્રેસને ૬ કોર્પોરેટ જૂથ પાસેથી ૨.૦૨૭ કરોડ રૂપિયાનું દાન મળ્યું હતું. બીજી તરફ આપને ૩ કોર્પોરેટ જૂથ પાસેથી દાન પ્રાપ્ત થયું હતું. ભાજપને ૭૩૬ વ્યક્તિગત પાસેથી ૩૬.૭૯૮ કરોડ રૂપિયાનું દાન મળ્યું હોવાની વિગત બહાર આવી હતી. કૉંગ્રેસને વ્યક્તિગત તરફથી ૩૦ જેટલા દાન મળ્યા હતા. રાજકીય પક્ષોને દાન આપવામાં બિલ્ડરો-કોન્ટ્રાક્ટરો મોખરે રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, દરેક રાજકીય પક્ષોએ નાણાકીય વર્ષ દરમિયાન મળેલા દાનની વિગત ચૂંટણી પંચને ૩૦ સપ્ટેમ્બર સુધી ફરજિયાત આપવાની હોય છે. વર્ષ ૨૦૧૬-૧૭માં ભાજપને ૧૭૪ કરોડ રૂપિયાનું દાન મળ્યું હતું. આમ, ૯ વર્ષમાં ભાજપને મળેલા દાનમાં બમણાથી પણ વધુનો વધારો થયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૨૩-૨૪માં ગુજરાતમાંથી પાનકાર્ડ વગર ભાજપને ૧.૩૩ કરોડ રૂપિયાનું દાન મળ્યું હતું. જેમાંથી બહુ ઓછી જાણીતી નારાયણ રિયલ્ટી એન્ડ સાઈરૂચી નામની કંપનીએ એકલા ૫૦ લાખ ડોનેશન કર્યું હતું.

# બીજી પત્નીને પણ પેન્શનનો ભાગ ચૂકવવાનો હાઈ કોર્ટનો આદેશ

## બે પત્ની પૈકી એકને જ પેન્શન મળતું હતું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે એક મહત્ત્વનો ચુકાદો સંભળાવ્યો હતો, જેમાં કોર્ટે બીજી પત્નીને પણ પતિના પેન્શનમાંથી હિસ્સો અપાવ્યો હતો. પતિના મૃત્યુ બાદ ફેમિલી પેન્શનની રકમ મેળવવા માટે વિધવા પત્નીઓ વચ્ચેના કાનૂની કેસનો કિસ્સો હાઇ કોર્ટ સમક્ષ આવ્યો હતો. સરકારી નોકરીમાંથી નિવૃત્ત થતાં પહેલાં વ્યક્તિએ બે મહિલા સાથે લગ્ન કર્યા હોય એવા સંજોગોમાં કોઇ એક પત્નીને કે પછી બંને પત્નીઓને ફેમિલી પેન્શન મળે એવા કાયદાકીય પ્રશ્નનો જવાબ આપતાં હાઇ કોર્ટે નોંધ્યું હતું કે, ગુજરાત સિવિલ સર્વિસિસ પેન્શન રૂલ્સ, ૨૦૦૨ના નિયમ સ્પષ્ટ કરે છે કે ફેમિલી પેન્શન એકથી વધુ વિધવાને ચુકવવાનો વારો આવે, ત્યારે વિધવાઓને સરખાં ભાગે ચૂકવણી કરવાની રહે. એટલે કે, ફેમિલી પેન્શન એક જ પત્નીને આપવા માટેનું કોઇ બંધન નથી.

પહેલી પત્ની પેન્શનની હકદાર છે કે બીજી પત્ની એની સ્પષ્ટતા રૂલ્સમાં નથી. ઊલટાનું રૂલ્સ મુજબ વિધવાઓ વચ્ચે સરખાં ભાગે ફેમિલી પેન્શનની ચુકવણીની વાત છે. આ તારણ સાથે હાઇ કોર્ટે અરજદાર પત્નીને મૃત પતિના પેન્શનની રકમના અડધા ભાગની ચુકવણી ત્રણ મહિનાની અંદર કરવા હુકમ કર્યો હતો. હાઇકોર્ટે ચુકાદામાં એમ પણ નોંધ્યું હતું કે, ગુજરાત સિવિલ સર્વિસિસ પેન્શનના નિયમો મુજબ અને પત્નીએ 'ફેમિલી'ની વ્યાખ્યામાં આવે છે અને એમાં કાનૂની રીતે જુદી થયેલી પત્ની અને પતિનો પણ સમાવેશ થાય છે. અલબત્ત કે સરકારી કર્મચારીના લગ્ન નિવૃત્ત થયા પહેલાં થયેલા હોવા જોઇએ. આ કેસમાં નિર્વિવાદ છે કે, બંને પત્નીઓના પતિ સાથે લગ્ન નોકરીમાંથી નિવૃત્તિ પહેલાં જ થયા હતા. એટલું જ નહીં અરજદાર મહિલા મૃત પતિના કાયદેસરના પત્ની હતાં અને પતિએ બીજી મહિલા સાથે લગ્ન કર્યા હતા. નિયમ એમ પણ કહે છે કે નોમિનેશન ફોર્મ ગમે તે હોય, જ્યારે એકથી વધુ વિધવા હોય ત્યારે તેમને સરખાં ભાગે ફેમિલી પેન્શન વહેંચવું જોઇએ.

# મુખ્ય પ્રધાને અંબાજીમાં આદિશક્તિ રાષ્ટ્રીય મહિલા તિરંદાજી સ્પર્ધાનો આરંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આદ્યશક્તિ ધામ અંબાજીમાં આદિશક્તિ રાષ્ટ્રીય મહિલા તિરંદાજી સ્પર્ધાનો આરંભ કરાવ્યો હતો. આ રાષ્ટ્રીય સ્પર્ધાનું આયોજન રમતગમત અને પ્રવાસનને પ્રોત્સાહન આપતા રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ તથા પ્રવાસન વિભાગના સહયોગથી કરવામાં આવ્યું હતું.

આ ત્રિ-દિવસીય સ્પર્ધામાં દેશના ૨૮ રાજ્યોની ૫૫૦થી વધુ યુવા નારી તિરંદાજો ત્રણ કેટેગરીની સ્પર્ધાઓમાં સહભાગી થઈ રહી છે. રાજ્ય સરકાર દ્વારા આ સ્પર્ધામાં વિજેતાઓને કુલ ૪૧.૫૦ લાખ રૂપિયાના ઇનામો એનાયત કરવામાં આવશે.

ભૂપેન્દ્ર પટેલે તીર-કામઠાના કસબને ખેલ-કૌશલ્ય તરીકે કેળવનારી દેશભરની દીકરીઓને પ્રોત્સાહિત કરતાં કહ્યું હતું કે, ગુજરાતે પણ ખેલ મહાકુંભનું આયોજન કરીને રાજ્યની મહિલા ખેલાડીઓ સહિત ખેલ પ્રતિભાને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ખીલવાની તક આપી છે. આ સંદર્ભમાં મુખ્ય પ્રધાને દેશને ગૌરવ અપાવનારી ગુજરાતની મહિલા ખેલ પ્રતિભાઓ સરિતા ગાયકવાડ, પેરા એથ્લીટ ભાવીના પટેલ અને આર્ચરી રમતમાં રાજ્યને દેશમાં ગૌરવ અપાવનારી ભાર્ગવી ભગોરા, મૈત્રી પઢિયારનો ખાસ ઉલ્લેખ કર્યો હતો.

ભૂપેન્દ્ર પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઊભરતાં ખેલાડીઓને ઉત્તરોત્તર વધતા સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને તાલીમ તથા અદ્યતન સાધન સુવિધાઓ રાજ્ય સરકાર આપે છે તેની પણ ભૂમિકા આપી હતી. રાજ્યમાં ૩૨ જિલ્લાઓમાં બિનનિવાસી સેન્ટર ઓફ એક્સેલન્સ, ૨૪ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને ડી.એલ.એસ.એસ.ના માધ્યમથી ઉત્કૃષ્ટ તાલીમ અપાય છે.

# પિતાજીના અવસાનના સમાચાર મળ્યા પછી જગદીશ ત્રિવેદીએ બે કલાક સુધી પ્રેક્ષકોને હસાવ્યા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હાસ્યકલાકાર પદ્મશ્રી ડોક્ટર જગદીશ ત્રિવેદીએ તેમના પિતાજીનું અવસાન થયું તેના પાંચ કલાક બાદ ભરૂચ નજીક વાલિયા પાસે ચમારિયા નામનાં ગામમાં હાસ્યરસિકોને બે કલાક સુધી હસાવ્યા અને કાર્યક્રમના અંતે પ્રેક્ષકોને સમાચાર આપ્યા કે મેં અગાઉથી આ કાર્યક્રમનું વચન આપેલું એટલે મારે આવવું જ રહ્યું પરંતુ હવે કાર્યક્રમના અંતે હું આપને કહું છું કે આજે આ કાર્યક્રમની શરૂઆતના પાંચ કલાક અગાઉ મારા પિતાશ્રીનું અવસાન થયું છે.

વિધિની વક્રતા તો જુઓ કે પિતાની ચિતા સળગતી હતી અને એક જન્મજાત કલાકાર લોકોને હસાવતો હતો. એનું હૈયું રડતું હતું અને ચહેરો હસતો હતો. જગદીશ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, સંજોગોવસાત્ પાર્થિવ શરીર વધુ સમય રાખી શકાય તેમ ન હોય મારી ગેરહાજરીમાં જ મારા બંને ભાઈઓએ મારા પિતાજીના નિવાસસ્થાન થાન ખાતે અંતિમ વિધિ અને ક્રિયા પણ મારી ગેરહાજરીમાં સંપન્ન કરાઈ હતી. આટલા વાક્યો સાંભળી અને જે પ્રેક્ષકો બે કલાકથી ખડખડાટ હસતાં હતાં તેમની આંખો પણ ભીની થઈ ગઈ હતી. ડૉ. જગદીશ ત્રિવેદી છેલ્લા આઠ વર્ષથી કાર્યક્રમનો કોઈ પુરસ્કાર ઘરે લઈ જતા નથી અને માત્ર આરોગ્ય અને શિક્ષણ પાછળ ખર્ચી નાખે છે. વિશ્વના એક માત્ર હાસ્યકલાકાર જે સંપૂર્ણ આવક લોકસેવામાં અર્પણ કરે છે અને વહીવટીખર્ચ પણ લેતા નથી.

ડૉ. જગદીશ ત્રિવેદીને તેમના સેવાકીય કાર્યના સંદર્ભે પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આજે ખરા અર્થમાં સેવાકીય પ્રવૃત્તિ માટે કેટલો ભોગ દેવો જોઈએ તેવો સંદેશ સમાજને આપ્યો છે. અત્યાર સુધીમાં જગદીશ ત્રિવેદીએ ૧૧ કરોડનો સંકલ્પ કરેલો તે વટાવી અને અંદાજિત સાડા તેર કરોડનું દાન સમાજને આપ્યું છે.

જગદીશ ત્રિવેદીના પિતાજી વ્યવસાયે શિક્ષક હતા, અને ત્રણ ભાઈઓમાંથી જગદીશ ત્રિવેદી સૌથી મોટા ભાઈ તરીકે પિતાજીની માંદગીથી પરિચિત હતા અને પરિણામથી પણ અવગત હતા, પરંતુ અગાઉથી કાર્યક્રમ માટે વચન આપ્યું હોય તે પૂર્ણ કરવું જોઈએ તેવું તેમના પિતાજીએ પણ જગદીશ ત્રિવેદીને ઘણીવાર કહ્યું હતું. પિતાજીના આ શબ્દોને હાસ્યકાર જગદીશ ત્રિવેદીએ જીવનનો મુદ્રાલેખ બનાવી સાર્થક કરી બતાવ્યું છે.

# સંસ્થા સમાચાર

## ધીરગુરુદેવની નિશ્રામાં સમૂહ આયંબિલ તપમાં ૩૦૦ ભાવિકો જોડાયા



વિરાણી પૌષધશાળા ખાતે નવપદ આયંબિલ ઓળીના ત્રીજા દિવસે પૂ. શ્રી ધીરગુરુદેવે જણાવેલ કે - મહાવીર ગમે? મોબાઈલ ગમે? કે મની ગમે? પ્રભુ ગમે? પૈસો ગમે? કે પ્રતિષ્ઠા ગમે? સ્વજન ગમે? સાધર્મિક ગમે? કે સંત ગમે? પ્રભુ ગમે? પ્રભુનો ધર્મ ગમે? કે પ્રભુની આજ્ઞા ગમે? જીવનમાં હિંસા, જૂઠ, ચોરી અને પરિગ્રહના વિચારો કર્યા કરવા તેમાં આનંદિત થવું તે રોદ્ર ધ્યાન છે. જે નરક ગતિનું કારણ બને છે. જે કાંઈ સારું-નરસું બને છે તે પોતાના પુણ્ય અને પાપને કારણે થાય છે. તેવી શ્રદ્ધા રાખો. કાયમી જૈનશાળા અનુમોદના યોજનામાં ડૉ. કેશુભાઈ નરસિંહદાસ મહેતા અને આયંબિલ તપ અનુમોદનામાં સુશીલાબેન કાંતિલાલ પ્રેમચંદ વોરા હ. મુકેશ, હરેશ, દર્શના તરફથી પાંચ-પાંચ લાખનું દાન જાહેર કરેલ. જૈનશાળા જમણનો અનેક દાતાઓએ લાભ લીધેલ. સામાયિક કંઠસ્થ કરનારનું જયોતિબેન ઈશ્વરભાઈ દોશી, શ્રેણી પરીક્ષાર્થીનું કૌશા જીતુ અદાણી, ૪૦ બાળ તપસ્વીનું અમેરિકાના નૂતન મયુર દોશી, બ્રુનેલ ઉમેશ સંઘવી, ડૉ. દર્શિતા શાહે સન્માન કરેલ. સમૂહ ૩૦૦ આયંબિલ થયેલ.

ધારા જીતુભાઈ બેનાણી તરફથી બાળકોને આયંબિલમાં રીસ્ટ વોચ અર્પણ કરવામાં આવેલ. આયંબિલ ઓળીના પારણાનો લાભ સવિતાબેન પ્રાણલાલ પંચમીઆ પરિવારે લીધેલ છે. પવઈ જૈન સંઘ-મુંબઈના પ્રમુખ મુકેશભાઈ દોશી, જીતુભાઈ શાહ વગેરેએ વૈયાવચ્ચ ભવનના ઉદ્ઘાટન પ્રસંગે નિશ્રા પ્રદાન કરવા વિનંતી કરેલ. જૈનશાળાના જ્ઞાનદાતા દિવ્યાબેન સંઘવીનું બાળકોએ સન્માન કરેલ. એક વર્ષમાં પ્રતિક્રમણ કંઠસ્થ કરનારને વિનય-વિરાણી જૈનશાળાના બાળકોને પાંચ હજારનું ઈનામ અપાશે. આસપાસમાંથી આવનારને રિક્ષા સુવિધાની જાહેરાત કરવામાં આવેલ.

## વડિયામાં ગુરુપ્રાણ ગૌશાળામાં સહભાગી બનવા ઋણમુક્તિનો અમૂલો અવસર



ગોંડલ સંપ્રદાયના તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા. ની અસીમ કૃપાથી વડિયામાં ગુરુપ્રાણ ગૌશાળામાં ૪૫૦ જેટલી ગૌમાતાનું સુંદર સંવર્ધન થઇ રહેલ છે. પૂ. શ્રી ધીરગુરુદેવની પધરામણીથી અનેરો ઉલ્લાસ છવાયો હતો. આ ગૌશાળામાં એક લાખ અગિયાર હજારની કાયમી તિથિ યોજનામાં ૫૧ દાતાના નામની અપીલમાં જોડાવા અનુરોધ કરાયો છે. સંઘો, સંસ્થાઓ, દાતાઓ ગુરુ ઋણમુક્તિ માટે જોડાઇ શકશે.

વિરાણી બહેરા-મૂંગા શાળા સંકુલ, મહાવીર ભવન હોલ, જીવદયા ક્ષેત્રે માતબર દાન અર્પણ કરનારા અમેરિકાના જયંતભાઇ અને રંજનાબેન કામદારનું અભિવાદન કરવામાં આવેલ. આ પ્રસંગે પ્રશાંત વોરા, રાજેશ વિરાણી, જયશ્રી શાહ, વિમલ પારેખ, વિપુલ પંચમીયા ઉપસ્થિત હતા. તા. ૯ના હેમુગઢવી હોલમાં નવકાર જાપમાં અને તા. ૧૦ના ગુરુવારે મહાવીર જન્મ શોભાય પ્રસંગે પૂ. શ્રી. ધીરગુરુદેવ મંગલપાઇ ફરમાવશે.

## પ.પૂ. મુનિરાજજી શ્રી તીર્થસુંદરવિજયજી મ.સા.ની નિશ્રામાં કુંભ સ્થાપના

પ.પૂ. અધ્યાત્મયોગી આચાર્ય ભગવંત શ્રીકલાપૂર્ણસૂરિજી મ.સા.ના શિષ્યરત્ન પ.પૂ. પ્રશાંતમૂર્તિ આચાર્ય શ્રી તીર્થભદ્રસૂરિજી મ.સા.ના સુશિષ્ય ઓજસ્વી પ્રવચનકાર મુનિરાજજી શ્રી તીર્થસુંદરવિજયજી મ.સા. આદિ થાણા-૩ શ્રી સંભવનાથ સ્વામી જૈન મંદિરના શ્રી વાગડવિશા ઓસવાળ મૂર્તિ જૈન સંઘ દહિસર (પૂ)માં વિહાર કરતા ત્રણ દિવસ માટે પધાર્યા. એ દરમ્યાન શ્રી સંઘના સર્વાંગી પ્રગતિ માટે કુંભ સ્થાપના કરવામાં આવી હતી. શ્રાવક-શ્રાવિકાઓએ આયંબિલ પણ કર્યું હતું.

## હનુમાન જયંતી ઉત્સવ

દક્ષિણ મુંબઈના સિક્કાનગર નજીક, વી.પી. રોડ અને ડૉ. દેશમુખ લેનની કોર્નર પર આવેલા તુલસીદાસ મેન્શનમાં ૧૪૩ વર્ષ અગાઉ સ્વયંભૂ હનુમાન દાદા પ્રગટ થયા હતા. શ્રી સંકટમોચન હનુમાન મંદિરમાં ૧૨ એપ્રિલ શનિવારે શ્રી હનુમાન જયંતી ઉત્સવ મનાવવામાં આવશે. આ ઉત્સવનો લાભ લેવા ભક્તોને ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

## પદ્મશ્રી નૃત્યાંગના સિતારા દેવીનો ૩૧ મો મહોત્સવ સંપન્ન

મહાન નૃત્યાંગના સિતારા દેવી ગુરુકુળ, કલા કૃતિ કેન્દ્ર દ્વારા અંધેરીના ભારતીય વિદ્યા ભવનમાં ડાન્સ એમ્પ્રેસ પદ્મશ્રી સિતારા દેવી ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ૩૧મા મહોત્સવમાં દેશના ખૂણેખૂણેથી કલાકારોએ આવીને પોતાનું કળા-કૌશલ્ય દેખાડ્યું હતું.

# કૃત્રિમ રેતીની નીતિની રજૂઆત કરવાનો કેબિનેટનો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય કેબિનેટની બેઠકમાં વિવિધ મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા. રાજ્યમાં એમ સેન્ડ એટલે કે કૃત્રિમ રેતી અંગે એક નીતિ રજૂ કરવામાં આવશે અને આગામી કેબિનેટ બેઠકમાં તેની ચર્ચા કરવામાં આવશે. સિંધી સમુદાય અંગે પણ નિર્ણય લેવામાં આવ્યો છે. સિંધી સમુદાયે અત્યાર સુધીમાં સરકાર સમક્ષ ઘણી માગણીઓ કરી છે. હવે સરકારે આમાંની એક માગણી પર ગંભીર ધ્યાન આપ્યું છે. સરકારે સિંધી સમાજના વિસ્થાપિત લોકો માટે અભય યોજના શરૂ કરી છે. આ યોજના હેઠળ, સિંધી વિસ્થાપિત વ્યક્તિઓના ભાડાપટ્ટાને નિયમિત કરવા માટે એક ખાસ નીતિ લાગુ કરવામાં આવશે.

રાજ્યના મુખ્ય પ્રોજેક્ટ્સમાંથી રેતી કાઢવા અને તે પ્રોજેક્ટ્સની ક્ષમતા વધારવા માટે રાજ્ય મંત્રીમંડળમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારે હવે ભાગલા પછી વિસ્થાપિત થયેલા સિંધી સમુદાયના માલિકીના ઘરો અને સ્થાપનાઓને નિયમિત કરવાનો નિર્ણય લીધો છે. ચંદ્રશેખર બાવનકુળેએ આમાંથી કેટલાક નિર્ણયો વિશે મીડિયાને માહિતી આપી હતી.

કેબિનેટ બેઠકમાં સરકારના ૯ મોટા નિર્ણયો

૧) નાસિક, છત્રપતિ સંભાજીનગર, નાગપુર અને પુણેના મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીઝની હદમાં આવતી સરકારી જમીનો સંબંધિત અધિકારીઓને ટ્રાન્સફર કરવામાં આવશે, જેનાથી વિકાસ કાર્ય ઝડપી બનશે. (નગર વિકાસ)

૨) રાજ્યની રેતી અને રેતી ઉત્પાદન નીતિ-૨૦૨૫ જાહેર. (મહેસુલ વિભાગ)

૩) મહારાષ્ટ્ર ઝૂંપડપટ્ટી વિસ્તારો (સુધારા, નાબૂદી અને પુનર્વસન) અધિનિયમ-૧૯૭૧માં સુધારો કરવાનો નિર્ણય; ઝૂંપડપટ્ટી પુનર્વસનને વેગ મળશે. (ગૃહનિર્માણ)

૪) મ્હાડાની બે યોજનાઓ, બાંદ્રા રિક્લેમેશન અને આદર્શ નગર (વરલી) હેઠળ ઇમારતોનો સંયુક્ત રીતે સીએન્ડડીએ દ્વારા પુનઃવિકાસ કરવાનો નિર્ણય. (ગૃહનિર્માણ)

૫) સિંધી વિસ્થાપિત વ્યક્તિઓના ભાડાપટ્ટાને નિયમિત કરવા માટે નીતિ વિષયક વિશેષ અભય યોજના-૨૦૨૫ (મહેસૂલ)

૬) નાગપુરમાં રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સંસ્થાની સ્થાપના કરવામાં આવશે. (આપત્તિ વ્યવસ્થાપન, રાહત અને પુનર્વસન)

૭) ખાનગી અનુદાનિત આયુર્વેદ અને ખાનગી અનુદાનિત યુનાની સંસ્થાઓ (તબીબી શિક્ષણ અને ઔષધો)માં ગ્રુપ-બી, સી અને ડી કેડરમાં સરકાર દ્વારા માન્ય પદો ધરાવતા બિન-શિક્ષણ અધિકારીઓ અને કર્મચારીઓને પાછલી અસરથી એક અને બે લાભો સાથે 'સુધારેલી સેવામાં ખાતરીપૂર્વકની પ્રગતિ યોજના' લાગુ કરવાનો નિર્ણય.

૮) સરકારી આયુર્વેદ/હોમિયોપેથી/યુનાની/યોગ અને નેચરોપેથી કોલેજોમાં કરાર આધારિત શિક્ષકોને માસિક એક રકમનું મહેનતાણું નક્કી કરવામાં આવ્યું છે. (તબીબી શિક્ષણ અને ઔષધો)

૯) મહારાષ્ટ્ર ગ્રામ પંચાયત અધિનિયમ અને મહારાષ્ટ્ર જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિ અધિનિયમમાં સુધારા. (ગ્રામીણ વિકાસ)

## ઉત્તર ભારતીયના એક મનસેની નોંધણી રદ કરવાના કોર્ટમાં કેસથી પક્ષ ભડક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ મંગળવારે સુપ્રીમ કોર્ટમાં એક વ્યક્તિ દ્વારા પાર્ટીની નોંધણી રદ કરવાની માગણીનો કડક વિરોધ કર્યો અને કહ્યું હતું કે રાજ્યમાં ઉત્તર ભારતીયોને રહેવાની મંજૂરી આપવી કે નહીં તે અંગે વિચારણા કરવી પડશે. પક્ષના પ્રવક્તા અને મુંબઈ એકમના પ્રમુખ સંદીપ દેશપાંડેએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પરની પોસ્ટમાં ભાજપ પર પ્રાદેશિક પક્ષોને ખતમ કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો.

પત્રકારો સાથે વાત કરતા મુંબઈ સ્થિત ઉત્તર ભારતીય વિકાસ સેનાના સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, તેમણે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને મરાઠી ભાષાના ઉપયોગને લાગુ કરવા માટે બેંકો અને અન્ય સંસ્થાઓમાં પાર્ટીના તાજેતરના આંદોલનોને ધ્યાનમાં રાખતાં મનસેની નોંધણી રદ કરવાની માંગ કરી છે. દેશપાંડેએ પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે, 'એક ઉત્તર-ભારતીય કોર્ટમાં ગયા છે અને મનસેનું રાજકીય પક્ષનું રજિસ્ટ્રેશન કેન્સલ કરવાની માગણી કરી હતી. જો ઉત્તર ભારતીયો મરાઠી માણૂસની પાર્ટીને ખતમ કરવાનો પ્રયાસ કરશે તો અમારે તેમને મુંબઈ અને મહારાષ્ટ્રમાં રહેવા દેવા કે નહીં તેના પર વિચાર કરવો પડશે.

## થાણે પાલિકાની હૉસ્પિટલમાં નસબંધી સર્જરી પહેલાં મહિલાનું મોત

થાણે: મહારાષ્ટ્રના થાણે જિલ્લાની પાલિકા હોસ્પિટલમાં નસબંધીની પ્રક્રિયા પહેલા સમસ્યાઓ ઊભી થવાને કારણે એક ૩૦ વર્ષની મહિલાનું મૃત્યુ થયું હોવાનું હોસ્પિટલના એક અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું.

મહિલાના પરિવાર કલ્યાણ ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન (કેડીએમસી) દ્વારા સંચાલિત શક્તિધામ હોસ્પિટલ પર તબીબી બેદરકારીનો આરોપ કર્યો હતો. હોસ્પિટલના જણાવ્યા અનુસાર કલ્યાણ (પૂર્વ)ની રહેવાસી શાંતિ દેવીને ચોથી એપ્રિલે દાખલ કરવામાં આવી હતી.

હોસ્પિટલના સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે મહિલાની હાલત નબળી હોવાથી તેને લોહી ચડાવવામાં આવ્યું હતું અને સુધારણાના સંકેતો મળતા ડોક્ટરોએ સોમવારે સર્જરી કરવાનો નિર્ણય કર્યો હતો. જોકે એનેસ્થેસિયા અપાયા બાદ મહિલાની હાલત વધુ બગડી હતી અને ડોક્ટરની સલાહ અનુસાર તેને નજીકની એક પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ જવામાં આવી રહી હતી ત્યારે રસ્તામાં જ તેનું મૃત્યુ થયું હતું.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં મહિલાના પતિ અખિલેશ મૌર્યએ કડક કાર્યવાહીની માગ કરતા કહ્યું કે 'પાલિકા હોસ્પિટલના ડોકટરો પત્નીના મૃત્યુ માટે જવાબદાર છે.'

## પશ્ચિમ રેલવેની છપ્પરફાડ કમાણી: એસી લોકલે બખ્ખાં કરાવ્યા

મુંબઈ: પશ્ચિમ રેલવે પર દોડતી એર-કન્ડિશન્ડ (એસી) લોકલ ટ્રેનો ધીરે ધીરે મુસાફરોમાં લોકપ્રિય થઇ રહી છે અને આવકનું મુખ્ય સાધન બની છે. તે બિન-એર-કન્ડિશન્ડ ટ્રેનોની તુલનામાં પ્રતિ સેવા લગભગ ચાર ગણી વધુ કમાણી કરે છે. પશ્ચિમ રેલવે દ્વારા શેર કરાયેલા ડેટા અનુસાર, દરેક ઇલેક્ટ્રિક મલ્ટિપલ યુનિટ પ્રતિ સેવા સરેરાશ ૪૭,૮૬૩ રૂપિયાની આવક કરે છે, જ્યારે નોન-એસી લોકલ ટ્રેન સેવાઓ સેવા માત્ર ૧૩,૫૪૮ રૂપિયા કમાય છે. આ તફાવત મુંબઈ ઉપનગરીય નેટવર્કમાં મુસાફરોમાં એસી લોકલ ટ્રેનની વધતી જતી લોકપ્રિયતા અને નફાકારકતા દર્શાવે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં, આશરે ૪.૬૫ કરોડ મુસાફરોએ એસી લોકલ ટ્રેનોમાં મુસાફરી કરી હતી, જેનાથી લગભગ રૂ. ૨૧૫ કરોડ રૂપિયાની આવક થઈ હતી. આ પાછલા નાણાકીય વર્ષ (૨૦૨૩-૨૪) કરતાં નોંધપાત્ર ઉછાળો દર્શાવે છે, જ્યારે ૩.૬૪ કરોડ રૂપિયા મુસાફરોએ એસી ટ્રેનોમાં મુસાફરી કરી હતી, જેનાથી પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ વિભાગને રૂ. ૧૬૮ કરોડની આવક થઈ હતી.

દૈનિક મુસાફરોના આંકડામાં પણ વધારો થયો છે. માર્ચ ૨૦૨૪ માં, એસી લોકલમાં સરેરાશ દૈનિક મુસાફરોની સંખ્યા ૧,૦૮,૯૧૦ હતી. જે માર્ચ ૨૦૨૫ સુધીમાં, વધીને ૧,૬૩,૨૬૫ થઈ ગઈ હતી, જે મુંબઈના ઉપનગરીય મુસાફરોમાં એર-કન્ડિશન્ડ ટ્રેનોની વધતી જતી લોકપ્રિયતા દર્શાવે છે. પશ્ચિમ રેલ્વે હાલમાં અઠવાડિયાના દિવસોમાં ૧,૪૦૬ ઉપનગરીય સેવાઓ ચલાવે છે, જેમાંથી ૧૦૯ અઈ લોકલ ટ્રેનો છે, જ્યારે બાકીની ગજ્ઞક્ષ અઈ છે.

વાતાનુકૂલિત લોકલ ટ્રેનોમાં જ નહીં, પરંતુ પશ્ચિમ રેલ્વેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનની કુલ આવક પણ વધારો થયો છે. આ વિભાગે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં તેની અત્યાર સુધીની સૌથી વધુ લગભગ રૂ. ૪,૪૮૫ કરોડ જેટલી આવક કરી, જે બહુવિધ શ્રેણીઓમાં તેની અત્યાર સુધીની શ્રેષ્ઠ કમાણી છે. પશ્ચિમ રેલ્વેના જનરલ મેનેજર અશોક કુમાર મિશ્રાએ આ સીમાચિહ્ન પ્રાપ્ત કરવા બદલ ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

નવમા પાનાનું ચાલુ

### મુંબ્રામાં હિચકારી ઘટનાથી

જિલ્લાનો વતની મન્સૂરી હાલમાં મુંબ્રાના ઠાકુરપાડા ખાતેની ૧૦ મજલી ઈમારતના છઠ્ઠા માળે રહેતો હતો. પોલીસના જણાવ્યા મુજબ ઘટના સોમવારની રાતે ૧૧ વાગ્યે પ્રકાશમાં આવી હતી. બિલ્ડિંગના ડક્ટમાં કંઈ પડવાનો મોટો અવાજ સાંભળી અમુક રહેવાસીઓ દોડી આવ્યા હતા. ડક્ટની બારી ખોલીને ટોર્ચની મદદથી જોતાં બાળકી પડી હોવાનું નજરે પડ્યું હતું. રહેવાસીઓ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે ફાયર બ્રિગેડના જવાનોની મદદથી ડક્ટમાં લોહીલુહાણ હાલતમાં પડેલી બાળકીને બહાર કાઢી હતી. બેભાન બાળકીને કલવાની છત્રપતિ શિવાજી મહારાજ હૉસ્પિટલમાં લઈ જવાઈ હતી, જ્યાં તબીબે તેને મૃત જાહેર કરી હતી. આ પ્રકરણે પોલીસે શરૂઆતમાં એડીઆર નોંધ્યો હતો. જોકે બાળકીનાં શરીર પરનાં કપડાંની અવસ્થા અને ઇજાનાં નિશાન જોતાં પોલીસને શંકા ગઈ હતી. પોલીસે સોસાયટી કમ્પાઉન્ડમાં તપાસ કરતાં બાળકી એ જ સોસાયટીની અન્ય બિલ્ડિંગમાં રહેતી હોવાનું જણાયું હતું. ઘટના પૂર્વે બાળકી અન્ય બાળકો સાથે કમ્પાઉન્ડમાં રમતી હતી. પોલીસે બાળકોને વિશ્વાસમાં લઈ પૂછપરછ કરતાં યુવક રમકડાં અપાવવા બાળકીને સાથે લઈ ગયો હોવાનું જણાયું હતું. બાળકી જે ડક્ટ એરિયામાંથી મળી હતી તે બાજુ આવેલા બિલ્ડિંગના ફ્લૅટ્સમાં પોલીસે તપાસ કરી હતી. એ તરફના દરેક ફ્લૅટના બાથરૂમમાં તપાસ કરતાં મન્સૂરીના ફ્લૅટના બાથરૂમની બારી ખુલ્લી હોવાનું દેખાયું હતું. એ સિવાય તેના ફ્લૅટમાંથી બાળકીનાં અમુક કપડાં પણ મળી આવ્યાં હતાં. પોલીસે મન્સૂરીને તાબામાં લઈ પૂછપરછ શરૂ કરી હતી. બીજી બાજુ, પોસ્ટમોર્ટમના પ્રાથમિક અહેવાલમાં બાળકી સાથે દુષ્કર્મ કરાયાની ખાતરી થઈ હતી. ગરદન પર તીક્ષ્ણ હથિયારથી ઘા કરી બાળકીની હત્યા કર્યા પછી તેને ફેંકવામાં આવી હોવાનું અહેવાલમાં જણાવાયું હતું. પૂછપરછમાં આરોપીએ ગુનો કબૂલ્યો હોવાનો દાવો પોલીસે કર્યો હતો. મેલી મુરાદને ઇરાદે આરોપી બાળકીને તેના ફ્લૅટમાં લઈ ગયો હતો. કુકર્મ કર્યા પછી બાળકી તેની સાથે બનેલી ઘટનાની જાણ વડીલોને કરશે એ બીકે તેણે બાળકીની હત્યા કરી હતી.

### ૨૦૨૯ પછી પણ મોદી

તેઓ નિવૃત્ત થઈ રહ્યા છે તે સંદેશ આપી શકાય. મોદીના ઉત્તરાધિકારી વિશે નાગપુરમાં કરેલી તેમની અગાઉની ટિપ્પણીઓ વિશે પૂછવામાં આવતાં, ફડણવીસે મંગળવારે કહ્યું હતું કે, 'મેં કહ્યું છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ઉત્તરાધિકારી વિશે વિચારવાનો આ યોગ્ય સમય નથી, કારણ કે, ૨૦૨૯માં મોદી ફરીથી વડા પ્રધાન બનશે.' તેઓ મુંબઈમાં ઇન્ડિયા ગ્લોબલ ફોરમમાં બોલી રહ્યા હતા.

રાઉતે એવો દાવો કર્યો હતો કે મોદી કદાચ ૩૦ માર્ચે આરએસએસ મુખ્યાલયમાં 'સપ્ટેમ્બરમાં થનારી તેમની નિવૃત્તિની અરજી લખવા ગયા હતા.' ભાજપના નેતાઓને ૭૫ વર્ષની ઉંમરે નિવૃત્ત થવાના નિયમનો હવાલો આપતાં તેમની આ ટિપ્પણી હતી. પીએમ તરીકે ત્રીજા કાર્યકાળમાં રહેલા મોદી આ વર્ષે સપ્ટેમ્બરમાં ૭૫ વર્ષના થશે. એવું લાગે છે કે મોદીના વારસદારનો નિર્ણય આરએસએસ દ્વારા લેવામાં આવશે, તેથી જ મોદીને (આરએસએસ મુખ્યાલયમાં) બોલાવવામાં આવ્યા હતા અને ચર્ચાઓ થઈ હતી. સંઘની ચર્ચાઓ બંધ દરવાજા પાછળ થાય છે. સંકેતો ખૂબ જ સ્પષ્ટ છે. સંઘ આગામી નેતા નક્કી કરશે અને તે નેતા મહારાષ્ટ્રનો હોઈ શકે છે, એવો દાવો રાજ્યસભાના સભ્યે કર્યો હતો.

## એમ્બ્યુલન્સ સમયસર ન આવતા એમએલએ હોસ્ટેલમાં વૃદ્ધનું મૃત્યુ

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં ધારાસભ્ય માટેની એમએલએ હોસ્ટેલમાં રહેતા ૬૫ વર્ષીય વ્યક્તિ બીમાર પડતા, તેમનું મૃત્યુ થયુ. તેમને હોસ્પિટલમાં લઈ જવા માટે વારંવાર ફોન કરવા છતાં એમ્બ્યુલન્સ સમયસર પહોંચી ન હોવાનો દાવો પોલીસે કર્યો હતો. અધિકારીએ જણાવ્યું હતું કે, ચંદ્રકાંત ધોત્રેને હોસ્ટેલના એક રૂમમાં રાખવામાં આવ્યા હતા. પોલીસ વાહનમાં તેમને સરકારી હોસ્પિટલ લઈ જતી વખતે તેમનું મૃત્યુ થયું હતું. ધોત્રે મંત્રાલયમાં કોઈ કામ માટે મુંબઈમાં હતા અને ભાજપના ધારાસભ્ય વિજય દેશમુખને ફાળવવામાં આવેલા રૂમમાં રોકાયા હતા. રાત્રે લગભગ ૧૧.૩૦ વાગ્યે તેમણે ઉલટી અને છાતીમાં દુખાવો થવાની ફરિયાદ કરી હતી. બાદમાં સુરક્ષા ગાર્ડ્સ અને પરિસરમાં રહેલા સ્ટાફે એમ્બ્યુલન્સ સેવાને ફોન કર્યો હતો, પરંતુ વારંવાર ફોન કરવા છતાં, એમ્બ્યુલન્સ ન આવતા તેમને પોલીસ વાહનમાં સરકારી જી.ટી. હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું.

## કાળઝાળ ગરમી: વિદર્ભની શાળાઓને પરીક્ષા વહેલી લેવાનો કોર્ટનો આદેશ

મુંબઈ: રાજ્યમાં તાપમાનનો પારો ૪૪ ડિગ્રીએ પહોંચ્યો છે. વધતા તાપમાનને જોતા અદાલતે સ્કૂલોને આદેશ જારી કર્યા છે. નાગપુર ખંડપીઠે વધતા તાપમાનને ધ્યાનમાં રાખીને સંબંધિત જિલ્લાઓના શિક્ષણ અધિકારીઓને વિદર્ભની શાળાઓની પરીક્ષાઓ વહેલી તકે લેવા જણાવ્યું છે. શિક્ષણ અધિકારીઓએ શિક્ષણ વિભાગના વરિષ્ઠોની પરવાનગીથી સમયપત્રક નક્કી કરવા જણાવ્યું છે.

શિક્ષણ વિભાગે આ વર્ષની શરૂઆતમાં રાજ્યભરમાં એક જ દિવસે એક સાથે પરીક્ષાઓ લેવાનું નક્કી કર્યું હતું. શિક્ષણ વિભાગના આ નિર્ણયને કારણે વિદર્ભની શાળાઓની પરીક્ષાઓ એપ્રિલના અંત સુધી મુલતવી રાખવામાં આવશે.

# જૈન મરણ

### માંગરોળ જૈન

હાલ મીરારોડ, સ્વ. લીલાવતી ઈશ્વરલાલ શાહના પુત્રવધૂ તથા સ્વ.પ્રમોદચંદ્ર શાહના ધર્મપત્ની કલ્પનાબેન (કલાબેન) (ઉં. વ. ૮૧) ૮/૪/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે યોગિતા વિપુલભાઈ, રીના રાકેશભાઈ, દક્ષા રાકેશભાઈ, દેવિકા રાજેન્દ્ર, પ્રિતી પરેશભાઈ, સચિન તથા નિકુંજના માતુશ્રી. દિપકના ભાભી. પિયરપક્ષે સ્વ.જયાબેન ભગવાનદાસ શાહ માંગરોળના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

નરેડીના મનોજ મુરજી શાહ (નાગડા) (ઉં. વ. ૪૫) તા. ૭-૪-૨૫ના અવસાન પામેલ છે. મુલબાઈ મુરજીના સુપુત્ર. વનિતાના પતિ. અંકિત, ઉર્વીના પિતા. હીના, કિર્તી, વનિતાના ભાઈ. બાંભડાઇના ચંચળબેન કલ્યાણજી સોનીના જમાઈ. પ્રા. શ્રી માટુંગા કચ્છી શ્વે.મૂ. જૈ. સંઘની નારાણજી શામજી વાડી, ૨જે માળે, માટુંગા (સે.રે.) ટા. ૪ થી ૫.૩૦. નિ. મુરજી નાગડા, જય જલારામ ફરસાણ માર્ટ, લોણઘર, અલિબાગ -૪૦૨૨૦૯.

નરેડીના સુંદરજી નરશી (ગાભુભાઈ) ગાલા (ઉં. વ. ૮૧) તા. ૭-૪-૨૫ના અવસાન પામેલ છે. આશાબેનના પતિ. લીલબાઈ નરશીના પુત્ર. સ્વ. નયના (પ્રીયા), રશ્મી, પરેશ, ભાવેશના પિતા. શામજી, લક્ષ્મીબેન મેઘજીના ભાઈ. રાયધણજર રતનબેન શીવજીના જમાઈ. પ્રા. શ્રી મા.ક.શ્વે.મુ.જૈન સંઘ નારાણજી શામજી વાડી, ૧લે માળે, માટુંગા (સે.રે.) ટા. ૪ થી ૫.૩૦. ત્વચાદાન કરેલ છે. નિ. સુંદરજી નરશી ગાલા, આસ્થા, તાંબેનગર, મુલુંડ (વે).

મેરાવાના દેવકાબેન શીવજી ગંગર (ઉં. વ. ૯૫) ૭-૪-૨૫ના અવસાન પામેલ છે. ચોથીમા રણશી વજપારના પુત્રવધૂ. સ્વ. શીવજીના ધર્મપત્ની. બાડા વેલબાઈ પુંજાના સુપુત્રી. પ્રેમજી પુંજાના બેન. સ્વ. રમેશ, ધીરજ, રમીલા (રીમા)ના માતુશ્રી. પ્રાર્થના રાખેલ નથી. નિ. ધીરજ ગંગર, કુકરેજા કોમ્પલેક્ષ, ૭-એ-૯૦૨, આગ્રા રોડ, ભાંડુપ (વે) ૭૮.

### વિશા ઓશવાલ જૈન

સમૌ નિવાસી, હાલ જુહુ હંસાબેન મહેન્દ્રભાઇ નાથાલાલ શાહના સુપુત્ર નિરજભાઇ (ઉં. વ. ૪૮) સોમવાર, તા. ૭-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ડો. સોનલબેનના પતિ. રુત્વી-જશના પિતા. જીગરભાઇ-શીતલબેન, મોનિકા-અપૂર્વભાઇ શાહના ભાઇ. સમૌ નિવાસી શેઠ જગદીશભાઇ પોપટલાલ શાહના જમાઇ. મયુર-સેજલ, ગૌરવ-મેઘનાના બનેવી. ભાવયાત્રા બુધવાર, તા. ૯-૪-૨૫ના ૨થી ૪. ઠે. જલારામ હોલ, જુહુ સ્કીમ, વિલેપાર્લે (વેસ્ટ).

### દશા શ્રીમાળી દેરાવાસી જૈન

અમરેલી નિવાસી હાલ વસઇ સ્વ. રમણીકલાલ કેસવલાલ ઉદાણીના ધર્મપત્ની ગં. સ્વ. સરલાબેન (ઉં. વ. ૮૧) તા. ૭-૪-૨૫ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે રાજેશ, વિપુલ, છાયા, નીતાના માતુશ્રી. સ્વ. સંગીતા, પૂર્વી, દર્શકકુમાર, પરેશકુમારના સાસુ. સ્વ. રતીભાઇ, રવીભાઇ અમૃતલાલ, ચારુબેનના ભાભી. રૂષભ, પાર્થ, ઇશિતાના દાદી. પીયર પક્ષ સ્વ. કેશવલાલ જગજીવનદાસ વાઘાણીના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### કચ્છી દશા શ્રીમાળી વણિક જૈન

કચ્છ અંજાર હાલ ચેમ્બુર સ્વ. પ્રવીણચંદ્ર હીરાલાલ દલાલના ધર્મપત્ની અનિલાબેન (ઉં. વ. ૮૪) તે સ્વ. મોતીલાલ કલ્યાણજી શાહના સુપુત્રી. નયના, નિમિષ, વિભા તથા પલ્લવીના માતુશ્રી. રાજુ, ભાવના, હેમેન્દ્ર, હેતલના સાસુ. સ્વ. ચંદુભાઇ, સ્વ. વિનુભાઇ, દિનેશભાઇ, સ્વ. કુસુમબેન ચંદ્રકાન્ત મહેતાના બેન. તે પારિજાત-પાર્થ, દુરિતા-હિમાંશુના દાદી, શનિવાર તા. ૫-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

# પારસી મરણ

હોશંગ બમનશા બેંગાલી તે મરહુમ હોમાયના ધની. તે મરહુમો મેહરજી બમનશા બેંગાલીના દીકરા. તે મરહુમ ખુરશીદ એરમી ઇરાની, આબાન વી. પટેલ, કેરસી હોશંગ બેંગાલીના પપા. તે એરમીન વીસતાસપ ને મનીના સસરા. તે મરહુમો ખોરદાદ ને મની કેરાવાલાના ભાઇ. તે ઝીનીયા ને પરસીયસ ના મમાવા. (ઉં. વ. ૯૫) રે. ઠે. આદરબાદ બિલ્ડિંગ, ફલેટ નં.૪૨, ૩૨ હ્યુજીસ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭.

બેહરોઝ કેકી દોસાભાઇ તે મરહુમ કેકીના ધનિયાની. તે મરહુમો પેરીન નરીમાન પુનાવાલાના દીકરી. તે આબાન, રુઝબે તથા મરહુમો જમશેદ ને આરમીનના માતાજી. તે ગુલશન ને મરહુમો બમન ને જીમીના સાસુ. તે બીનાઇફર, રોની, સનોબર ને યઝદના મમઇજી. તે બેહનાઝના બપઇજી. (ઉં. વ. ૯૪) રે. ઠે. ૧૧૦૧/બી શાશ્વત બિલ્ડિંગ, ગરતન પાડા-૨, મહારાજા હોટેલ સામે, દહીંસર (ઇ), મુંબઇ-૪૦૦૦૬૮. ઉઠમણાંની ક્રિયા: તા. ૯-૪-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે, સેથના અગિયારીમાં છેજી.

# હિન્દુ મરણ

### હાલાઇ લોહાણા

મૂળગામ જામખંભાળિયા હાલ કાંદિવલી, સ્વ.લીલાવંતીબેન જીવણદાસ ઠક્કર (પાબારી)ના પુત્ર ડો.રમેશભાઈ ઠક્કર (પાબારી) (ઉં. વ. ૭૯) ૭/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.ગંગાબેન ગોરધનદાસ પંચમતીયાના જમાઈ. સવિતા, સુરેશ, પ્રવીણ તથા અ.સૌ.સુધાબેન હિંમતલાલ કક્કડના ભાઈ. ડો. નિરંજનાબેનના પતિ. હિમાંશુના પિતા. તેજલના સસરા. પ્રાર્થનાસભા ૧૦/૪/૨૫ના ૧૦ થી ૧૨. હાલાઇ લોહાણા મહાજનવાડી, શંકરમંદિર પાસે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

### ગામડિયા દરજી

મૂળ ગામ વેસ્મા હાલ ચેમ્બુર સ્વ. ડાહ્યાભાઇ રઘાભાઇ ટેલરના પુત્ર કાંતિલાલ (ઉં. વ. ૭૫) તા. ૨-૪-૨૫ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રોહિણીબેનના પતિ. હેમંત, શૈલેષ અને પિંકીના પિતા. હર્ષાબેનના સસરા. પ્રાર્થનાસભા તા. ૧૩-૪-૨૫ના ૪થી ૬. ઠે. જોશી જહાગીર હોલ, સહાર રોડ, પારસીવાડા, ચકાલા, અંધેરી (પૂર્વ).

### જંબુસર વિશા લાડ વણિક

મુંબઇ નિવાસી હાલ જામનગર મહેન્દ્રભાઇ સુંદરલાલ તલાટી (દેખતાવાલા)ના પત્ની પ્રતિભાબેન (ઉં. વ. ૮૧) તા. ૫-૪-૨૫ જામનગર ખાતે શ્રીજીચરણ પામ્યા છે. તે હિતેશ-દેવાંગના માતુશ્રી. ભાવિષા અને ફોરમના સાસુ. સ્વ. જયાબેન વ્રજલાલ કાપડિયાના પુત્રી. સ્વ. ચંદ્રવદનભાઇ, પ્રવીણભાઇ, નરેશભાઇ દેખતાવાલા, જયોત્સનાબેન, ઉષાબેન, રંજનબેન, કૈલાશબેન, કલ્પના (સ્વ.સુધા)ના ભાભી. સ્વ. પ્રવીણભાઇ, સ્વ. પ્રફુલભાઇ, ગીતાબેન, સ્વ. વાસંતીબેન, અરુણાબેન અવનીશભાઇ શાહના બેન. પ્રાર્થનાસભા તા. ૧૦-૪-૨૫ના ૫થી ૭. ઠે. લોહાણા બાલાશ્રમ, મથુરાદાસ એકસટેન્શન રોડ, અતુલ ટાવર પાસે, મંગુ દત્તાણી માર્ગ, કાંદિવલી (વેસ્ટ).

### દશા મોઢ માંડલિયા વણિક

મૂળ ગામ જસદણ હાલ મુંબઇ દર્શના ભૂપેન્દ્રભાઇ અંબાણી (ઉં. વ. ૫૯) તે સ્વ. માધવીબેન તથા ભૂપેન્દ્રભાઇ અંબાણીની સુપુત્રી તા. ૬-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે મુકેશ તથા ચંદ્રેશની બહેન. મિતાલી, સુવર્ણાની નણંદ. પ્રતિક-વરુણ- રક્ષિતા-અદિત-આર્યનની ફૂઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

### કચ્છી લોહાણા

સ્વ. લક્ષ્મીબેન મુલજી વાલજી ઘુંઘટ ગામ મુરુવાળા હાલ મુલુંડના પુત્ર અશ્વિનભાઇ (ઉં. વ. ૬૮) ઉષાબેનના પતિ. સ્વ. રામજીભાઇ દામજીભાઇ ગટા ગામ કોજાચોરા હાલ શાહપુરવાળાના જમાઇ. નિયતિ નિખિલ દૈયા તથા ફાલ્ગુની દિનેશ જૈનના પિતાશ્રી. સરલા અશોક પૂંજાણી, સ્વ. દિનેશ (મહેન્દ્ર), નયના સુનિલ સેજપાલ, હંસા ભરત ઠક્કર, મહેશ તથા પ્રદીપના ભાઇ. તે ઓમ, ભક્તિ, આસ્થાના નાના. તા. ૭-૪-૨૫ સોમવારના શ્રીરામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા બુધવાર, તા. ૯-૪-૨૫, ૫થી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજનવાડી, પવાણી હોલ, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

### કપોળ

ઘોઘા નિવાસી હાલ વિરાર સ્વ. જયોતિબેન અને સ્વ. સુરેશભાઇ માધવદાસ શેઠના પુત્ર ધીરેન (ઉં. વ. ૫૯) તા. ૮-૪-૨૫ મંગળવારે શ્રીજીચરણ પામ્યા છે. તે રૂપાના પતિ. વિજય, અજયના પિતા. મલ્લિકા ભાવેશ મહેતાના ભાઇ. કરણના મામા. મોસાળ પક્ષે રાજુલાવાળા સ્વ. ચંપકલાલ પ્રેમજી મહેતાના ભાણેજ. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

### કચ્છી ભાટિયા (બેરાઇ)

ગં. સ્વ. ઉર્મિલા આશર (ગુજજુબેન) (બા) (ઉં. વ. ૭૯) તે સ્વ. જમનાદાસ નરશી આશરના ધર્મપત્ની. અશોકભાઇના ભાભી. સ્વ. લાજવંતી, સ્વ. જયેશ, સ્વ. કમલેશના માતુશ્રી. હિરલ, હર્ષ, હેમા, નીરવના દાદી. સ્વ. દમયંતી કરસનદાસના પુત્રી. સ્વ. પ્રવીણ, સ્વ. ઇંદુમતી, સ્વ. નારાયણદાસ, સ્વ. નરેન્દ્ર તથા યોગેશ (રાજા)ના બહેન તા. ૭-૪-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૦-૪-૨૫ના ૬થી૭. ઠે. હાલાઇ ભાટીયા મહાજનવાડી, કાલબાદેવી રોડ, મુંબઇ-૨. પ્રાર્થનાસભા પછી લૌકિક વ્ય. બંધ છે.

### રાજય પુરોહિત બ્રાહ્મણ જ્ઞાતિ

ગૌતમભાઇ વજેશંકર જોશીના ધર્મપત્ની અ. સૌ. ભારતીબેન જોશી (ઉં. વ. ૬૫) મૂળ ગામ સીસાગ હાલ અંધેરી તા. ૭-૪-૨૫ના કૈલાસવાશી થયેલ છે. તે મેહુલભાઇ, અમીતભાઇના માતુશ્રી. મિતાબેન તથા ખુશ્બુબેનના સાસુમા. મધુરા અને આર્યાના દાદીમા. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૦-૪-૨૫ ૪થી ૬. ઠે. ૧લે માળ, વિશ્વેશ્વર ભવન, સન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લે (વેસ્ટ).

### નાઘેર દશા મોઢ માંડલિયા વણિક

સનખડા નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. શારદાબેન બિહારીલાલ શાહના સુપુત્ર અતુલ (ઉં. વ. ૬૮) સ્વ. નિશાબેનના પતિ. હાર્દિકના પિતા. સ્વ. ચારુદતભાઇ, ભવદીપ તથા ધ્રુમનબેન બિપીનચંદ્ર રાવલના ભાઇ. સુરેશભાઇ, જીતુભાઇ, દિનેશભાઇ દોશીના બનેવી. ચેતનાબેનના દિયર. બીજલના જેઠ. રવિવાર, તા. ૬-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૦-૪-૨૫ના ૫થી ૭. ઠે. જલારામ હોલ, એન.એસ. રોડ, જેવીપીડી, જુહુ સ્કીમ, મુંબઇ-૪૯.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com



## ટેરિફના તાંડવથી ભારત કેટલું સુરક્ષિત?

### કવાયત ટેરિફ વોરના પડકારને ટ્રેડ ડીલમાં રૂપાંતરિત કરવાની

અમેરિકન પ્રેસિડેન્ટ ટ્રમ્પે આખરે તેના તર્ક વગરના અને સૌને પાયમાલી તરફ દોરી જનારા તઘલખી વિચારોને સત્તાની ગોફણમાં ભેરવીને વૈશ્વિક અર્થતંત્રને માથે રેસિપ્રોકલ ટેરિફને નામે પછાડી જ દીધા છે. ટ્રમ્પ પાસે ખરેખર આ રીતે ટેરિફ લાદવાની સત્તા છે કે નહીં તે અંગે ક્યાંક કાનૂની ખટલા ચલાવવાનો ધીમો ચણભણાટ સંભળાઇ રહ્યો છે, પરંતુ અત્યારે તો વૈશ્વિક ટ્રેડ વોરના મંડાણ થઇ ગયા છે.

આ તરફ ચીને ટ્રમ્પની ટેરિફની જાહેરાતના ૪૮ જ કલાકામાં અમેરિકાની તમામ આયાત પર ૩૪ ટકા ટેરિફનો વળતો ઘા કરીને ગ્લોબલ ટ્રેડ વોર નવાં જોખમી સ્તરે પહોંચાડવાની દિશામાં પહેલુ પગલું માંડી દીધું છે. આની સામે ટ્રમ્પે એવી ચીમકી ઉચ્ચારી છે કે જો ચીન આ લખાઇ રહ્યું છે ત્યારે, એટલે કે આઠમી માર્ચ સુધીમાં ઉક્ત ટેરિફ પાછી નહીં ખેંચે તો અમેરિકા તેની સામે ૫૦ ટકાની ટેરિફ ઝીંકશે. ચીને વળી આનો પણ સ્પષ્ટ પ્રત્યુત્તર આપ્યો છે કે તે અમેરિકાની કોઇપણ બ્લેક મેઇલિંગને વશ નહીં થાય. ચીને તો અગાઉ પણ અમેરિકાને સીધો પડકાર આપ્યો હતો કે ચીન અમેરિકાને નાણાકીય કે અથવા જે કોઇ પ્રકારનું યુદ્ધ જોઇતું હોય તો તેનો સામનો કરવા તૈયાર અને સક્ષમ છે!

આ શત્રુ દેશ માટે ભારોભાર તિરસ્કાર ઉભરાતો હોવા છતાં તેની આ વાત ગમી છે. વાસ્તવમાં ખૂદ અમેરિકાના અર્થતંત્ર માટે પણ આ પગલું નકારાત્મક છે. ટ્રમ્પની રેસિપ્રોકલ ટેરિફની જાહેરાત બાદ માત્ર બે દિવસમાં વોલ સ્ટ્રીટના માર્કેટ કેપિટલમાં પાંચ ટ્રિલિયન ડોલરનું ધોવાણ નોંધાયું હતું.

અમુક ઇન્વેસ્ટર્સ ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટની આશા સેવી રહ્યાં હતાં કારણકે ટ્રમ્પ એ માટે પોવેલ પર દબાણ કરી રહ્યાં છે. જોકે, પોવેલે ફરી સોશિયલ મીડિયામાં અર્થતંત્રની મંદી અને ઇન્ફલેશન વધવાની ચિંતા વ્યક્ત કરી હોવાથી એ આશા પર પાણી ફરી વળ્યાં છે. ભારતની વાત કરીએ તો ટ્રમ્પે ભારત પર ૨૬ ટકા રેસિપ્રોકલ ટેરિફ લાદવાની જાહેરાત સાથે ફાર્મા સેકટર બાકાત રહેવાની આશા પર પાણી ફેરવતા કહ્યું હતું કે વહેલી તકે ફાર્માસ્યુટિકલ સેકટર પર પણ ટેરિફ લાદવામાં આવશે.

એક ચીને આપેલા પ્રતિપડકારને બાદ કરતા, મોટાભાગના દેશ અમેરિકા સાથે વાટાઘાટો કરવા તેયાર થઇ ગયા છે, બીજા શબ્દોમાં ઘૂંટણીયે પડી ગયા છે. ભારતે આ દિશામાં ... એટલે કે ટ્રેડ નેગોશિએશન માટે સૌથી પહેલી શરૂઆત કરી હતી. ભારતે ટેરિફ વોરના પડકારને ટ્રેડ ડીલમાં રૂપાંતરિત કરવાની કવાયત શરૂ કરી છે અને સરકારના દાવા અનુસાર તેમાં સફળતા પણ મળી છે.

ટ્રમ્પે દુનિયાના અનેક દેશો સામે ટેરિફની જાહેરાત કરી ટ્રેડ વોરનું રણશિંગું ફૂંક્યુ ત્યારબાદ એશિયા, યુરોપ તથા અમેરિકાના શેરબજારમાં જોરદાર મંદીનો ભૂકંપ આવ્યો અને તેમાં ભારતીય શેર બજારમાં પણ લાખો કરોડ રૂપિયાનું ધોવાણ થઇ ગયું. ભારત સરકાર પર અમેરિકા સાથે ટ્રેડ એગ્રીમેન્ટ કરવાનું દબાણ વધી રહ્યું છે.

એવા સંજોગોમાં ભારતના વિદેશ ખાતાના પ્રધાન એસ. જયશંકરે ઉપલબ્ધ અહેવાલો અનુસાર અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો સાથે અમેરિકા અને ભારત વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર અંગે કરેલી વિસ્તૃત ચર્ચામાં બંને પક્ષે વહેલામાં વહેલી તકે વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવાની સંમતિ દર્શાવી નોંધાવી હોવાના અહેવાલ છે.

#### ટેરિફના ટેરર સામે ડ્રેગનનો ફૂંફાડો

વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થા અમેરિકા અને ચીન વચ્ચે તણાવ વધી રહ્યો છે. સોમવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ચીન પર વધારાના ૫૦ ટકા ટેરિફ લાદવાની ધમકી આપી હતી. ચીને પણ જવાબ આપતા કહ્યું છે કે જો અમેરિકા ચીની સામાન પર વધુ ૫૦ ટકા ટેક્સ લાદશે તો તે બદલો લેશે. ચીને કહ્યું કે પોતાના અધિકારો અને હિતોની રક્ષા માટે આવું કરશે.

ચીનના વાણિજ્ય મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે અમેરિકા દ્વારા ચીન પર કહેવાતા પારસ્પરિક ટેરિફ લાદવામાં આવે છે તે સંપૂર્ણપણે ખોટું છે. આ એક પ્રકારનું બ્લેક મેઇલિંગ છે. ચીને આ પહેલા પણ વળતી ટેરિફ લગાવી છે.

મંત્રાલયે સંકેત આપ્યો હતો કે વધુ ટેરિફ લાદવામાં આવી શકે છે. ચીનના મંત્રાલયે કહ્યું કે ચીન દ્વારા લેવામાં આવેલા વળતા પગલાંનો હેતુ તેની સાર્વભૌમત્ત્વ, સુરક્ષા અને વિકાસના હિતોની રક્ષા કરવાનો છે. ઉપરાંત, સામાન્ય આંતરરાષ્ટ્રીય વેપાર વ્યવસ્થા જાળવી રાખવી પડશે. આ સંપૂર્ણપણે ન્યાયી છે. ચીન પર ટેરિફ વધારવાની અમેરિકાની ધમકી એક બીજી ભૂલ છે. આ ફરી એકવાર અમેરિકાના બ્લેક મેઇલિંગની પ્રકૃતિને સ્પષ્ટ કરે છે. ચીન આ ક્યારેય સ્વીકારશે નહીં. જો અમેરિકા મનસ્વી રીતે કામ કરશે તો ચીન અંત સુધી લડશે.

નોંધનીય છે કે અમેરિકાથી બ્રેન્ડન લીંચ પ્રતિનિધિમંડળ સાથે હાલમાં જ ભારત સાથે ટેડ ડીલ અંગે ચર્ચા કરવા માટે દિલ્હી આવ્યા હતા. ટૂંકમાં એ વાત સ્રપષ્ટ છે કે ટ્રમ્પ વહીવટી તંત્ર દ્વારા ભારતમાંથી અમેરિકામાં થતી નિકાસ પર ૨૬ ટકા ટેરિફ લદાયા બાદ ભારત દ્વારા જવાબી કાર્યવાહીની શક્યતા ઓછી છે. ભારત દ્વિપક્ષીય વેપાર સમજૂતીને વહેલામાં વહેલી તકે અંતિમ સ્વરૂપ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

બીજી તરફ કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલે એક ઔદ્યોગિક સંગઠનની સભાને સંબોધતા એવો દાવો કર્યો છે કે યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા તેની તાજેતરની જાહેરાતને પગલે વૈશ્વિક બજારોમાં ઊથલપાથલ વચ્ચે ભારતના ઉદ્યોગોને ફાયદો થશે. પત્રકારો સાથે વાત કરતા, ગોયલે ટેરિફની જાહેરાત અંગે કહ્યું હતું કે સરકાર અભ્યાસ કરી રહી છે અને ભારત આ પરિસ્થિતિને એક તક તરીકે જુએ છે. અમને વિશ્વાસ છે કે નવી પરિસ્થિતિમાં ભારતને ફાયદો થાય એવા સમીકરણો ગોઠવાશે.

સરકારે સત્તાવાર ધોરણે પ્રસાર માધ્યમોને જણાવ્યું છે કે, ભારત અમેરિકા પર સામો ટેરિફ લાદશે નહીં. અમે દ્વિપક્ષીય વેપાર કરારો પર ધ્યાન કેન્દ્રિત કરતાં આ મુદ્દો ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. ટેરિફ મુદ્દે યોગ્ય ઉકેલ લાવવા પ્રયત્નશીલ છીએ. કેન્દ્ર સરકારના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ટ્રમ્પ દ્વારા ગયા સપ્તાહે હસ્તાક્ષર કરવામાં આવેલા એક્ઝિક્યુટીવ ઓર્ડરમાં અમે એક મુખ્ય કલમ પર આધાર રાખી રહ્યા છીએ. જે બિન-પરસ્પર વેપાર વ્યવસ્થાઓમાં સુધારા માટે મહત્ત્વપૂર્ણ પગલાં લેનારા દેશોને રાહત આપે છે.

ભારતને રાહત છે કે, તે અમેરિકા સાથે વેપાર કરાર પર વાટાઘાટો શરૂ કરનારા પ્રથમ દેશોમાંનો એક છે. તેમજ ભારત કરતાં અન્ય એશિયન દેશો જેમ કે ચીન (૩૪ ટકા), વિયેતનામ (૪૬ ટકા) અને ઇન્ડોનેશિયા (૩૨ ટકા) ઊંચા ટેરિફથી પ્રભાવિત થયા છે.

ટ્રમ્પે ફાર્માસ્યુટિકલ સેક્ટરને ટેરિફમાંથી મુક્તિ આપી છે. ભારત અમેરિકામાં આ પ્રોડક્ટ્સનો મોટોપાયે સપ્લાય કરે છે. અલબત્ત, બીજી તરફ ઈલેક્ટ્રોનિક્સ, ઓટો પાર્ટસ, ટેક્સટાઈલ્સ, જેમ્સ અને જ્વેલરીની નિકાસ પ્રભાવિત થશે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## પશ્ચિમ એશિયામાં હવે તુર્કી વિરુદ્ધ ઈરાન



વેસ્ટ એશિયામાં ઉકળતા ચરુ જેવી સ્થિતિ છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના અણુ સમજૂતી કરવાના ધમકીભર્યા પત્રને ઈરાને કચરા ટોપલીમાં ફગાવી દીધો છે. ટ્રમ્પે તો ઈરાન પર બૉમ્બમારો કરીને ઈરાનને નકશામાંથી ગાયબ કરવાની ધમકી આપી છે, પરંતુ ઈરાન પર આની કોઈ અસર પડી નથી. ઈરાને તો ટ્રમ્પે કરેલા જૂના વિશ્વાસઘાતને ધ્યાનમાં રાખીને સીધી વાતચીત કરવાની ના પાડીને અમેરિકાનું નાક કાપ્યું છે. ઈરાને કહ્યું છે કે અમે ઓમાનના માધ્યમથી વાતચીત કરીશું. ઈરાન અને અમેરિકા બન્નેએ યુદ્ધની તૈયારી સંપન્ન કરી દીધી છે. અમેરિકાએ તેના યુદ્ધ વાહક જહાજો, બૉમ્બર, સૈનિક તહેનાત કરી દીધા છે.

ઈરાને તો અત્યારથી જ વળતા હુમલાની બધી તૈયારી કરી છે. ઈરાનના સુપ્રીમ લીડર ખામેનીએ તો કહ્યું છે કે ટ્રમ્પ ચૂંટણી વખતે તો કાનમાં ગોળી વાગવાથી બચી ગયા હતા, પરંતુ હવે એમની સડેલી ખોપડીમાં ગોળી મારવાનો સમય પાકી ગયો છે!

બીજી બાજુ સત્તાલાલસુ બેન્જામિન નેતન્યાહુ અમેરિકાની મુલાકાતે ગયા છે. બેન્જામિન અને ટ્રમ્પની મુલાકાત ઈરાન સામે હુમલો ક્યારે કરવો એ નક્કી કરશે. રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને તો અમેરિકાને ધમકી આપી છે કે જો ઈરાન પર હુમલો કરશે તો આના ભયંકર પરિણામ આવશે. અમેરિકા અને ઈરાન બન્ને હથિયાર ધારદાર સજાવીને બેઠા છે અને એકાદ ભડકો મિડલ ઈસ્ટમાં મહાયુદ્ધને નોતરશે.

આટલું અધૂરુ હોય એમ, સીરિયાના મુદ્દે ઈઝરાયલ અને તુર્કી વચ્ચે તંગદિલી વધતી જાય છે. હવે તમને સવાલ થશે કે કોઈ ત્રીજા દેશ માટે આ બન્ને દેશો શા માટે લડે છે? આનું એક કારણ એ છે કે છેલ્લાં ૫૦ વર્ષથી રાજ કરતા બશર-અલ-અસદના કુટુંબના ૫૦ વર્ષના શાસનનો અંત આવ્યો છે. સરમુખત્યાર અસદને અમેરિકાએ તુર્કી અને ઈઝરાયલની મદદથી ઉથલાવી નાખ્યા. અસદને ટેકો આપતું રશિયા યુક્રેન સાથેના યુદ્ધમાં વ્યસ્ત હોવાથી અગાઉની જેમ અસદને મદદ કરી શક્યું નહીં. ઈરાનના સૈનિકો અને જનરલો પણ બળવાને રોકી શક્યા નહીં. અસદ તો રશિયા ભાગી ગયા, પરંતુ એમની સામે બળવો કરનાર અલગ જૂથ હતા અને એમની વચ્ચે સંપ નથી. હયાત તાહિર અલ-શામના ૧૨ દિવસના હુમલા બાદ અશદની હકૂમત ભાંગી પડી. આ સુન્ની સંગઠન છે અને તેનું નેતૃત્વ અબુ મોહમ્મદ અલ જુલાની કરે છે. આ સંગઠનને તાલીમ અને ટેકો તુર્કીએ આપ્યો હતો. હયાતે સીરિયાને આઝાદી મળી હોવાનો દાવો કરીને પહેલાં મોહમ્મદ ગાઝી અને પછી એહમદ-અલ-શારાને સત્તામાં બેસાડ્યા છે. આમ છતાં આંતરવિગ્રહ ચાલુ છે. હયાત હજી પણ અસદના વફાદારો સાથે લડી રહ્યું છે અને અનેક માણસોના જાન આમાં જાય છે. અમેરિકાનો ટેકો ધરાવતા સંગઠન સિરિયન ડેમોક્રેટિક ફોર્સીસ (એસડીએફ)નું ઈશાન સીરિયામાં પ્રભુત્વ છે. જોકે આને તુર્કી સમર્થિત એસએનએ સાથે અથડામણ થાય છે. સીરિયામાં શહેરી કેન્દ્રો પર હયાતનો દબદબો છે.ઉત્તરના વિસ્તારમાં તુર્કીનું વર્ચસ્વ છે. પૂર્વ સીરિયા પર એસડીએફનું પ્રભુત્વ છે. ૧૪ વર્ષમાં સીરિયામાં ચારથી છ લાખ લોકો મરણ પામ્યા છે અને ૧.૩ કરોડ લોકો વિસ્થાપિત થયા છે.

અસદના પતન પછી ઈઝરાયલે આઠ ડિસેમ્બર, ૨૦૨૪એ સીરિયાના લશ્કરી સ્થળો પર હુમલો કર્યો હતો, જેથી હિંસક જૂથને ઉપકરણો ન મળે. ઈઝરાયલે ગોલન હાઈટ નજીકના સંયુક્ત રાષ્ટ્રસંઘના બફર ઝોનમાં કબજો જમાવ્યો હતો. ઈઝરાયલે તાજેતરમાં સીરિયાનાં ચાર લશ્કરી હવાઈમથકો પર હુમલા કર્યા હતા, જેથી તુર્કી ત્યાં પગદંડો ન જમાવી શકે. ઈઝરાયલને તુર્કી પર જરા પણ વિશ્વાસ નથી. ઈઝરાયલ માને છે કે તુર્કીને મુસ્લિમ બ્રધરહુડ સાથે મજબૂત નાતો છે. ઈઝરાયલ સીરિયામાં તુર્કીનો પ્રભાવ વધે એમ ઈચ્છતું નથી. બીજી બાજુ તુર્કીના સુલતાન ઈર્ડોગેન સીરિયામાં તેની લશ્કરી અને આર્થિક તાકાત વધારવા માગે છે. તુર્કી વર્ષોથી સીરિયામાં સુરક્ષા ઝોન ધરાવે છે.જેથી તેની વિરુદ્ધ કામ કરતાં કુર્દીશ બળવાખોરો પર અંકુશ મૂકી શકાય. તુર્કી 'નાટો'નું સભ્ય છે. તે મિડલ ઈસ્ટ અને આફ્રિકાના આઠ દેશમાં લશ્કરી મથકો ધરાવે છે. આમાં ઉત્તર ઈરાક, ઉત્તર સીરિયા, સોમાલિયા, કતાર, ચાડ અને ઉત્તર સાઈપ્રસનો સમાવેશ થાય છે. તુર્કી મેડિટેરિયનની ગેસ ફિલ્ડ પર કબજો જમાવવા માગે છે. તુર્કીએ મેડિટેરિયનમાંથી પસાર થતી ગેસ પાઈપલાઈન બાંધવા સામે વિરોધ કર્યો હતો. આ પાઈપલાઈન ઈજિપ્ત, ઈઝરાયલ અને સાઈપ્રસના ગેસને યુરોપ પહોંચાડે છે.

તુર્કીએ તાજેતરમાં એવું સૂચન કર્યું કે તે સિરિયાના લશ્કરને ફરી ઊભું કરવામાં મદદ કરશે. તુર્કીએ સીરિયાના હવઈમથકો પર એર ડિફેન્સ સિસ્ટમ લગાડવાનો પ્રયાસ કર્યો હતો. આવી સિસ્ટમ લાગી જાય તો ઈઝરાયલના ફાઈટર પ્લેન સીરિયામાં પ્રવેશી ન શકે. આથી ઈઝરાયલે સીરિયાના ચાર હવાઈમથકો પર હુમલો કર્યો. ઈરાન સાથે ઈઝરાયલ રાજદ્વારી સંબંધો ધરાવતું નથી. જોકે તુર્કીની વાત અલગ છે. તે અમેરિકા અને રશિયા બંને જોડે સારા સંબંધો ધરાવે છે. તુર્કી પેલેસ્ટાઈનમાં હમાસને ટેકો આપે છે. ઈઝરાયલે તુર્કીને સીધો સંદેશો આપ્યો છે કે તે ઈઝરાયલ વિરોધી બળોને સીરિયામાં આવીને ઈઝરાયલ વિરુદ્ધ કામ નહીં કરવા દે. આથી જ અમે હમા અને દમાસ્કસ હવાઈ મથક પર હુમલો કર્યો છે. જોકે ઈઝરાયલે તુર્કીનું નામ દીધું નહોતું. ઈઝરાયલના હુમલાથી નારાજ તુર્કી સમય આવે ત્યારે ઈઝરાયલ સામે જવાબી કાર્યવાહી કરશે. તુર્કીના શાસક એર્ડોગન સામે અંકારામાં જ વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. એર્ડોગનનો પક્ષ દેશમાં ૨૦૦૨થી રાજ કરે છે. ૨૦૨૩માં તેમનો સાંકડો વિજય થયો હતો. તાજેતરમાં એમણે પોતાના મુખ્ય વિરોધી અને અંકારાના મેયરને જેલમાં પૂરી દીધા છે. આથી એમની સામે વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે.

તુર્કીમાં ફુગાવો ૪૦ ટકા પર પહોંચી ગયો છે અને તેની આર્થિક સ્થિતિ સારી નથી. તુર્કી લોકોનું ધ્યાન બીજે દોરવા તે કોઈ પણ દુ:સાહસ કરી શકે. અમેરિકાએ તેના પર લગામ તાણવી પડશે, નહીં તો તુર્કી અને ઈઝરાયલ વચ્ચેનો નવો મોરચો શરૂ થઈ જશે. તુર્કીમાં સ્થિરતા ન આવે ત્યાં સુધી ઈઝરાયલ પૂર્વ અને દક્ષિણ સીરિયા પર રશિયા પશ્ચિમી સમુદ્રતટ પર અને તુર્કી ઉત્તર સીરિયા પર પ્રભુત્વ જાળવી રાખવા માગે છે. ■




પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com


## બદનામ થઈને નિક્સને સત્તા છોડી પણ સજાથી બચી ગયા!

વિવાદ અને વિરોધ વચ્ચે બીજીવાર પ્રમુખ બની ગયેલા રિચાર્ડ નિકસન માટે અજંપો અને આંચકો રાહ જોતા હતા. એક પછી એક સાથી છોડી ગયા, ગુના કબૂલી લીધા. આમાં એકદમ ઘરના અને ખાસ ગણાતા જૉન ડીને મોટો વિસ્ફોટ કરી દીધો.

જૉન ડીન વ્હાઈટ હાઉસના વકીલ હતા. આમ પડદા પાછળની વ્યક્તિ પણ, પરંતુ વૉટરગેટમાં એફ.બી.આઈ.ની તપાસમાં એમની પહોંચ હતી અથવા એવી ગેરબંધારણીય સત્તા અપાઈ હતી જે પર્દાફાશ થતા જૉન ડીન છાપે ચમક્યા હતા. આ જેન્ટલમેન વ્હાઈટ હાઉસના એ સહયોગીઓમાં હતા જેમને શરૂઆતમાં કૉંગ્રેસ સમક્ષ જુબાની અપાતા રોકાયા હતા. આમ કરવા માટે નિક્સને પોતાના 'એક્ઝિક્યુટિવ પ્રિવિલેજ'નો (દૂર) ઉપયોગ કર્યો હતો. ડીન વ્હાઈટ હાઉસની વૉટરગેટ બ્રેક-ઈનની તપાસના અધ્યક્ષ પણ હતા, પરંતુ આ કૌભાંડમાં વ્હાઈટ હાઉસની સંડોવણી ઓછી કરતો ખોટો અહેવાલ આપવાનો નનૈયો ભણી દેવાથી તેમની હકાલપટ્ટી કરી દેવાઈ હતી.

નિક્સને તોરમાં આવીને જૉન ડીનને વ્હાઈટ હાઉસમાંથી તગેડી તો મૂક્યા પણ હવે આ છૂટ્ટો થયેલો ઘોડો ક્યાં જાય કે શું કરે એનો ઉચાટ થતો હતો. એ જ વર્ષના જૂન મહિનામાં જૉન ડીને સેનેટ વૉટરગેટ કમિટી સમક્ષ ૨૪૫ પાનાનું નિવેદન સાત કલાક સુધી આપ્યું. આમાં ઘણાં ધડાકા થયા. આમાં સૌથી મોટી કબૂલાત એ હતી કે વૉટરગેટની કામગીરી કરવા માટે મેં અને પ્રમુખ નિક્સને ૩૫ વખત ચર્ચા કરી હતી. બીજો વિસ્ફોટ એ થયો કે કેવી રીતે નિક્સન અને તેના વ્હાઈટ હાઉસના સાથીદારોએ વૉટરગેટના મામલાને દાબી દેવા જૉને ખાસ તો એમાં વ્હાઈટ હાઉસની સંડોવણીના પુરાવાનો નાશ કર્યો હતો.

આમાં નિક્સન ફસાયા પણ જૉન ડીનને સીધી જેલ થઈ. આ સાથે એક બાબત નીચે ઘાટ્ટી લાલ લાઈન દોરાઈ ગઈ કે વૉટરગેટ કૌભાંડમાં તપાસને નામે એક પક્ષપૂર્ણ તમાશો જ હાથ ધરાયો હતો. જૉન ડીનના કબૂલાતથી લાગેલી આગમાં પેટ્રોલ છાંટ્યું એલેકઝાંડર બટરફિલ્ડે. વ્હાઈટ હાઉસમાં કામ કરતા બટરફિલ્ડે ગવાહી આપી કે નિક્સનની ઑફિસમાં થતી એક-એક વાતચીતનું ગુપ્ત રીતે રેકોર્ડિંગ થતું હતું, જેની માત્ર ગણ્યાગાંઠ્યા માણસોને જ જાણકારી હતી.



સ્વાભાવિકપણે સેનેટ કમિટીએ એ ટેપની માગણી કરી કારણ કે એ અત્યંત મહત્ત્વપૂર્ણ પુરાવા બની શકે. નિક્સને ટેપ સોંપવાનો ઉગ્ર વિરોધ જ ન કર્યો બલકે એમ કરવું એ પોતાનો એક્ઝિક્યુટિવ પ્રિવિલેજ અર્થાત્ વિશેષાધિકાર હોવાનો ફાંકોય માર્યો. ત્યારબાદ એટર્ની જનરલ ઈલિયટ રિચાર્ડસન પર દબાવ લાવ્યા કે આવી માંગણી કરનારા સ્પેશિયલ પ્રોસિક્યુટર આર્ચીબાલ્ડ કૉક્સને આ વૉટરગેટ ખટલામાંથી કાઢી મૂકો. નિક્સનનો સમય ખરાબ, બહુ ખરાબ ચાલતો હતો એટલે આર્ચીબાલ્ડ કૉક્સે એના આદેશને તાબે થવાને બદલે હોદ્દા પરથી રાજીનામું આપી દીધું.

અંતત દેશની સર્વોચ્ચ અદાલત મેદાનમાં આવી અને રેકોર્ડિંગની ટેપ સોંપી દેવા માટે નિક્સન પર દબાણ લવાયું. નિક્સન કળણમાં ફસાઈ ચૂક્યા હતા. એમાંથી બહાર નીકળવાના હવાતિયાંથી વધુને વધુ અંદર ખૂંપતા જતા હતા.

આ દરમિયાન ડેમોક્રેટિક પાર્ટીની બહુમતી ધરાવતા સંસદના ગૃહમાં પ્રમુખ રિચાર્ડ નિક્સન વિરુદ્ધ ઈમ્પિચમેન્ટ અર્થાત્ મહાભિયોગની કામગીરી શરૂ કરવાની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ હતી. હવે નિક્સનના પતનની ઊલટી ગણતરી શરૂ થઈ ચૂકી હતી. આખરે ત્રણ ટેપ જાહેર થઈ ગઈ. આમાં દીવા જેમ સ્પષ્ટ થઈ ગયું કે વૉટરગેટમાં ઘૂસણખોરીને છાવરવાના પ્રયાસમાં નિક્સન એકસો એક ટકા સંડોવાયેલા હતા.

હવે નિક્સનની રિપબ્લિકન પાર્ટી પાસે ય કોઈ વિકલ્પ બચ્યા નહોતા. એમના જ પક્ષે શબ્દો છાવર્યા વગર સ્પષ્ટ કરી દીધું કે રિપબ્લિકન પાર્ટી પોતાના પ્રમુખ વિરુદ્ધના મહાભિયોગને સમર્થન આપશે.

બસ, ખેલ ખતમ. મહાભિયોગની કાર્યવાહીના આરંભ અગાઉ ૧૯૭૪ની આઠમી ઑગસ્ટે પ્રમુખ રિચાર્ડ નિક્સને રાજીનામું ધરી દેતા કારણ આપ્યું કે હવે શાસન ચલાવવા માટે મારી પાસે પર્યાપ્ત રાજકીય ટેકો નથી. નિક્સને તો ભૂંડા હાલમાં વ્હાઈટ હાઉસમાંથી વિદાય લીધી પણ અમેરિકન વ્યવસ્થાને હચમચાવી નાખી અને એની પોલંપોલ ઉઘાડી પાડી દીધી. વ્હાઈટ હાઉસ, એફબીઆઈ સેનેટ, નૈતિક્તા, ન્યાયતંત્ર જેવા ઘણાં સ્તંભને ભારે ઘસારો પહોંચ્યો. એટલું જ નહિ 'ગેટ' શબ્દ માત્ર અમેરિકામાં જ નહિ, દુનિયાભરમાં કૌભાંડનો પર્યાય બની ગયો. યાદ કરો વધુ એક પ્રમુખ બિલ ક્લિન્ટનના વાસનાકાંડને અપાયેલું નામ: મોનિકાગેટ.

અમેરિકી રાજકારણી માટે શરમનાક અને પત્રકારત્વ માટે ગૌરવ સમાન વૉટરગેટકાંડમાં રિચાર્ડ નિક્સનને કંઈ ન થયું. એ જ વરસના સપ્ટેમ્બરમાં ચૂંટાયેલા નવા રાષ્ટ્રપતિ જેરાલ્ડ આર. ફોર્ડે પોતાના બદનામ પુરોગામી નિક્સનને સંપૂર્ણ અને બિનશરતી માફી આપી દીધી. આ માણસે વૉટરગેટમાં ઘૂસણખોરીને મંજૂરી આપી હતી પછી એના કવરઅપમાં સંડોવાયા હતા, એટર્ની જનરલ, સી.બી.આઈ. અને એફ.બી.આઈ. પર તપાસ બંધ કરવાનું દબાણ લાવ્યા હતા. આટલું ઓછું હોય તેમણે પોતાના વિરોધીઓ અને ટીકાકારોને નમાવવા-ડરાવવાના ભરપૂર પ્રયાસો ય કર્યા હોવાનું બહાર આવ્યું હતું.

જરા કલ્પના કરો કે વૉટરગેટ હોટલના વોચમેનને શંકા ન ગઈ હોત અને મોટા ઘૂસણખોરો પકડાયા ન હોત તો આ મહાપાપ જીવનભર અંધારામાં જ ધરબાયેલું રહી ગયું હોત. આ સાથે અમેરિકામાં પ્રમુખ, સરકાર અને વહીવટીતંત્ર પર ખુલ્લેઆમ અને બેબાકપણે શંકા કરવાની-સવાલો પૂછવાની પ્રથાનો આરંભ થયો. અને કપટી, ભ્રષ્ટ અને તકસાધુ શાસક ભલે તેટલા શક્તિશાળી હોય પણ સતર્ક, જાગૃત, સ્વતંત્ર અને નિષ્પક્ષ અખબારી જગત રાષ્ટ્ર, લોકશાહી, સમાજ અને પ્રજા માટે કેટલી મહત્ત્વની અને ઉદ્ધારકની ભૂમિકા ભજવી શકે છે એ ઊડીને બહાર આવ્યું.

અમેરિકી ઈતિહાસના કલંકસમાન વૉટરગેટ કૌભાંડે દુનિયાભરના પત્રકારત્વ માટે અંધારામાં ઝબુકતી દીવાદાંડીની ગરજ સારી, એ બદલ થેન્ક યુ વૉટરગેટ, નિક્સન એન્ડ અમેરિકન પ્રેસ.

ઈતિ વૉટરગેટ કૌભાંડ. આવતા અઠવાડિયે કરીશું ભારતનાં એક અકલ્પ્ય અને હજી ભેદ બની રહેલા કૌભાંડના ઊંડાણમાં ઉતરવાની શરૂઆત. ■

#### મુખવટાની પાછળ

આઈ નોસ્રી ગવર્નાન્તી સોનો વેન્દુતી-અર્થાત્ અમારી સરકાર વેચાઈ ગઈ છે.

-ઈટાલિયન નાગરિકે રોમની દીવાલ પર વ્યક્ત કરેલી દુ:ખ-પીડા

# પ્રેમબંધન...

આજની ટૂંકી વાર્તા
નીલા સંઘવી
feedback@bombaysamachar.com



**મારી દીકરી તારા પણ વરસાદના તોફાનથી આમ જ ડરતી હતી. રમણીકની પત્ની તારાને જન્મ આપીને તરત જ મૃત્યુ પામી હતી. પછી એ નવજાત બાળકીને રમણીકે બની શકે તેટલા જતનથી ઉછેરી હતી. માતા અને પિતાનો પ્રેમ રમણીક એકલો તેને આપી રહ્યો હતો**

આજે ફાગણ મહિનાનો પ્રારંભ થયો. છતાંય કોણ જાણે કેમ આ વર્ષે હજુ ખૂબ ઠંડી પડી રહી છે.વાસંતી વાયરો ટાઢા પવનો ફૂંકી રહ્યો છે. એમાંય રમણીક જે ઘરમાં રહેતો હતો, એ ઘર તો શાનું? વાંસની પટીઓથી ઊભું કરેલું ગાર માટીથી લીંપેલું અને ઘાસથી બનાવેલી છત છતાંય માનવી જેમાં રહે તે ઘર તો ખરું જ ને? એક તો નિર્જન સ્થળ અને એમાંય ઠંડો પવન. રમણીક પોતાની ઝૂંપડીમાં થરથરતો હતો. ફાટેલી તૂટેલી ગોદડીમાં ઠંડી ઝિલાતી ન હતી, તેને કારણે ઊંઘી શકતો ન હતો. ધ્રુજતા ધ્રુજતા સિસકારા બોલાવતો હતો. વચ્ચે વચ્ચે બહારથી પણ કોઈ ધ્રુજતું હોય તેવા સિસકારા સંભળાતા હતા. રમણીકને થોડી વાર લાગ્યું કે પોતાને ભ્રમ થાય છે. એને એમ થયું કે મારા જ સિસકારા મને સંભળાઈ રહ્યા છે, પણ ના.... બહારથી આવતા સિસકારાનો અવાજ મોટો થઈ ગયો હતો અને તે કોઈ સ્ત્રીનો અવાજ હોય એવો સ્પષ્ટ અણસાર મળી રહ્યો હતો.

રમણીક ઊભો થયો. વાંસનો તૂટેલફૂટેલ દરવાજો ખોલ્યો. ખરેખર એક યુવતી ઊભી ઊભી થરથરતી હતી. કાંઈ ખાસ સુંદર ન હતી. છતાંય આકર્ષક તો કહી શકાય. તે રમણીકની સામે જોઈ રહી. તેની આંખો ચકળ વકળ થતી હતી. રમણીકે તેને અંદર આવી જવા કહ્યું. પેલી યુવતી અંદર આવી. રમણીકે દરવાજો બંધ કર્યો. પૂછ્યું, ‘તમે ક્યાં ઊંઘશો?મારા ઘરમાં આટલી જ જગ્યા છે.’

‘ક્યાંય.... પણ....ચાલશે.’ યુવતીએ ત્રૂટક ત્રૂટક શબ્દોમાં જવાબ આપ્યો.

‘આવી તોફાની રાતે તમે એકલા કેમ નીકળ્યા?’ યુવતી ફક્ત પોતાનું માથું ધુણાવવા લાગી. કંઈ બોલી નહીં. રમણીક ને લાગ્યું કે છોકરી જવાબ આપવા માગતી નથી. તેથી વધુ ન પૂછતા પોતાની સાદડી અને ગોદડી તેને આપીને સૂઈ જવા કહ્યું. ચૂપચાપ પેલી યુવતી સાદડી પર ગોદડી ઓઢીને સૂતી. થોડી જ વારમાં તે ઘસઘસાટ ઊંઘી ગઈ. ગોદડીનો એક છેડો તે મોઢામાં ચાવતી હતી. રમણીક તેને જોઈ રહ્યો. પછી તેને ક્યારે ઊંઘ આવી ગઈ તેનો ખ્યાલ ન રહ્યો. સવારે ઊઠી રમણીકે તેના હાથમાં ચા નો કપ આપ્યો. પેલી ટેસથી ચા ની ચુસ્કીઓ ભરવા માંડી. રમણીક તેને જોઈ જ રહ્યો. હવે સવારની ખુશનુમા ઠંડક હતી, સૂર્યનો કુમળો તડકો આહલાદક લાગી રહ્યો હતો. રમણીક ને થયું હવે હમણાં આ યુવતી ચાલી જશે, પણ તે તો એમ જ બેસી રહી. ચૂપચાપ.... શૂન્યમનસ્ક, ફક્ત તેની આંખોના ડોળા ચકળવકળ થતા હતા. રમણીક મુંઝાયો. પૂછ્યું, ‘તમારે ક્યાં જવું છે? ચાલો તમને મૂકી જાઉં?’

‘મારે ક્યાંય નથી જવું. હું અહીં રહુ?’ યુવતીએ નિર્દોષ, અસ્પષ્ટ સ્વરમાં પૂછ્યું. રમણીક ઓર મુંઝાયો. આવડુંક અમથુ ઘર, ન એમાં કોઈ સાધનસામગ્રી, ન ઓઢવા-પાથરવાનુ. આમાં આને કેમ કરીને રાખુ? વળી જુવાન છોકરી. પાછી કંઈ જણાવતી નથી. શું બન્યું હશે એના જીવનમાં? વળી એને ખવડાવવું, પીવડાવવું કપડા-લત્તા બધુ ‘ઠીક છે તમે ખુશીથી રહો, પણ તમારે વિષે કંઈક જણાવો તો ખરા.’

‘ ના,ના’ કહીને તે ડોકુ ધુણાવવા લાગી અને પછી એક ખૂણામાં જઈને બેસી ગઈ. રમણીક તૈયાર થઈને કામ પર ગયો. જતી વખતે બારણું બંધ કરીને બેસવાની તાકીદ કરતો ગયો. ગઈકાલની ઠંડી રોટલી અને શાક પડ્યા હતા તે પેલી યુવતી માટે મૂકતો ગયો.સાંજે થાક્યો પાક્યો રમણીક ઘેર આવ્યો. આવીને જુએ છે તો ખુશ થઈ ગયો. પેલી યુવતીએ નહાઈ-ધોઈને સ્વચ્છ કપડા પહેરી લીધા હોય તેવું લાગતું હતું. તેલ નાખીને વાળ પણ ઓળેલા હતા. તે આવી ત્યારે તેના હાથમાં એક પ્લાસ્ટિકની થેલી હતી તેમાં આ બધો સામાન હશે એવું રમણીકે અનુમાન લગાવ્યુ.એ બધું તો ઠીક, સુખદ આશ્ચર્ય તો પેલી યુવતી પ્રાઇમસ પાસે બેસીને રોટલા ઘડી રહી હતી તેથી થયું. પોતે શાક લઈને આવ્યો હતો તે તેણે યુવતીને આપ્યું. યુવતીએ શાક બનાવ્યું. અને બે એલ્યુમિનિયમની થાળીમાં ગરમાગરમ રસોઈ પીરસી. રમણીક ને તો મજા આવી ગઈ. રસોઈ કંઈ ખાસ સારી બનાવી ન હતી. રોટલા ગોળ ન હતા. વાંકાચુકા હતા અને શાકમાં મીઠું વધારે હતું

છતાં તે શાંતિથી જમ્યો કારણ કે બિચારાએ વર્ષોથી હાથે જ રોટલા ઘડીને ખાધા હતા. અને મજૂરી પરથી આવીને રાંધવાનો કેટલો કંટાળો આવતો હતો? ઘણીવાર તો સસ્તા ઉસળ-પાઉંથી ચલાવી લેતો હતો. આજે પેટ ભરીને જમ્યો. પેલી યુવતી પણ જમી. એ કંઈ ખાસ બોલતી ન હતી, પણ રમણીક ને તો ગમ્યું. બીજે દિવસે સવારથી યુવતીએ ચા- પાણી, રસોઈ બધો જ ચાર્જ પોતાના હાથમાં લઇ લીધો. રમણીક ચીજ વસ્તુઓ લાવી આપતો. પેલી બધું કામ કરતી. જો કે કામ કાંઈ ખાસ વ્યવસ્થિત રીતે ન કરતી પણ ચાલે. ખાસ કંઈ વાતચીત ના કરે. નામ પણ કહ્યું ન હતું. હવે તો રમણીકે જ એને નામ આપ્યું હતું, ‘તારા’. રમણીક આનંદમાં હતો. એક જણનો ખર્ચ વધવાથી તે હવે થોડું વધુ કામ કરતો. બંને જણને સારું ફાવતું હતું.

એ રાત ભયંકર અને અંધારી હતી. આકાશમાં કાળા કાળા વાદળો સંતાકુકડી રમી રહ્યા હતા. કમોસમી વરસાદ થશે એવી એંધાણી વર્તાતી હતી. રમણીક અને તારા ધ્રૂજતા હતા. તારા ત્રૂટક ત્રૂટક શબ્દોમાં બોલી, ‘બીક લાગે છે.’

‘ડરવાનું નહીં, હું છું ને.’બંને સુતા પણ, ગડગડાટી અને વીજળીના ચમકારા તારાને બીવડાવતા હતા. તે ડરતી ડરતી રમણીકની નજીક આવી ગઈ અને બોલી, ‘બીક લાગે છે.’ પણ રમણીક નસકોરા બોલાવતો હતો. મુસળધાર વરસાદ વરસતો હતો. જોરદાર વીજળીનો કડાકો થયો. તારા ડરની મારી રમણીકને વળગી પડી. રમણીક જાગી ગયો તારાને ડરતી જોઈને ભૂતકાળમાં સરી પડ્યો, ‘મારી દીકરી તારા પણ વરસાદના તોફાનથી આમ જ ડરતી હતી.’ રમણીક ની પત્ની તારા ને જન્મ આપીને તરત જ મૃત્યુ પામી હતી. પછી એ નવજાત બાળકીને રમણીકે બની શકે તેટલા જતનથી ઉછેરી હતી. માતા અને પિતાનો પ્રેમ રમણીક એકલો તેને આપી રહ્યો હતો. રમણીક સખત મહેનત કરતો, પુત્રીને સાથે લઈને મજૂરીએ જતો. પાકા ઘરોમાં રહેતા લોકોની માફક પોતાની બાળકીને બાટલીમાં દૂધ પીવડાવતો. તારા ત્રણ મહિનાની થઈ ત્યારે ડોક્ટરે કહ્યું, ‘જો રમણીક તારી બાળકી ત્રણ મહિનાની થઈ ગઈ છે. હવે એને ફેરેકસ આપજે.’ રમણીક હોંશે હોંશે ફેરેકસનો ડબ્બો લઈ આવ્યો.

ચમચી ભરીને ફેરેક્સ દીકરીના મોઢામાં મૂકતો અને લાડકી જ્યારે જીભ બહાર કાઢીને ફેરેકસ ચપચપ ચાટી જતી અને પછી બોખા મોંએ એવું મધુર સ્મિત કરતી કે રમણીક દીકરી પર ઓળઘોળ થઈ જતો. સગા સંબંધીઓએ રમણીક ને ફરી લગ્ન કરવા બહુ સમજાવ્યો પણ રમણીક એકનો બે ન થયો. નવી મા ક્યાંક મારી દીકરીને દુઃખ આપે તો? તેથી દીકરીની સુશ્રુષા પોતે જ કરતો. સાથે કામ પર લઈ જતો પણ આ સાથે લઈ જવામાં દીકરીની તબિયત પર અસર થઈ. ટાઢ, તડકા અને વરસાદની ઋતુમાં ખુલ્લામાં સુવડાવેલી દીકરીની તબિયત બગડી ગઈ. તારા ને ખૂબ તાવ ચડ્યો. કોઈ દવા કારગત નીવડી નહીં. રમણીક કામ પર જતો નથી. રાત દિવસ તારાની સેવા કરે છે. આંખોમાં આંસુની ધાર સાથે તેને દૂધ પાય છે. દૂધ પચતું નથી. તાવ ઉતરતો નથી. રાતને દિવસ બેઠો બેઠો મીઠાના પાણીના પોતા મૂકે છે. નથી ખાતો નથી પીતો છતાંય દૈવ રૂઠ્યો અને વહાલસોયી પુત્રીનો કાળ કોળીયો કરી ગયો. પત્નીના મૃત્યુનો આઘાત દીકરીના પ્રેમમાં તે સહી શક્યો હતો પણ આ આઘાત સહન કરવો મુશ્કેલ હતો.

આંખો સ્થિર કરીને છત સામે તાકીને બેસી રહેતો. બીજા મજૂરો રમણીકને સમજાવીને કામ પર લઈ ગયા. માંડ માંડ તેણે પોતાની જાતને સંભાળી હતી પણ જીવનનો રસ તે ગુમાવી ચૂક્યો હતો. ત્યાં તો બાળપણમાં ગુમાવેલી તારા જાણે યુવાન થઈને તેને ઉંબરે પાછી ફરી. જીવન પાછું નવપલ્લવિત થઈ ગયું. તારાની પીઠ પસવારતા તે બોલ્યો,‘ડર નહીં દીકરી હું છું ને તારી પાસે, તારા બાપુ છે ને.’

‘બાપુ’, તારા એ પ્રતિભાવ આપ્યો અને રમણીકની ખુશી નો પાર ન રહ્યો. પિતા પુત્રી સુખચેનથી રહેતા હતા. રમણીકે એક વાર પૂછ્યા પછી કદી તારાને પૂછ્યું નથી કે ક્યાંથી આવી? કોણ છો? શા માટે આવી? ક્યાં જવું છે? અને તારા? તે તો કોઈ કોઈ વાર રમણીક ને બાપુ કહીને લાડ કરતી ત્યારે રમણીક તેના પર ઓળઘોળ થઈ જતો, બરાબર પેલી મૃત્યુ પામેલ નાનકડી તારાને ફેરેક્સ ખવડાવતી વખતે થઈ જતો તેમજ.

એક દિવસ સવારમાં રમણીક અખબાર વાંચી રહ્યો હતો. સાત ચોપડી ભણેલા રમણીકને અખબાર વાંચ્યા વગર ચાલે જ નહીં. અખબાર વાંચતા તેની નજર એક છોકરી ના ફોટા પર ગઈ. અદલોઅદલ તારા જ જોઈ લો. રમણીકની આંખો વિસ્મયથી પહોળી થઈ ગઈ. ‘ગુમ થયેલ છે’ શીર્ષક હેઠળ તારાનો ફોટો અને નીચે લખાણ રીટા હસમુખ શાહ આ મંદબુદ્ધિ યુવતી ઉંમર વર્ષ વીસ, ઘઉંવર્ણો વાન, પાતળી ,પાંચ ફૂટ ઊંચાઈ ધરાવતી યુવતી પપ્પાએ થોડો ઠપકો આપતા ઘરેથી ચાલી ગઈ છે. જે કોઈ તેની જાણકારી આપશે તેને ૫૦,૦૦૦ રૂપિયા ઇનામ પેટે આપવામાં આવશે .ત્યારબાદ સરનામું અને ટેલિફોન નંબર લખેલા હતા. આ વાંચીને, જોઈને રમણીકની આંખ સ્થિર થઈ ગઈ. પછી આંખમાંથી આંસુ સરી પડ્યા. મનમાં વિદ્રોહ જાગ્યો.

‘હું શા માટે જણાવું? આ કંઈ રીટા નથી. આ તો મારી તારા છે. એ મને બાપુ કહે છે. એ તો નવો અવતાર લઈને આવી છે. એને હું શા માટે આપી દઉં? ના,ના કોઈ કાળે હું મારી તારાને નહીં આપું.’

રમણીક છાપું લઈને શૂન્યમનસ્ક બેઠો રહ્યો. ત્યાં હૃદયમાંથી ફરી અવાજ આવ્યો, ‘એક બાપ થઈને બીજા બાપ સાથે અન્યાય તુ કેવી રીતે કરી શકે? તારી તારા કુદરતે તારી પાસેથી છીનવી લીધી હતી ત્યારે તારી કેવી હાલત થઈ હતી તે તું જાણે છે ને?તો આ રીટાના બાપની હાલત પણ એવી જ હશે ને?તું કઈ રીતે એક દીકરીને એના બાપથી જુદી કરી શકે? આવું પાપ ન કરાય.’ આ વિચાર સાથે રમણીકની આંખમાં આંસુ આવ્યા. તે ઊભો થયો. થોડે દૂર આવેલ ટેલિફોન બૂથ પર જઈને તેણે અખબારમાં આપેલ નંબર ઘુમાવ્યો. પછી પોતાની ઝૂંપડીમાં આવ્યો અને તારા ઊર્ફે રીટાને વળગીને રડી પડ્યો.

(સમાપ્ત) ■

---

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| PAINT | ટપકું |
| POINT | વિમાન |
| PINT | મેદાન |
| PLAIN | રંગવું |
| PLANE | પ્રવાહીનું માપ |

### ઓળખાણ પડી?

લશ્કરી અધિકારીમાંથી યુગાન્ડાના સરમુખત્યાર બનેલા શાસકની ઓળખાણ પડી? ૧૯૭૦ના દાયકામાં ભારતીયોને તેણે ખૂબ ત્રાસ આપ્યો હતો.



અ) યાસર અરાફત બ) ઈદી અમીન ક) મિલ્ટન ઓબોટે ડ) રોબર્ટ મુગાબે

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વિ | શ્વા | ૨ મિ | ત્ર | ■ | ૩ વ | ૪ સિ | ષ્ઠ | ■ | ૫ જ |
| શ્ર | ■ | જા | ■ | ૬ ગૌ | ર | વ | ■ | ૭ ગ | મ |
| ૮ વા | ૯ રિ | જ | ■ | ૧૦ ત | દા | ■ | ૧૧ ક | મો | દ |
| ■ | સા | ■ | ૧૨ દ | મ | ન | ૧૩ ક | ર્તા | ■ | ગ્નિ |
| ૧૪ મા | ઇ | ■ | શા | ■ | ■ | ૧૫ વિ | હ | ત | ■ |
| કું | ■ | ૧૬ અ | ■ | ૧૭ ઋ | ત | ■ | ર્તા | ■ | ૧૮ અ |
| ડે | ■ | ૧૯ મ | નુ | ષ્ય | ■ | ૨૦ ખા | ■ | ૨૧ પા | ન |
| ૨૨ ચ | ૨૩ મ | લ | ■ | ૨૪ શૃં | ૨૫ ગા | રી | ૨૬ ક | ■ | સુ |
| ■ | ૨૭ દા | દા | ■ | ૨૮ ગ | રિ | ■ | ટા | ■ | યા |
| ૨૯ અ | ર | ર | ર | ■ | ૩૦ યા | જ્ઞ | વ | લ્ક્ય | ■ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | | ■ | ૪-અ |
| | ■ | ૫ | ૬ | | ■ | | ■ | ૭ | |
| | ■ | ■ | | ■ | ૮ | | ૯ | | |
| ■ | ૧૦ | | | ૧૧ | ■ | ■ | ૧૨ | | ■ |
| ૧૩ | | ■ | ૧૪ | | | ૧૫ | ■ | | ■ |
| | ■ | ૧૬ | | ■ | ૧૭ | | | ■ | ૧૭-અ |
| ૧૮ | ૧૯ | | | ૨૦ | | ■ | ■ | ૨૧ | |
| ૨૨ | | ■ | ૨૩ | | ■ | ૨૪ | | | ■ |
| | ■ | ૨૫ | | | ૨૬ | | ■ | ૨૬-અ | ૨૬-બ |
| ૨૭ | | | ■ | ૨૮ | | ■ | ૨૯ | | |

**આડી ચાવી**

૧. રામાયણના કવિ (૩)
૩. મહાભારતકારના પિતા (૪)
૫. વિકાર પામેલું (૩)
૭. તમને હું માન આપું (૨)
૮. ફરજિયાતપણું (૫)
૧૦. દ્વૈત કે અદ્વૈત, ભેદભાવ (નિમ્બાર્કનો મત) (૪)
૧૨. આકાશ (૨)
૧૩. વડે, માટે, બદલે (૨)
૧૪. --- ઊતરવું એટલે સફળતાથી પૂરું થવું (૨)
૧૬. માનું ધાવણ (૨)
૧૭. ઇમમાં નિપુણ, ઓલરાઉન્ડર (૬)
૨૧. આશ્ચર્યજનક ઉદ્‌ગાર (૨)
૨૨. રશિયન ફાઇટર વિમાન (૨)
૨૩. શરીરના પંચપ્રાણમાંનો એક (૨)
૨૪. નાળિયેરમાંથી નીકળે (૩)
૨૫. રસનું વહન કરતું, રસિક (૫)
૨૬-અ. ઝંડો (૨)
૨૭. ઘરમાં અહીં રસોઇ બને (૩)
૨૮. લીન, મગ્ન (૨)
૨૯. ભૂતકાળ (૩)

**ઊભી ચાવી**

૧. બાપદાદા --- આપીને જાય (૩)
૨. કથ્થઇ રંગનું ફળ, ચાઇનીઝ ગૂઝબેરી (૨)
૩. પ્રતિજ્ઞા (૨)
૪. મહાભારતકાળનો ગાંધારનો રાજકુમાર (૩)
૪-અ. ગાયબ (૩)
૬. મહાભારત મહાકાવ્યના કવિ (૨,૪,૨)
૭. પ્રાચીન પ્રખ્યાત ખગોળશાસ્ત્રી (૪)
૯. રંગ, શરીર (૨)
૧૦. દ્વૈતવાદી (૨)
૧૧. દૂધ ઉપર તરે તે (૨)
૧૩. પ્રાચીન ગણિતશાસ્ત્રી (૬)
૧૫. અહીંયાં (સં.) (૨)
૧૬. છોકરીઓ ચહેરા પર --- પાઉડર લગાવે (૨)
૧૭. ફણીશ્વરનાથ રેણુની પ્રખ્યાત નવલકથા--- આંચલ (૨)
૧૭-અ. વજનદાર (૨)
૧૯. નસ (૨)
૨૦. ગાંધીજી દર શુક્રવારે --- રાખતા (૪)
૨૧. ઋષિ વસિષ્ઠની પત્ની (૪)
૨૪. --- છે ગુજરાત (૨)
૨૫. હું --- કે હસું તેમાં કોને શું? (૨)
૨૬. ફાયદો (૨)
૨૬-બ. પંડ, દેહ (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘મહેરબાની કરી ફૂલની ફોરમ રહેવા દો’ પંક્તિમાં ફોરમ શબ્દનો અર્થ જણાવો.

અ) કળી બ) સુગંધ ક) રંગ ડ) બગીચો

### ગુજરાત મોરી મોરી રે

‘મતલબ વગરનું નિરર્થક કાર્ય’ એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

તડકે ઉચાળા મેહ ભરે વરસે ને તડકે ઉંદરડી

### માતૃભાષાની મહેક

મશરૂ એટલે રેશમ તથા સૂતરનું ઘણા રંગના પટાવાળું લૂગડું. મુસલમાની ધર્મમાં માત્ર રેશમી કપડાં પહેરવાની મનાઈ હોવાથી થોડા રૂના મિશ્રણવાળાં કપડાંનો ઉપયોગ કરવામાં આવતો હતો. ગુજરાતી ભાષા વિશ્વમાં કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા જાણીતું અને આદરણીય નામ છે. એમના વડવા મશરૂનો ધંધો કરતા હોવાથી તેમની અટક મશરૂવાળા પડી હતી.

### ઈર્શાદ

આપશે સસ્તામાં એ બીજું ભલે,
પણ ખુમારીમાં ઘટાડા નહીં કરે.
- હેમેન શાહ

### સુડોકુ-૮૦૫૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | ૫ | | | | ૧ | ૮ | |
| ૯ | ૧ | | ૨ | | ૮ | | ૬ | ૫ |
| | | | | | | | | |
| ૧ | | ૮ | ૫ | | ૭ | ૨ | | ૯ |
| | | | | | | | | |
| ૪ | | ૭ | ૩ | | ૯ | ૬ | | ૮ |
| | | | | | | | | |
| ૮ | ૭ | | ૬ | | ૪ | | ૨ | ૩ |
| | ૯ | ૬ | | | | ૫ | ૧ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૫૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૭ | ૧ | ૨ | ૫ | ૬ | ૩ | ૪ |
| ૩ | ૫ | ૬ | ૮ | ૭ | ૪ | ૧ | ૯ | ૨ |
| ૨ | ૪ | ૧ | ૬ | ૯ | ૩ | ૭ | ૫ | ૮ |
| ૬ | ૭ | ૮ | ૫ | ૪ | ૧ | ૯ | ૨ | ૩ |
| ૫ | ૧ | ૯ | ૨ | ૩ | ૮ | ૪ | ૬ | ૭ |
| ૪ | ૩ | ૨ | ૭ | ૬ | ૯ | ૮ | ૧ | ૫ |
| ૯ | ૮ | ૪ | ૩ | ૧ | ૨ | ૫ | ૭ | ૬ |
| ૧ | ૬ | ૩ | ૪ | ૫ | ૭ | ૨ | ૮ | ૯ |
| ૭ | ૨ | ૫ | ૯ | ૮ | ૬ | ૩ | ૪ | ૧ |

### માઈન્ડ ગેમ

ટેસ્ટ ક્રિકેટમાં અનેક ડબલ સેન્ચુરી નોંધાઈ છે. પોતાની પહેલી જ ટેસ્ટમાં ડબલ સેન્ચુરી ફટકારનાર સર્વ પ્રથમ ખેલાડી કોણ હતો એ જણાવો.

અ) કોનવે બ) સિંક્લેર ક) બ્રેડમેન ડ) ફોસ્ટર

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| LIVE | રહેવું |
| LEAVE | છોડવું |
| LIVELY | ચેતનવંતુ |
| LIST | યાદી |
| LEAST | સૌથી ઓછું |

ઓળખાણ પડી? કામરાજ

માઈન્ડ ગેમ ૧૯૩૨

ગુજરાત મોરી મોરી રે: અક્કલમાં કોઈ અધૂરો નહીં ને દ્રવ્યમાં કોઈ પૂરો નહીં

ચતુર આપો જવાબ — અર્થ જણાવો: વહાણવટી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) ધીરેન ઉદેશી (૪) ગીતા ઉદેશી (૫) પ્રતિમા પમાણી (૬) નીતા દેસાઈ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) વિભા મહેશ્વરીપ (૧૦) હર્ષા મહેતા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) મહેશ દોશી (૧૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૧૫) નુતન વિપીન (૧૬) પુષ્પા પટેલ (૧૭) ભારતી બુચ (૧૮) મુલરાજ કપૂર (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) લજિતા ખોના (૨૨) પ્રવીણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) પુષ્પા ખોના (૨૫) જ્યોતિ ખાંડવાલા (૨૬) મનીષા શેઠ (૨૭) ફાલ્ગુની શેઠ (૨૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૯) ભાવના કર્વે (૩૦) સુભાષ મોમાયા (૩૧) અંજુ ટોલિયા (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) રમેશ દલાલ (૩૬) હિના દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) અલકા વાણી (૩૯) જગદીશ ઠક્કર (૪૦) નિતિન બજરિયા (૪૧) પુષ્પા ખોના (૪૨) જયવંત પદમશી ચિખલ (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) અરવિંદ કામદાર (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ

મગજ મંથન_ વિઠ્ઠલ વઘાસિયા

feedback@bombaysamachar.com

# શિક્ષણનો સંબંધ વ્યક્તિ કરતાં સમાજ સાથે વધુ

## તેજસ્વી પેઢીના નિર્માણ માટે અધ્યાત્મને શિક્ષણનો આધાર બનાવવો જોઈએ

આ સૃષ્ટિનું અનુપમ સર્જન જો કોઈ હોય તો તે છે મનુષ્ય.મનુષ્ય પોતે રહસ્યનો ભંડાર છે. એ પોતે પોતાને ઓળખી શકતો નથી. સુખ,શાંતિ,સંતોષ અને આનંદ જેવાં તત્ત્વ માટે એ ચારે બાજુ ફાંફાં મારે છે,પરંતુ જ્ઞાનીઓ કહે છેઃ એ બધું તો મનુષ્યની પોતાની અંદર જ છે.એ જોવાની દિવ્ય દ્રષ્ટિ મનુષ્યને સહજ પ્રાપ્ય નથી... યુગોથી મનુષ્ય પોતાને ઓળખવા પ્રયત્ન કરી રહ્યો છે. આત્મજ્ઞાન, આત્મદર્શન અને આત્મસાક્ષાત્કારના કપરાં માર્ગ પર ઘણા ચાલ્યા, પણ બહુ ઓછા એ અંતિમ લક્ષ્ય સુધી પહોંચી શક્યા છે.

જ્ઞાનના માર્ગનો પ્રથમ પડાવ છે - શિક્ષણ. શિક્ષણની સાધના જ સાધ્ય સુધી પહોંચવામાં મદદરૂપ બને છે.

બુદ્ધિ પર છવાયેલાં અજ્ઞાનનાં આવરણો દૂર કરે છે,શિક્ષણ. જીવનની ઘટમાળને હકારાત્મક દ્રષ્ટિથી જોવાની ટેવ પાડે છે, શિક્ષણ.'સ્વ' માટે નહીં 'સર્વ' માટે જીવવાની કળા શીખવે છે શિક્ષણ. શ્રેય અને પ્રેયનો ભેદ પારખવાની ક્ષમતાનો વિકાસ કરે છે શિક્ષણ. ભૌતિકતા અને આધ્યાત્મિકતાનું જીવનમાં સંતુલન કરે છે શિક્ષણ.

આટઆટલા ગહન અર્થો સમાવતું શિક્ષણ આજે વામણું કેમ જોવા મળે છે ? ઉપરોકત મુજબના અર્થો ધરાવતું તત્ત્વ હોવા છતાં એનાં પરિણામો કેમ દેખાતાં નથી? આજે સૌ આ જ વાત પૂછે છે.



આપણે શિક્ષણ એટલે વાણિજ્યિક, વ્યાપારિક અને ઉપભોગજન્ય એવો છીછરો અર્થ કર્યો છે. આથી શિક્ષણનાં જે ભવ્ય પરિણામ મળવા જોઈએ તેનાથી આપણે વંચિત રહી ગયા છીએ. છીછરાપણાંની આડઅસરોનો આપણે ભોગ બન્યા છીએ. આપણા જીવનમાંથી શિક્ષણનો સાચો અર્થ ખોવાઈ ગયો છે.

આપણે સાક્ષરતાને જ શિક્ષણ સમજી બેઠા છીએ. ખરા અર્થમાં જીવનની સાર્થકતા જ શિક્ષણનો ઉદ્દેશ હોઈ શકે. યાંત્રિક અને વૈજ્ઞાનિક વિકાસને જ આપણે શિક્ષણ સમજીએ છીએ. આજના શિક્ષણે મનુષ્યને સમાજકેન્દ્રી બનાવવાના બદલે સ્વકેન્દ્રી બનાવ્યો છે. શિક્ષણ વરદાન જ બનવું જોઈએ, અભિશાપ નહીં.

મનુષ્ય જાણતાં કે અજાણતાં પોતાની ચારે તરફ રહેલા સમાજમાંથી સંસ્કાર ગ્રહણ કરતો રહે છે. એ અર્થમાં સમાજની પ્રત્યેક વ્યક્તિ શિક્ષકનું કામ કરે છે.'આમ કરાય ને આમ ન કરાય' એવો શ્રેય અને પ્રેયનો ભેદ આ શિક્ષણમાંથી મળે છે. જીવનના પ્રત્યેક અનુભવને શિક્ષણ કહી શકાય. સમસ્ત માનવ જીવન જ શિક્ષણ છે. શિક્ષણનો સંબંધ જેટલો વ્યક્તિ સાથે છે, તેથી પણ વધુ સમાજ સાથે છે.

અનુભવ સિદ્ધ જ્ઞાનનો જ્યારે મનુષ્યના પૂર્વ જ્ઞાન સાથે સંબંધ થાય ત્યારે એ જ્ઞાન વિદ્યામાં પરિણમે છે. મહાભારતનો આ પ્રસંગ જાણવા જેવો છેઃ

ગુરુ દ્રોણે એમના બધા શિષ્યોને ધનુર્વિદ્યાના સિદ્ધાંતો શીખવ્યા હતા અને સમજાવ્યું હતું કે બાણ આવી રીતે ચલાવાય, ધનુષ્ય આમ પકડાય, તેની પ્રત્યંચા આમ ખેંચાય વગેરે વગેરે. ત્યારબાદ સૌએ બાણ ચલાવવાનો અનુભવ લીધો ત્યારે એના રહસ્ય અને પરિણામોનું જ્ઞાન થયું. એમાં જ્યારે એકાગ્રતા અને મૌલિકતા ઉમેરાય ત્યારે લક્ષ્યવેધનની વિદ્યા પ્રાપ્ત થાય. ત્યારે એ બાણાવળી કહેવાય અને ધનુર્વિદ્યા પ્રાપ્ત થઈ ગઈ છે એવો ધનુર્ધર કહેવાય.

ધનુર્વિદ્યા તો અર્જુને, કર્ણ અને એકલવ્યે - બધાએ સરખી જ મેળવી હતી પણ એ બધાનું પૂર્વજ્ઞાન જુદું જુદું અને મૌલિક હતું. તેથી એ બધાની ધનુર્વિદ્યામાં વૈવિધ્ય હતું. જ્ઞાન જ્યારે આત્મસાત થાય ત્યારે વિદ્યા બને છે.

આપણું બધાનું કર્તવ્ય છે કે આપણે ગ્લોબલાઈઝેશનના ષડયંત્રમાં ફસાયા વગર,આંધળાં અનુકરણની દોડમાં અટવાયા વગર શુદ્ધ જ્ઞાનના માર્ગ પર ચાલીએ. દુનિયા ભલે ભૌતિકતાનું શિક્ષણ આપી રહી છે, એવા સમયે આપણે અધ્યાત્મને શિક્ષણનો આધાર બનાવી તેજસ્વી પેઢીનું નિર્માણ કરીએ. ■

વ્યંગ___ભરત વૈષ્ણવ

feedback@bombaysamachar.com

# ઈન્સ્પેકટર કેમ રડી પડ્યા?

'સાબ, તમારી ગૈયા છું. ગમે એમ કરીને મને બચાવી લો. મારા માથે મોત મંડરાઇ રહ્યું છે... હું જીવવા માગું છું. મારી ખ્વાહિશ, આકાંક્ષા, અરમાન નાના છે. (આ એનાં સંતાનનાં નામ છે - શબ્દકોષના શબ્દો નથી!.) '

આટલું કહીને રઘલો પોલીસ ઇન્સ્પેક્ટરના પગમાં પડી ગયો. રઘલાની આંખોમાંથી શ્રાવણ- ભાદરવો વરસે.

'અલ્યા રોંચા, તું કોઇ એંગલથી ગાય જેવો લાગતો નથી. તું તો આખલા જેવો કે બળદ જેવો લાગે છે.' પોલીસ ઇન્સ્પેક્ટર વેદ સાહેબે xxxx મોટી ગાળ ફટકારી

'સાબ, એ તો કહેવાની સ્ટાઇલ છે...' રઘલો ઓછા લાકડે કયાં બળે એવો હતો.

'તું પહેલા ઊભો થા.' વેદ સાહેબે પોલીસ ખાતાની પરિચિત કડકાઈ દાખવી. પોલીસને આવા તમાશાનું રોજનું થયું .

'ના સાહેબ હું ઉભો નહીં થાવ. તમે મને બચાવવાની ખાતરી આપો પછી જ ઉભો થઇશ.' રઘલાએ કોઈ ખેડૂત આગેવાન જેવો સત્તાગ્રહ કર્યો.

'જો તારી વાત મને પલ્લે પડતી નથી. તને કોનાથી ખતરો છે, શું કામ ખતરો છે, તું બદમાશ છે કે સજ્જન છે એની મને કયાં ખબર છે?' વેદ સાહેબે રઘલાને એક અડબોથ ઝીંકીને સવાલ પૂછ્યા. પોલીસના હાથ વધુ ચાલે અને જીભ ઓછી ચાલે.

'સાહેબ મને કેમ માર્યો ? હું તો ફરિયાદી છું. મેં તો કોઇ ગુનો કર્યો નથી. ગર ગુનાએ તમે મને મારી ન શકો.' ઘલાએ પોલીસ ટોર્ચરનો વિરોધ જાહેર ર્યો.

'કેમ ? ડામિસ તું ગુનો કરે ત્યાં સુધી મારે તને ઠમઠોરવા રાહ જોવાની? અમારા હાથને મારવાની ચળ ઊપડતી હોય તો પણ અમારે તમે ગુનો કરો ત્યાં સુધી રાહ જોવાની?' વેદ સાહેબે રઘલાને બીજી અડબોથ મારી હાથની ખુજલી મિટાવી.

'સાહેબ હું વૃક્ષના પાંદડાંની માફક દિનરાત ફફડું છું. રાતે તો મારી હાલત કફોડી થાય છે.' રઘલા પૂરા કાર્ડ ખોલ્યા વગર બ્લાઇન્ડ ગેમ રમતો હતો.

'અલ્યા ડોફા, તું અંધારી આલમમાં કામ કરે છે? બોસ સાથે વાંકું પડ્યું છે? તને અંડર વર્લ્ડથી ખતરો છે?' વેદ સાહેબે રઘલાની ઊલટ તપાસ ચાલું કરી.

'ના સાહેબ હું તો સીધી લીટીનો લબાડ છું.' રઘલાએ જવાબ આપ્યો.

'તો અંબાણી જેટલો ધનવાન છો ? તારા પર એકસટોર્શન માટે બ્લેન્ક કોલ આવે છે?' વેદ સાહેબનો બીજો સવાલ.

'સાહેબ હું તો ગર્ભગરીબ છું.' રઘલો ઉવાચ.

તે કોઇનું ગબન કર્યું છે?' વેદ સાહેબે આકરી તવાઇ સાથે પૂછપરછ આદરી.

'ના સાહેબ.'

'તો તને કોઇએ ડિજિટલ એરેસ્ટ કરી પૈસા માગ્યા છે?'

'સાહેબ, એટલો ડફોળ તો હું નથી.' રઘલાએ કોલર ઉંચો કરીને કહ્યું .

'ઠોક્યા, તારો પગ ક્યાંય કૂંડાળામાં પડી બડી ગયો નથી ને. ક્યાંક હનીટ્રેપમાં ફસાયો છે?' વેદ સાહેબે આંખ મિંચકારી પૂછ્યું.



'ના સાહેબ એવું નથી. હું તો નારીને નવ ગજ નહીં પણ નવાણું ગજથી સાક્ષાત્ દંડવત્ પ્રણામ કરું છું. સાહેબ, તમે લગ્ન કર્યા છે?' રઘલાએ અચાનક સામો સવાલ કર્યો.

'પોલીસને અંગત સવાલ કરે છે? તેં નક્કી સ્પોન્ઝી સ્કિમમાં કરોડો રૂપિયા ઉસેટ્યા હશે. પૈસા પરત કરવાના સમયે તું અખાડા કરતો હોઇશ?'

'ના સાહેબ, શું ગાંડુંઘેલું પૂછો છો? તમને પોલીસ અધિકારી કોણે બનાવ્યા? કોઇ તાલીમ બાલીમ આપી છે કે નહીં?' રઘલો હવે સાહેબ પર બગડ્યો .

'સાલા, આમ, તો મુફસિલ લાગે છે. તું સ્ટેન્ડઅપ કે સિટિંગ કોમેડિયન - બોમેડિયન નથી ને પેલા કુણાલ કામરા જેવો?' વેદ સાહેબે હોટ ટોપિક પરથી સવાલ બનાવી લીધો.

'સાહેબે તમે બહુ પૂછી લીધું. હવે ચૂપચાપ રહીને મારી વાત સાંભળો.' રઘલાએ અલ્ટિમેટમ આપ્યું.

'તો ભસી મર .' વેદ સાહેબે આદેશ આપ્યો.

'સાહેબ, રાતે કોઇક સપનામાં આવે છે.' રાજુ ભયભીત સ્વરે બોલ્યો.

'પછી શું?' વેદે પૂછયું.

'સાહેબ રાતે કોઇક મારી છાતી પર બેસી જાય છે. તેને લાંબા લાંબા નખ છે. ડ્રેકુલાની માફક લાંબા નખથી મારી છાતી ચીરે છે. મારી છાતીમાંથી ફૂવારાની જેમ લોહીનો ઘોંઘાટ વહે છે. એને એ બરફ કે સોડા નાખ્યા વગર પીવે છે. મારા માંસના ટુકડાની મંચિંગ કરીને આરોગે છે.' રઘલાએ રોહિત શેટીની હોરર ફિલ્મ જેવો સીન ક્રિયેટ કરી દીધો.

'રઘલા, મને ડરાવ નહીં. મને હોરર મૂવી કે સિરિયલની બીક લાગે છે...ભૂતબૂતથી મારી ફાટે છે.' વેદ સાહેબ પહેલીવાર ઢીલા પડી ગયા.

'સાહેબ, મારી પત્ની મારી છાતી પર બેસીને સપનામાં મારું લોહી પીવે છે.' રઘલાની ધીરજનો બંધ છૂટી ગયો અને રઘલો ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગ્યો .

'રઘલા. રઘલા.' આટલું બોલી વેદ સાહેબ અચાનક રઘલાને ભેટી પડયા.

'સાહેબ, તમે કંઇ કહેવા માગો છો? સાહેબ, ઊભરો ઠાલવી દો.' રઘલાએ સાહેબનો ખભો પસવારતા કહી નાંખ્યું

'રઘલા, તું તો નસીબદાર છે. તારી તકલીફ અંગે પોલીસ સ્ટેશન આવીને ફરિયાદ કરવાની હિંમત કરી શકે છે. તને તો પત્ની સપનામાં આવીને છાતી પર બેસી તારું લોહી ચૂસે છે. અમે તો પોલીસમાં છીએ. અમારી પત્ની જળોની જેમ કપડાંલતા, ઘરેણા-જવેલરી, ફોરેન ટૂર માટે ધોળા દિવસે લોહી ચૂસે છે. આ કપાળમાં ઢીમચા દેખાય છે ? એ બધું પત્નીની દેન છે. અમે તો ફરિયાદ કરીએ તો નાક કપાય એટલે ફરિયાદ પણ કરી શકતા નથી.' સાહેબ કદલીસ્તંભની જેમ તૂટી પડયા. રઘલાના બે રૂમાલ ભીના થઇ ગયા, પરંતુ વેદ સાહેબનો વિલાપ અટકતો નથી.

રઘલો ડઘાઇ ગયો અને પોતાની ફરિયાદનો કાગળ લઇને પોલીસ સ્ટેશનમાંથી ચાલતી પકડી. ■

તસવીરની આરપાર___ભાટી એન.

feedback@bombaysamachar.com

# કલા-સંસ્કૃતિનું સવર્ધન કરે છે ગુજરાતની 'સંસ્કાર ભારતી'




ગુજરાતની સંસ્કાર ભારતી સંસ્થાએ ગુજરાતનાં ઊગતા સિતારા એટલે કલાકારોને પૂરક બળ આપવાની જ્યોતિ પ્રગટાવી છે, અને સાચા અર્થમાં સંસ્કાર ભારતી કલાકારો માટે કામ કરતી સંસ્થા પ્રતિ વર્ષ વિવિધતાસભર કાર્યક્રમો દ્વારા કલાનું ઉત્થાન થાય તેવા પ્રયાસ કરે છે. તેમાંય ૨૯/૦૩/૨૦૨૫ નો સોમનાથ મહાદેવનાં સાનિધ્યમાં કરેલ 'પ્રભાતોત્સવ=૨૦૨૫'ના આયોજનમાં એક નજરાણું સમાન શોભાયાત્રા નીકળેલ, જેમાં ગુજરાતનાં ૨૯ જિલ્લામાંથી ૪૦૦ કલાકારોએ નોનસ્ટોપ પોતાનું પર્ફોર્મિંગ પણ આપતાં હતાં તો રાસ ગરબાની રમઝટ ચાલુ હતી. તો સોમનાથદાદાનાં મંદિર સામે ચોકમાં અભેસિંહ રાઠોડ મન મોર બની થનગનાટ કરે ગાયું ને લોકો મંત્રમુગ્ધ થઈ ગયેલા સાથે શ્રદ્ધા શ્રીધરણીજી પણ કોકિલ કંઠી અવાજમાં ગીતો ગાયેલ જાણે સોમનાથ ભોળોનાથ રાસે રમવા આવ્યો હોય, તેવી અનુભૂતિ થઈ હતી. બાદ સોમનાથ ઘાટે ભવ્યતાતિભવ્ય આરતીનું આયોજન કરેલ.

નવલા વર્ષને વધાવવા છેલ્લાં ૧૭ વર્ષથી સોમનાથ ખાતે શ્રી રામ મંદિર ઓડિટોરિયમ માં 'પ્રભાસોત્સવ-૨૫' નો કાર્યકમ યોજાતો આવે છે. જેમાં ગુજરાતની ૨૯ જીલ્લા સમિતિના કુલ ૪૦૦ જેટલા કલાકારોએ પોતાની કલાના કામણ પાથર્યા હતા. આ વખતે પંચશીલ અભિયાન અંતર્ગત 'પર્યાવરણ' થીમ પર સાંસ્કૃતિક કૃતિઓ રજુ થઈ હતી.આ પ્રસંગે ઉપસ્થિત અખિલ ભારતીય અધ્યક્ષ ડો. મૈસુર મંજુનાથે ગુજરાત સંસ્કાર ભારતી દ્વારા ચાલતા આ વિશિષ્ટ સાંસ્કૃતિક યાત્રાની સરાહના કરી હતી અને આ પ્રસંગે આનંદ વ્યકત કરી પ્રાંતને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે સોમનાથ ભગવાનના સાનિધ્યમાં આવવું અને કલા પ્રદર્શિત કરવી તે ગૌરવવંતી ક્ષણ કહેવાય. તેમણે સંસ્કાર ભારતીના નેજા હેઠળ પ્રથમ વખત પોતાની ભારતીય વાયોલિન વાદનની કલાની પ્રસ્તુતિને જીવનની યાદગાર ક્ષણ ગણાવી હતી. આ પ્રસંગે દીપ પ્રાગટય વિધિ કરનાર ઉદઘાટક એવા ગીર સોમનાથના કલેકટરશ્રી ડી.ડી. જાડેજાએ પોતાની ફરજ ઉપરાંત આવા સારા કાર્ય થાય છે અને તેમાં તેમની ઉપસ્થિતિ માટે અને એક વિશિષ્ટ કલા પ્રસ્તુતિ માટે આનંદ વ્યકત કર્યો હતો. સોમનાથ મંદિરના ટ્રસ્ટી અને વિશેષ ઉપસ્થિત જે.ડી.પરમારે પ્રભાસ અને પ્રથમ જ્યોતિર્લિંગનું મહત્ત્વ સમજાવી આ ક્ષેત્રમાં દૂર દૂરથી આવનાર કલાકારોને આવકાર્ય હતા. વેરાવળ પાટણના નગર સેવા સદનના પ્રમુખ શ્રીમતિ પલ્લવીબેન જાની, જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાની પણ હાજરી હતી.ખાસ તો અ.ભા. અધ્યક્ષ ડો. મંજુનાથજીનું પેન્સિલ સ્કેચમાં તૈયાર થયેલા ચિત્ર ઉપાધ્યક્ષ રમણીકભાઈ ઝાપડિયા અને કનુભાઈ પટેલના હસ્તે આપવામાં આવ્યું.

અમદાવાદ : સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંત દ્વારા ૨૦૨૪ ગુજરાતમાં રહેતા કલાના કસબીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. અહીં સંસ્કાર ભારતી સાથે જોડાયેલા વિવિધ ક્ષેત્રના કલાના જાણકારોનું સન્માન કરવામાં આવ્યું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે વિવિધ કલાના, ૨૮ જેટલા કલા સાધકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

સંસ્કાર ભારતીની આગવી પહેલ : સંસ્કાર ભારતી

ગુજરાત પ્રાંતના અદયક્ષ અભેસિંહ રાઠોડે સમગ્ર ગુજરાતમાં સંસ્કાર અને સંસ્કૃતિનું સમાજમાં વૈચારિક ક્રાંતિ અને લોકોમાં સંસ્કૃતિને લઈને જાગૃતતા આવે તેવું સંસ્કાર ભારતી ગુજરાતનો મુખ્ય હેતુ જોવા મળે છે. સાથે સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પણ એવી ભાવના છે કે, ભારત કૃષિથી લઈને ઋષિઓનો દેશ છે, આ દેશની ભૂમિ ખૂબ જ પવિત્ર છે.



સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંત દેશના જે પોતે વિવિધ ક્ષેત્રની કલામાં પારંગત હોય તેવા વિવિધ કલા ક્ષેત્રના કલા સાધકોનું સન્માન કરીને તેનું ગૌરવ પ્રાપ્ત કરતા જોવા મળ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ ખૂબ જ ગૌરવપૂર્વક સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંતનો અમદાવાદ ખાતે ૨૦૨૪માં ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.

આ કલાના કસબીઓનું સન્માન : ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી રંગમંચ, લલિત કલા અને સાહિત્યને સમર્પિત અખિલ ભારતીય સંસ્થા સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંત આયોજિત મારી ગુણવંતી ગુજરાત સંસ્કારોત્સવ-૨૦૨૪ સંસ્કાર સન્માન-૨૦૨૪ એવમ્ સંસ્કાર વિભૂષણ માનપત્ર અર્પણ સમારોહનું અમદાવાદમાં ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં કરવામાં આવ્યું હતું.

પોષણ અને સંવર્ધન માટે સંસ્કાર ભારતી અવિરત પ્રયત્નશીલ છે. લોકમાતા મહારાણી દેવી અહલ્યાબાઈની ૩૦૦ મી જન્મ જયંતીની ઉજવણી અંતર્ગત સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંત દ્વારા આયોજીત 'મારી ગુણવંતી ગુજરાત, સંસ્કારોત્સવ-૨૦૨૪'માં ગુજરાત રાજ્યના વિવિધ ક્ષેત્રના ૩૦ શ્રેષ્ઠતમ કલાકારોના 'સંસ્કાર સન્માન ૨૦૨૪ એવમ્ સંસ્કાર વિભૂષણ માનપત્ર' રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે આપવામાં આવ્યા હતા.ત્યારે પણ સાથે સંગીત નાટક અકાદમી, ન્યુ દિલ્હી ઉપાધ્યક્ષ જોરાવરસિંહ જાદવ, સંસ્કાર ભારતીના અખિલ ભારતીય કોષાધ્યક્ષ સુભાષચંદ્ર અગ્રવાલજીની હાજરી હતી. સંસ્કાર સન્માન ૨૦૨૪: તેમજ ૨૦૨૫માં સોમનાથ ખાતે પ્રભાતોત્સવ ૨૦૨૫માં ભારતીય કલા-સંસ્કૃતિના ઉત્થાનની આછેરી બે વર્ષની ઝલક જોશો તો પણ કલાની કદર કરી પ્રોત્સાહન આપી સન્માનિત કરેલ આવી સંસ્કાર ભારતી ને સો... સો... સલામ... ■


LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## દાટ વાળતી દિમાગી દોડ

વિજ્ઞાન એટલે વિશેષ જ્ઞાન એવી પ્રાથમિક સમજથી આપણું મન કેળવાતું આવ્યું છે. કાળક્રમે વિજ્ઞાનના વ્યાપનું ગજબનાક વિસ્તરણ થયું છે. 'જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ'ની શૈલીમાં જ્યાં ન પહોંચે જ્ઞાન ત્યાં પહોંચે વિજ્ઞાન જેવું જોવા મળ્યું. મનુષ્ય જીવનમાં વિજ્ઞાનનો આવિષ્કાર આશીર્વાદ સાબિત થયો છે તો એણે આફતને પણ નોતરું આપ્યું છે. વિજ્ઞાને જ માણસને અનોખું વિચારવાની આદત પાડી છે. અલબત્ત, આ દિમાગી દોડ ક્યારેક દાટ પણ વાળી દે છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વિજ્ઞાનની પરીક્ષામાં પૂછાયેલા સવાલનો જવાબ વાંચી અનેક લોકો હસી હસીને બેવડ વળી ગયા છે તો એવા પણ લોકો છે જેમણે કપાળ કૂટી 'યે ક્યા હો રહા હૈ?'ની મોટેથી બૂમ પણ પાડી છે. 'કાર્બન ડાઈ – ઓકસાઈડ શું છે?What is CARBON - 




DIOXIDE?એ સવાલના જવાબમાં એક ભેજાબાજ (કે ભેજાગેપ?) વિદ્યાર્થીએ લખ્યું છે કે A Person Born in Car and Die out side is called Car - BonDie - Oxide –અક્કલ મંદ વિદ્યાર્થીએ કાર્બન શબ્દને મચડી કાર બોર્ન (કારમાં જન્મેલો) અને ડાઈ– ઓક્સાઈડની વાટ લગાડી ડાય આઉટ સાઈડ (બહાર ગુજરી ગયો) કરી નાખ્યું. અક્કલે એવી અવળચંડાઈ કરી કે વિજ્ઞાનનું વર્તુળ તિકડમનો ત્રિકોણ બની ગયું.

## અંધારામાં ટમટમતો દીવડો



બિહારનો ચંપારણ જિલ્લો ગાંધીજીના પ્રથમ સત્યાગ્રહ આંદોલન તેમજ વલ્લભ સંપ્રદાયના સ્થાપક જગદગુરૂ મહાપ્રભુ વલ્લભાચાર્યના જન્મસ્થાન માટે જાણીતો હોવા ઉપરાંત થારુ જાતિના લોકો માટે સુધ્ધાં પ્રખ્યાત છે. બિહારની બદનામીના કારણોમાં દહેજનું દૂષણ અગ્રક્રમે છે. એકવીસમી સદીમાં પણ પરણેતર જો મોટો દાયજો લઈને ન આવે તો માનસિક અને શારીરિક અત્યાચારનો ભોગ બનવાના દાખલા બને છે. જોકે, થારુ સમાજમાં સમરસતા અને પરંપરા પ્રત્યેના આદરભાવને કારણે દહેજના દૂષણને નકારવામાં આવ્યું છે. જો કોઈ વ્યક્તિ દહેજ લેવા કે દેવાની કોશિશ કરે તો સમાજ જ એનો બહિષ્કાર કરે છે. આવા વાતાવરણમાં દહેજની પ્રથા કરમાઈ રહી છે અને મહિલા સુરક્ષા અને સશક્તિકરણ સાચા અર્થમાં જોવા મળે છે. બિહાર આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત રાજ્ય ગણાય છે, પણ ચંપારણ જેવો જિલ્લો અંધારમાં ટમટમતા દીવડા જેવો છે જે જ્યોત સે જ્યોત જગાતે ચલો, અજ્ઞાન કો ભગાતે ચલોના ભાવાર્થને ઉજાગર કરે છે.

## સાત પૂંછડિયાની સિક્સર



ઓળખ બડી અજાયબ ચીજ છે. ઉંદર બોલો તો ક્રોધ ચડે અને હાથમાં પાણો લઈ પતાવી દેવાનું મન થાય, પણ જો મૂષક સાંભળો તો ગણેશજીના વાહન તરીકે છબી મનમાં અંકિત થઈ જાય અને બે હથેળી જોડાઈ ભક્તિભાવ જાગે. જોકે, અનેક વર્ષ આંતરિક યુદ્ધની સમસ્યામાં અટવાયેલા સાઉથ અમેરિકન દેશ કોલંબિયામાં ઉંદરનું ઉચ્ચારણ અહોભાવ પ્રગટ કરે છે, લોકો હાથની હથેળીથી એને સલામ કરે છે. 'રોનિન' તરીકે પંકાયેલા કોલંબિયન ઉંદરે (ઉંદરને નાગરિકતા? હસવાની છૂટ છે) એક એવી સેવા આપી છે, જેને કારણે અસંખ્ય કોલંબિયાના નાગરિકોના જીવ ઉગરી ગયા છે. ગણેશજીની આરતીમાં ગાઈએ છીએ ને 'સુખકર્તા દુઃખહર્તા વાર્તા વિઘ્નાચી', દક્ષિણ અમેરિકાના દેશમાં આ ગુણ ઉંદરમાં જોવા મળે છે. છેલ્લા ચાર વર્ષમાં રોનિન ઉંદરે જમીન નીચે બિછાવેલી ૧૦૯ સુરંગ અને ૧૫ દારૂગોળા સૂંઘી સૂંઘી શોધી કાઢ્યા છે. જો એ ફાટ્યા હોત તો હજારો લોકો મોતને ભેટ્યા હોત એટલે હવે વાર્તાનો સાત પૂંછડિયો ઉંદર દેખાય ત્યારે એનો ખાત્મો બોલાવી દેવાનો વિચાર આવે તો રોનિનને યાદ કરજો, કદાચ તમારા ઉગામેલા હાથ અટકી જાય. કુશાગ્ર બુદ્ધિ અને બેમિસાલ ઘ્રાણેંદ્રિય ધરાવતા રોનિન પહેલાં 'મગાવા' નામના ઉંદરે પાંચ વર્ષમાં ૭૧ સુરંગ અને ૩૮ દારૂગોળા પકડી પાડી અનેક લોકોને સંભવિત મૃત્યુથી બચાવી લીધા હતા. ૨૦૨૧માં નિવૃત્ત થયેલા મગાવાને બહાદુરીનો મેડલ એનાયત થયો હતો.

## કચરો વાળે કમાણી કરાવે



વણખેડાયેલા સ્વર્ગ તરીકે ઈશાન ભારતના 'સેવન સિસ્ટર્સ સ્ટેટ' ઓળખાય છે. આ સાત રાજ્યના સમૂહમાં આસામ પણ છે. ચાના બગીચા, રેશમ અને એક શીંગવાળા ગેંડા માટે જાણીતા આસામ રાજ્યનો કાર્બી ઓન્ગલોન્ગ જિલ્લો શ્રેષ્ઠ ગુણવત્તા ધરાવતા ઓર્ગેનિક આદુની ખેતી માટે પણ પ્રખ્યાત છે. એટલું જ નહીં, આસામના વેપારીઓનો દાવો છે કે આ જિલ્લામાં તૈયાર કરવામાં આવતા ઝાડુ ભારતના ઘરઘરના ખૂણેખૂણેથી કચરો સાફ કરવાનું નેક કામ કરે છે. વાત એમ છે કે ઝાડુ બનાવવા માટે ખાસ વપરાતું 'બ્રુમગ્રાસ' તરીકે ઓળખાતું ઘાસ ઓન્ગલોન્ગ જિલ્લામાં બહોળા પ્રમાણમાં ઉગાડવામાં આવે છે. સમગ્ર ભારતમાં સૌથી વધુ ઝાડુ આ જિલ્લામાં તૈયાર થાય છે. ફેબ્રુઆરી અને માર્ચ ઘાસની ફસલના મહિના ગણાય છે. આસામના અનેક પરિવારો આ ઘાસ ઉગાડીને રોજીરોટી મેળવે છે. જાણવા જેવી વાત એ છે કે આ ઘાસની ખેતીમાં કોઈ કડાકૂટ નથી હોતી અને ખડકાળ જમીન પર પણ એ ઊગી શકે છે. ઘાસ ઊગી ગયા પછી પડોશમાં આવેલા મેઘાલય રાજ્યના વેપારીઓ આવી ઝાડુ લઈ જઈ દેશભરમાં એનું વિતરણ કરે છે. ૯૦ ટકા ઝાડુનું વેચાણ માર્ચ અને એપ્રિલમાં થઇ જાય છે. બાકી રહેલા હિસ્સાનો ઉપયોગ સ્થાનિક લોકો ઢોરના ચારા તરીકે કરે છે.

## લ્યો કરો વાત!

પ્રભુને પ્રાર્થના કરી આશીર્વાદ મેળવી અંગત લાભ મેળવવો એ મનુષ્ય સ્વભાવ સદીઓથી જોવા મળ્યો છે અને હવે પછી પણ જોવા મળશે. એવા જ એક ભક્તની પ્રાર્થના સાંભળી ભગવાન પ્રસન્ન થયા છે અને ભક્તને કહે છે, 'માગ જે માગવું હોય એ' રાજી રાજી થઇ ગયેલો ભક્ત કહે છેઃ હે ભગવાન, તમારા માટે કરોડો વર્ષ એટલે એક સેકન્ડ ને? સસ્મિત વદને પ્રભુએ હા પાડી. પછી ભક્તે કહ્યુંઃ તમારે માટે કરોડો રૂપિયા એક પૈસાની બરોબર ને? ફરી સસ્મિત વદને પ્રભુએ હા પાડી. ખુશખુશાલ થઈ ગયેલા ભક્તે કહ્યુંઃ મને ઝાઝું નથી જોઈતું, બસ એક પૈસો આપો ને. પ્રભુએ કહ્યુંઃ હા, એક સેકન્ડમાં આપું!.. ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**પ્રેમિકાને હનીમૂન પર લઈ જવાય?**
* તમારી પત્નીને પૂછી જોજો !

**માણસને ચરબી ક્યારે ચઢે?**
* મલાઈ (લાંચ) ખાતા અને બીજાનું લોહી પીતા આવડે ત્યારે...

**પુત્રના લક્ષણ પારણામાં, તો નેતાના?.**
* પ્રચાર વખતે અપાતાં વચનો પરથી...

**પ્રભુ માટે 'તુમ ચંદન, હમ પાની.. ' અને પત્ની માટે?**
* 'તુમ ચંદન,હમ તો પાની..પાની !'

**ઐસી લાગી લગન, મીરાં હો ગઈ મગન... શું સમજવાનું?**
* સેક્સ ચેન્જ ઓપરેશન સફળ થઈ ગયું.!

**ચિત્રગુપ્તના ચોપડાનું કોણ ઓડિટ કરતું હશે?**
* એ બંદા તો સેલ્ફ એસેસમેન્ટમાં માને છે.

**અમુક પ્રેમીયુગલ ભાગીને કેમ લગ્ન કરતાં હશે?**
* પકડાઈ જાય તો જાહેરમાં ધોલાઈ ન થાય એ માટે...

**ગાયમાંથી ગાયક કેમ ના બને?**
* કારણ કે બળમાંથી બળદ બનતો નથી માટે ...

**શ્યામ રંગ સમીપે ના જાવું.. તો ક્યાં જાવું?**
* રામ સમીપે...

**ખોટનો ધંધો અને ધંધામાં ખોટ તો સાચું શું?**
* ખોટ...

**દુઃખ, ચિંતા, મુશ્કેલી, પડતી... કહ્યા વિના કેમ આવે છે?**
* ટેવ પડી ગઈ છે. બીજું શું?

**મોટી વ્યક્તિ કેવી રીતે બની શકાય?**
* પૈસા ખરચીને એવૉર્ડ ખરીદીને.

**લગ્ન વખતે ફેરા કેમ ફરવામાં આવતા હશે?**
લગ્ન પછી સંસારમાં ફેર-ચક્કર ન ચઢી જાય એ માટે...

**પરપોટો કેમ ફૂટી જાય છે?**
* મૂળભૂત રીતે એ તકલાદી હોય છે

**હવે તો અમુક વડીલો પણ ફરી કેમ પરણે છે ?**
* 'એક્સન રિ-પ્લે ' જોઈને પોતે ક્યાં ભૂલ કરી એ જાણવા!

**વટ ક્યારે ન પડે ?**
* બનાવટ થાય ત્યારે.

# બસમાં રખડવું એ પણ એક જલસો હતો!

ઔર યે મૌસમ હંસીં... દેવલ શાસ્ત્રી feedback@bombaysamachar.com




આજકાલ બસમાં મુસાફરી કોઈ કરતું નથી. મોટાભાગના પરિવાર માટે કાર જ હાથવગી થવા લાગી છે. 'કાર' શબ્દ મૂળે લેટિન ભાષામાંથી આવ્યો. 'કાર' શબ્દનો અર્થ થાય છે : સામાન લઇ જવા માટે બે પૈંડાનું વાહન. જો કે કાર સમય જતાં ચાર પૈંડાનું વાહન થઇ ગયું. કંઈક આવું જ જીપ માટે છે. જીપનો મૂળ અર્થ 'વેહિકલ ફોર જનરલ પર્પઝ' થતો હોવાથી તે 'જીપી' કહેવાતું. આ જીપી ધીમે ધીમે 'જીપ' બની ગઈ. બાકી 'ટ્રક 'એટલે દોડવું, રેલવે વેગનને પણ ટ્રક કહેવામાં આવતી હતી. લેટિન શબ્દ 'ટ્રેક્ટર 'એટલે ખેંચવું, ટ્રેક્ટરથી ટ્રોલી અને હળને ખેંચવામાં આવતાં.

આ બધા વચ્ચે વાત યાદ આવે છે એસટીની, 'એસટી'નો અર્થ જાતે શોધો. આ વાહનોના અર્થની ચર્ચા છોડો, આપણે એસટી બસના સુવર્ણ યુગને યાદ કરવો છે.

જે કહો તે પણ એસટી તો એસટી જ હતી. શિયાળામાં ક્યારેય બંધ ન થતી બારીઓ હોય અને બારી બંધ થાય તો તેની નાનકડી તિરાડમાંથી કાતિલ પવન આવતો હોય. ચોમાસામાં વરસાદની મજા કરાવે અને ઉનાળામાં એન્જિનમાંથી આવતી ગરમ હવા સિઝનની વાતોમાં એસટી હંમેશાં સિઝનલ જ રહી છે. બસનું વાતાવરણ પૃથ્વી કરતાં અલગ જ હોય, જયારે તમે બસમાં ચઢો ત્યારે સૌથી પહેલાં એની ખાસ ગંધ અને અવાજ તમારું સ્વાગત કરે છે. બાકી રહ્યું બારી, દરવાજા અને બેઠકોનો ખડખડાટ સાથે ડિઝલની હળવી ગંધ અને એન્જિનનો ગડગડાટ.

હું નાનો હતો, ત્યારે ગામડેથી શહેર જવા માટે સ્ટેટ ટ્રાન્સપોર્ટની લાલ બોર્ડવાળી બસ પહેલી પસંદ હતી. બસની ખખડતી સીટ, બારીમાંથી આવતો પવન અને રસ્તા પર ઊડતી ધૂળ સાથેની મુસાફરીમાં કંડક્ટરનો અવાજ, 'ટિકિટ, ટિકિટ!' અને એની સાથે ટિકિટનો નાનો ટુકડો હાથમાં લેવાની મજા એ કંઈક અલગ જ હતી. એસટી અત્યારે એટલે માટે યાદ આવે છે કે વેકેશનમાં ઢગલાબંધ મુસાફરીઓ કરી છે. આપણે વતનમાં ગયા હોઈશું કે પછી મોસાળમાં જતાં ત્યારે મુસાફરીનું માધ્યમ એસટી હતું. હા, તમે મુંબઈગરાઓએ રેલવેમાં વધારે મુસાફરી કરી હશે, પણ મુસાફરીના અનુભવ તો સરખા જ હોય.

આપણે એવા પણ વડીલો જોયા છે કે બે પૈસા બચાવવા લોકલ બસનું કાળું બોર્ડ શોધતા હોય. ટૂંકા અંતરની એક્સપ્રેસ બસમાં મુસાફરી કરવી એ લકઝરી ગણાતી. એક જમાનામાં સ્કૂલની ટૂર હોય કે લગનની જાન હોય, બધું એસટીની બસમાં જાય. જે પ્રજાતિઓને ઇલેક્શન, રાજનીતિ અને સમાજ જીવનમાં રસ છે, વોટ્સએપ યુનિવર્સિટી પર બેસીને ફોર્વડિયા અભિપ્રાય ઠોકાઠોક કરે છે એમણે સમજવું જોઈએ કે એક અલગ જ ભારત બસોમાં, મુંબઈની ટ્રેનોમાં, બસસ્ટેન્ડ કે છકડાઓમાં વસે છે. એસટી હોય કે પબ્લિક ટ્રાન્સપોર્ટ હોય, આ આપણી જીવનશૈલીમાં એક ભાગ છે.

બસસ્ટેન્ડ બહાર ટિપિકલ ભજિયાંની સુગંધ આવતી હોય રેસ્ટોરન્ટ હોય, આવતા જતાં એ સુગંધ પણ ગમતી. બસસ્ટેન્ડ પરના બુકસ્ટોલ પર લટકતાં મેગેઝિનો, છાપાંઓ અને નાની -મોટી ચોપડીઓ સાથે કેટલાક સેક્સનું જ્ઞાન કે અજ્ઞાન આપતાં મેગેઝિન્સ હોય. પ્લેટફોર્મ પર ઠંડા પાણી માટે ટિપિકલ પંપવાળી લારીઓ આજકાલ ગાયબ થઇ ગઈ છે. લારીવાળો ભલે પાણી વેચતો હોય પણ કદી નહાતો હોય એવો લાગે જ નહીં, છતાં બે ત્રણ ગ્લાસ પાણી પીને આપણે ગરમીમાં હાશકારો કર્યો છે. આ પંપવાળાની એક ખાસિયત રહેતી, આખો દિવસ પંપની લારી ગંદા કપડાથી સાફ કરીને ચમકતી કર્યા કરે... કેવા દિવસો હતાં એ?!

બાકી હોય તો શેરડીનો રસ લઇને બૂમો પાડતો ફેરિયો.... એને ગમે તેટલી ગિરદીમાં ખબર હોય કે ગ્લાસ કોની પાસે છે અને કેટલા પૈસા લેવાના બાકી છે. બસમાં આવતા સેલ્સમેનની ક્વોલિટી શીખવા જેવી હતી. એમની પાસે સેલ્સની અદભુત ક્ષમતા હતી, મુસાફરોના મૂડ અને જરૂરિયાતોને ઝડપથી ઓળખવાની આવડત સાથે એ એક નજરમાં જાણી લેતાં કે કયો મુસાફર ખરીદી કરવામાં રસ લઈ શકે છે અને કોણ અવગણશે. પ્લાસ્ટિકના મશીનવાળો જ્યૂસ કાઢવાનો ડેમો આપે અને ગ્લાસ ભરીને જ્યૂસ કાઢે. આ જ મશીન ઘરે લઇ જાવ તો અડધો ગ્લાસ પણ નીકળતો નહીં, આમ છતાં છેતરાવાનો આનંદ થતો. વળી કોઈ પેન વેચવા આવે અને એમાં પેન સાથે પેન્સિલ મફત આપે. બાળકો સાથેના પરિવાર પાસે રમકડાં કે નાસ્તો વેચવાનો પ્રયાસ કરે, ના પાડવા છતાં ચહેરા પર કોઈ જાતનો ઉચાટ જોવા મળતો નહીં. 'ના' શબ્દ બસના ફેરિયાઓના કોઠે પડી ગયો હોય છે.

એસટી ડેપોના એનાઉન્સર અડધા જ વાકય બોલતાં. 'અમદાવાદ જતી ૬૮૪૫નો કંડકટર બસ રવાના કરે આઠ નંબરના પ્લેટફોર્મ પરથી ગોધરા ઊપડવાની તૈયારી... બેન, જોરથી બોલો, ના તમારી કલાકની વાર છે... તળાજા કેન્સલ છે.... વાયા ઉપલેટા થઈને.' આ બધું સાંભળવાની એક મજા હતી... દરેક વાતને ટૂંકમાં કહેવી એ એસટીના એનાઉન્સરની ટિપિકલ ખાસિયત હતી. સમય પર બસ ના આવી હોય કે કોઈ વિવાદ થાય એટલે ટોળું એનાઉન્સરની ઓફિસ પર જાય, માઇક ચાલુ હોય અને હો હા હલ્લો થતો હોય. એક તો એમના પાવરમાં કશું ન હોય છતાં બધું ઠેકાણે પાડવાનું...

હા, આપણા સહુને બસની મુસાફરી આજીવન યાદ હશે. જાતજાતના હૈયાનાં તોફાનો વચ્ચે ક્યાંક અખિયા મિલાકે થયું હોય. બસમાં પ્રેમમાં પડતાં અને પ્રેમ તૂટતા જોવાનો અલગ જલસો હતો. વળી, મોકો મળે તો ગમતા પાત્રને પૂછી લેવાનું, લેટર આપતા અને જાણીને નીચે નેપકીન ફેકતા પંખીડા જોવામાં ઇર્ષા થતી, પણ થાય શું? ગિરદીમાં બારીમાંથી ઘૂસીને કોણ કોની માટે સીટ રાખે છે એ પર ઘણાની વક્ર નજરો રહેતી. એ જમાનામાં સોશિયલ મીડિયા ક્યાં હતું? આપણી એસટી બસ સોશિયલ મીડિયાનો પ્રકાર જ હતો. એસટી ડેપો પર કલાકો ઉભા રહીને સેટ થનારાઓનો ખાસ વર્ગ હતો, જે બસસ્ટેન્ડ પર ઊભા હશે એમને ખબર કે એ ગંદકીમાં પણ પ્રેમની ભીની ભીની ખુશ્બુઓ કેવી લાગતી હતી... બે નંબરના પ્લેટફોર્મ પર ઊભેલો સાત નંબર પર સેટ થતો હોય... વો ભી ક્યા જમાના થા...યાર ! ■

**ધ એન્ડ :**

બસમાં ત્રણ પ્રકારના પેસેન્જર હોય... કંડકટર, સેમી કંડકટર અને ઇન્સ્યુલેટર જેવા. ખાલી બસ હોવા છતાં સેમી કંડકટર પ્રજાતિ દરવાજા પર જ ઊભી રહે!

કચ્છી ચોવક ___ કિશોર વ્યાસ kishor.vyas@bombaysamachar.com

# ઈશ્વર સમયથી પહેલાં નથી આપતો... ધીરજ ધરવી પડે

'વાતા વિજણી' જેવો એક શબ્દ પ્રયોગ કચ્છીમાં થતો હોય છે. અહીં 'વાત'નો અર્થ એ થાય છે ઝઘડો કરવો પણ મૂળ અર્થ થાય છે કોઈને બચકાં ભરવાં કોઈ કાર્યનો પ્રારંભ થતો હોય ત્યારે ઝઘડો થાય કે, કોઈને 'તોડી પડાય' ત્યારે પ્રયોજાતી એક ચોવક છેઃ 'અચેતી રાત,ને વિજેતી વાત' હવે આ આખી ચોવકનાં બંધારણને સમજીએ. ગુજરાતીમાં કહેવું હોય તો એમ કહેવાય કે, 'રાત પડી નથી ને (તેણે) ઝઘડો શરૂ કર્યો નથી'! હવે અહીં 'તેણે'ની જગ્યાએ પત્ની શબ્દ મૂકીને આખી ચોવક ફરીથી વાંચો! કેન્દ્રમાં સ્ત્રીને રાખીને ચોવક બનીઃ 'અચેતી રાત, ને વિજેતી વાત' 'અચેતી' એટલે આવે છે અને 'વિજેતી' એટલે કરે છે, નાખે છે. પ્રેમ કરવો તો કોરાણે રહ્યો પણ રાત પડે અને મિલન થાય કે ઝઘડાની શરૂઆત થાય. હવે અહીં 'રાત' ની જગ્યાએ કોઈ 'મહત્ત્વની વાત' 'મહત્ત્વનું કામ' એ શબ્દોનો પ્રયોગ પણ કરી શકાય. એમ કરતાં 'પત્ની' ચોવકમાંથી નીકળી જાય અને અન્ય કોઈ વ્યક્તિ તેનું સ્થાન લઈ લે!

હવે, આવા કજિયા કે કટુ વેણનું પરિણામ તો સારું ન જ આવે, એટલે એવી ચોવક બની કે, 'કજિયે મેં લડું ન વે' મતલબ કે, કજિયામાં કે ઝઘડામાં કે કટુવેણમાં મિઠાસ તો ન જ હોય ને? 'લડું' મિઠાસની જગ્યાએ મુકાયેલો શબ્દ છે. ગુજરાતીમાં આપણે 'લાડુ' કહીએ છીએ. અહીં- સંબંધોમાંથી મિઠાસની વિદાય અને કંકાસના પ્રવેશની વાત બખૂબીથી વણાઈ ગઈ છે!

આવા કજિયા- કંકાસ અટકે કઈ રીતે? બેમાંથી એક જણે તો નમતું જોખવું જ પડે ને? વાતનો નિવેડો તો લાવવો જ પડેને? એવો નિવેડો લાવવાની વાતને વણી લેતી એક ચોવક પણ પ્રચલિત છેઃ 'કાં રબ ડે ને કાં રજા ડે' સમાધાનનો માર્ગ છે. અર્થ થાય છેઃ કાં તો રાબ (મિઠાસ) આપ અને કાં તો મને રજા આપ, રજા આપ એ છૂટા પડવાની વાત નથી પરંતુ 'તારી કડવી જબાન હવે બંધ કર' એ અર્થમાં છે.

ઘણીવાર એવું બને છે કે આવા ઝઘડા તરત શમી પણ જતા હોય છે. તેને, દૂધને ગરમ કરતાં જે ઉફાણા આવે તેની સાથે સરખાવામાં આવે છે. એ અર્થમાં ચોવક પણ છે કે, 'ખીર વારા ઉફાંણા, સેં કિતરી વાર?' ખીર એટલે દૂધ, 'ઉફાંણ'નો અર્થ થાય છે ઉફાણું અને 'કિતરી વાર' એટલે કેટલી વાર કે સમય! દૂધમાં આવેલું ઉફાણ કેટલી વાર ટકે? બસ, એટલી વાર જ ઝઘડો ચાલ્યો.

સમયથી પહેલાં ઈશ્વર પણ કંઈ આપતો નથી પરંતુ માણસ કલ્પના કરીને સમયથી પહેલાં જ મેળવી લેવા હવાતિયાં મારે છે. અથવા તો 'મળી ગયાની' કલ્પના કરીને તેનો આનંદ લે છે. ચોવક છેઃ 'કપા કાલે મેં નેં ચોફાર જો જગડો' આવું ઘણી જગ્યાએ જોવા મળતું હોય છે. અહીં ઉદાહરણ 'કાલાં' અને 'કપાસ'નું આપવામાં આવ્યું છે. કપાસન ઉગે પણ એ કાલામાં ભરાયેલા હોય! ઉગતા કપાસને જોઈને કલ્પનાના ઘોડા દોડવા લાગે કે મબલખ ઉતરશે તો આમ કરશું... તેમ કરશું! અહીં 'ચોફાર' શબ્દનો ઉપયોગ થયો છે. તેનો અર્થ થાય છે કે... 'ચોફાળ' જે કપાસમાંથી જ બનતો હોય છે. તો આખી ચોવકનો અર્થ એ રીતે પણ થઈ શકે કે, કપાસ ઉગશે ઉતરશે, કાલાં ફોલાશે પછી... ઘરના સભ્યો વચ્ચે એવો ઝઘડો થાય કે, એ કે, એ કપાસમાંથી મારો ચોફાળ બનાવડાવીશ!

ચોવકોમાં ઊંડાણ હોય છે અને જેટલા ધારો એટલા અર્થ કાઢી શકાય છે. ઉદાહરણ આપું છુંઃ 'અધમેં હારી, ને અધમેં આકાય' 'અધમેં' એટલે 'અડધામાં', 'હારી' એટલે કામ પર રાખેલો નોકર કે મજૂર. 'આકાય' એટલે પરિવાર. હવે એ મજૂર કે નોકરનો ખોરાક એટલો હોય છે કે, એ એકલો જ અડધા પરિવાર જેટલું ખાઈ જાય છે! પણ આ ચોવકના વ્યાપક અર્થ અને પ્રયોગ થઈ શકે છે, અને થાય છે. ■

## મુંબ્રામાં હિચકારી ઘટનાથી ખળભળાટ
# ૧૦ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ કર્યા પછી હત્યા કરી લાશ બિલ્ડિંગના ડકટમાં ફેંકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ થાણે જિલ્લાના મુંબ્રા પરિસરમાં બનેલી હિચકારી ઘટનામાં સોસાયટી કમ્પાઉન્ડમાં રમતી ૧૦ વર્ષની બાળકીને રમકડાં આપવાને બહાને છઠ્ઠા માળે આવેલા પોતાના ફ્લૅટમાં લઈ જઈ યુવકે કથિત દુષ્કર્મ કર્યું હતું. દુષ્કર્મ પછી તીક્ષ્ણ હથિયારથી ગરદન પર ઘા કરી બાળકીની હત્યા કરીને મૃતદેહ બિલ્ડિંગના ડકટમાં ફેંકી દેનારા યુવકની પોલીસે ધરપકડ કરી હતી. મુંબ્રા પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ આસિફ અકબર મન્સૂરી (૨૦) તરીકે થઈ હતી. બિહારના અમરપુર (જુઓ પાનું ૪) ▶▶

# ૨૦૨૯ પછી પણ મોદી જ પીએમઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે સ્પષ્ટ કર્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૦૨૯ પછી પણ દેશનું નેતૃત્વ કરતા રહેશે અને ઉત્તરાધિકારીની ચર્ચા કરવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. ફડણવીસે આ સ્પષ્ટતા શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતના ગયા મહિને કરવામાં આવેલા દાવાના જવાબમાં આવ્યો છે જેમાં તેમણે કહ્યું હતું કે મોદીએ નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના મુખ્યાલયની મુલાકાત લીધી હતી જેથી (જુઓ પાનું ૪) ▶▶

# કાંદિવલીમાં બિલ્ડિંગના ત્રીજા માળનો ફ્લોરિંગનો ભાગ તૂટી પડતાં બે જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કાંદિવલી પશ્ચિમમાં મજીઠિયા નગરમાં આવેલી ઈમારતના ત્રીજા માળનો ફ્લોરિંગનો સ્લેબ તૂટી પડતાં મહિલા સહિત બે જણ ઘવાયાં હતાં.

ફાયર બ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના મંગળવારની સવારે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ બની હતી, પરંતુ રહેવાસીઓ દ્વારા અમને છેક બપોરે બે વાગ્યા પછી જાણ કરાઈ હતી. સંબંધિત ઈમારત જર્જરિત હાલતમાં હોવાથી રહેવાસીઓને ફાયર બ્રિગેડ દ્વારા સૂચના પણ અપાઈ હતી. મળતી માહિતી અનુસાર કાંદિવલીના એસ. વી. રોડ પર આવેલા મજીઠિયાની ૩-સી ઈમારતના ત્રીજા માળેની રૂમ નંબર-૧૬નો ફ્લોરિંગનો ભાગ તૂટીને નીચેના બીજા માળની રૂમમાં પડ્યો હતો. સ્લેબ બીજા માળની રૂમની ઘરવખરી પર પડ્યો હતો. ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ બીજા માળની રૂમ નંબર-૧૨માં રહેતાં રસીલાબહેન સોલંકી (૫૫) અને એ રૂમમાં સમારકામ માટે આવેલા રામાનૈયા કુરુનુમ પર સ્લેબનો ભાગ પડ્યો હતો, જેને કારણે બન્નેને ઇજા થઈ હતી. સારવાર માટે તેમને કાંદિવલીની શતાબ્દી હૉસ્પિટલમાં લઈ જવાયા હતા. પોલીસના જણાવ્યા મુજબ રસીલાબહેનના હાથમાં ફ્રેક્ચર થતાં પ્લાસ્ટર કરાવવું પડ્યું હતું. રસીલાબહેન સાથે રૂમમાં હાજર આઠ વર્ષની બાળકી આ ઘટનામાંથી સહીસલામત બચી ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. દરમિયાન પાલિકા દ્વારા ઈમારત ખાલી કરાવવાની કામગીરી હાથ ધરાઈ હતી. ■

# વિમેન્સ રેલી ટુ ધ વેલી શનિવારે



(અમય ખરાડે)

મુંબઈઃ વેસ્ટર્ન ઈન્ડિયા ઓટોમોબાઇલ એસોસિયેશન (ડબ્લ્યુઆઇએએ) દ્વારા મહિલાઓની સુરક્ષા, સશક્તિકરણ અને માર્ગ શિસ્તતા અંગે પ્રોત્સાહન આપવા માટે ‘જે. કે. ટાયસ-ડબ્લ્યુઆઇએએ વિમન્સ રેલી ટુ ધ વેલી ૨૦૨૫’નું આયોજન ૧૨મી એપ્રિલ, ૨૦૨૫ના શનિવારે કરવામાં આવ્યું છે. લોકપ્રિય એવી ટાઇમ-સ્પીડ-ડિસ્ટન્સ (ટીએસડી) રેલીને મુંબઈના એનએસસીઆઇથી લીલી ઝંડી આપવામાં આવશે ત્યાર બાદ તે ગેટવે નાશિક સુધી પહોંચશે અને ત્યાર પછી સાંજે ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાશે, એમ ડબ્લ્યુઆઇએએના એક્ઝિક્યુટિવ ચેરમેન નીતિન ડોસાએ જણાવ્યું હતું.

આ રેલીમાં ૩૦૦થી વધુ મહિલા ડ્રાઇવર્સ અને નેવિગેટર્સ ભાગ લેશે. આ રેલીને ફેડરેશન ઓફ મોટર સ્પોર્ટ્સ ક્લબ ઓફ ઈન્ડિયા (એફએમએસસીઆઇ) તરફથી મંજૂરી મળી છે.

આ રેલીની જાહેરાત આઠમી એપ્રિલ, મંગળવારે યોજાયેલી પત્રકાર પરિષદમાં કરવામાં આવી હતી જેમાં ડબ્લ્યુઆઇએએના એક્ઝિક્યુટિવ ચેરમેન નીતિન ડોસા, ડેપ્યુટી સેક્રેટરી જનરલ રણજિત કૌર વિર્ક, રેલી મીટના સીઓસી બીના શાહ, સ્પર્ધક પૂજા ભોઇર ઉપસ્થિત રહ્યા હતા.

# ગૂણી પરના માર્કની મદદથી મહિલાનો હત્યા કેસ ઉકેલાયોઃ ત્રણની ધરપકડ

## લિવ-ઈનમાં રહેતી મહિલા લગ્નની જીદ કરતી હોવાથી કાસળ કાઢ્યુંઃ જંગલમાં ગળું દબાવી હત્યા કરીને મૃતદેહને ગૂણીમાં ભરી પુલ પરથી નદીમાં ફેંક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પાલઘર જિલ્લાના નાશિક-જવ્હાર રોડ પરની વાઘ નદીને કિનારે ગૂણીમાંથી મળેલા મહિલાના મૃતદેહનો કેસ પોલીસે ગૂણી પરના માર્કની મદદથી ઉકેલી કાઢ્યો હતો. લિવ-ઈનમાં રહેતી મહિલા લગ્ન કરવા વારંવાર જીદ કરતી હોવાથી આરોપીએ બે મિત્રની મદદથી તેનું કાસળ કાઢ્યું હતું. મોખાડાના જંગલમાં ગળું દબાવી મહિલાની હત્યા કર્યા પછી મૃતદેહને ગૂણીમાં ભરી પુલ પરથી નદીમાં ફેંકવામાં આવ્યો હતો. મોખાડા પોલીસે સોમવારે પકડી પાડેલા આરોપીઓની ઓળખ રાજુકુમાર રાસબિહારી વરહી (૨૪), સુરેશ રામશોભીત સિંહ (૫૦) અને બાલાજી અશોક વાઘમારે (૩૪) તરીકે થઈ હતી. કોર્ટે ત્રણેય આરોપીને ૧૧ એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેમની વધુ પૂછપરછ કરી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ નેપાળના વતની અને હાલમાં વાપીના સિલવાસામાં રહેતા રાજુકુમાર વરહી અને નેપાળની જ વતની કાજોલ ગુપ્તા (૨૫) વચ્ચે પ્રેમસંબંધ હતા. બન્ને જણ સિલવાસામાં લિવ-ઈન રિલેશનશિપમાં રહેતાં હતાં. જોકે કાજોલ વારંવાર લગ્ન માટે વરહી પર દબાણ કરતી હતી. વરહીએ તેના બે મિત્ર સિંહ અને વાઘમારે સાથે મળીને કાજોલનો કાંટો કાઢવાનું નક્કી કર્યું હતું. પોલીસને મૃતદેહ મળ્યાના ત્રણ દિવસ અગાઉ વાઘમારેની કારમાં કાજોલને ફરાવવાને બહાને સિલવાસાથી દહાણુમાં મહાલક્ષ્મી માતાના મંદિરે લઈ જવામાં આવી હતી. ત્યાં દર્શન કરી ચારેય જણ નાશિકના ત્ર્યંબકેશ્વર ગયા હતા. પાછા ફરતી વખતે કાર મોખાડાના જંગલ પરિસરમાં ઊભી રાખવામાં આવી હતી. પછી સ્કાર્ફથી ગળું દબાવી કાજોલની હત્યા કરવામાં આવી હતી. તેના શબને ગૂણીમાં ભરી પુરાવાનો નાશ કરવાને ઇરાદે ઘાટકરપાડા ગામની હદમાં આવેલા પુલ પરથી વાઘ નદીમાં ફેંકવામાં આવ્યું હતું. પહેલી એપ્રિલે વાઘ નદીને કિનારેથી મહિલાનો મૃતદેહ ગૂણીમાંથી મળી આવ્યો હતો. ગૂણીમાંથી દુર્ગંધ આવતી હોવાથી ગામવાસીઓની નજર પડતાં પોલીસને જાણ કરાઈ હતી. મોખાડા પોલીસે હત્યાનો ગુનો નોંધી ઈન્ચાર્જ એપીઆઈ પ્રેમનાથ ઢોલેની ટીમે તપાસ હાથ ધરી હતી. ગૂણી પર ‘એસએમ ૨૮’ માર્ક હતો. વળી, ગૂણીમાંથી વટાણાના અંશ મળતાં શાકભાજીના વેપારીઓની પૂછપરછ કરતી પોલીસની ટીમ નાશિક પહોંચી હતી. હાલમાં વટાળાનો જથ્થાબંધ માલ હિમાચલ પ્રદેશના શિમલાથી આવતો હોવાનું જણાતાં પોલીસની ટીમ ત્યાં ગઈ હતી. ગૂણી પરના માર્કને આધારે પોલીસે સંબંધિત વેપારીને શોધી કાઢ્યો હતો.

પોલીસે વાપીમાં તપાસ કરી મહિલાની તસવીર સાથેનાં પેમ્ફલેટ ઠેકઠેકાણે લગાવ્યાં હતાં. તલાસરીના એક રહેવાસીએ મહિલાને દહાણુમાં મહાલક્ષ્મીના મંદિરમાં જોઈ હોવાનું પોલીસને કહ્યું હતું. પોલીસે મંદિરના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસતાં મહિલાને એક કારમાં લવાઈ હોવાનું નજરે પડ્યું હતું. એ કારના નંબરને ટ્રેસ કરતાં તે વાઘમારેની હોવાનું માલૂમ પડ્યું હતું. આખરે પોલીસ વાઘમારે અને તેના બન્ને સાથીઓ સુધી પહોંચી હતી.■

# જજની બદનક્ષીઃ દિશા સાલિયનના પિતાના વકીલ સામે હાઈકોર્ટના તિરસ્કારની કાર્યવાહી

મુંબઈઃ દિશા સાલિયનના મૃત્યુના કેસ પર પ્રેસ બ્રીફિંગ દરમિયાન હાઇકોર્ટના વર્તમાન ન્યાયાધીશ વિરુદ્ધ ‘‘નિંદાકારક અને બદનક્ષીકારક’’ ટિપ્પણી કરવા બદલ બોમ્બે હાઈકોર્ટે મંગળવારે વકીલ નિલેશ ઓઝા સામે તિરસ્કારની કાર્યવાહી આપમેળે શરૂ કરી છે. પુત્રી દિશા સાલિયાનના મોતની તપાસની માગ માટે હાઇકોર્ટમાં અરજી કરનારા સતીશ સાલિયનનો કેસ નીલેશ ઓઝા લડી રહ્યા છે.

મુખ્ય ન્યાયાધીશ આલોક આરાધે, ન્યાયમૂર્તિ એ એસ ચંદુરકર, ન્યાયમૂર્તિ એમ. એસ. સોનક, ન્યાયમૂર્તિ રવિન્દ્ર ઘુગે અને ન્યાયમૂર્તિ એ. એસ. ગડકરીની ખંડપીઠે જણાવ્યું હતું કે હાઇકોર્ટના વર્તમાન ન્યાયાધીશ અને બોમ્બે હાઇકોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ વિરુદ્ધ પહેલી એપ્રિલે યોજાયેલી પત્રકાર પરિષદમાં ઓઝાએ કરેલી ટિપ્પણી ‘‘નિંદાકારક અને બદનક્ષીકારક’’ છે. નિવેદનો પ્રથમ દૃષ્ટિએ ગુનાહિત તિરસ્કાર છે. કોર્ટે આ મામલાની વધુ સુનાવણી ૨૯ એપ્રિલ પર મુલતવી રખાઈ છે. અદાલતે યુટ્યુબ અને એક મરાઠી ન્યૂઝ ચેનલને પ્રેસ કોન્ફરન્સના વીડિયોને તાત્કાલિક હટાવવાનો નિર્દેશ પણ આપી ભવિષ્યમાં તેને અપલોડ કરવા પર પણ પ્રતિબંધ મૂક્યો હતો. એક્ટર સુશાંત સિંહ રાજપૂતની પૂર્વ મેનેજર દિશા સાલિયન જૂન ૨૦૨૦માં મૃત હાલતમાં મળી આવી હતી. અરજીમાં હાઇકોર્ટને શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરે વિરુદ્ધ ફર્સ્ટ ઇન્ફર્મેશન રિપોર્ટ (એફઆઇઆર) નોંધવાનો આદેશ આપવા અને તપાસ સીબીઆઇને ટ્રાન્સફર કરવાનો આદેશ આપવા વિનંતી કરવામાં આવી હતી. (પીટીઆઈ)■

# વર્ધામાં જંગલી ડુક્કરને બચાવવાના પ્રયાસમાં કાર ટેન્કર સાથે ભટકાઈ

## પોલીસ કર્મચારી, તેના પરિવારના ત્રણ સભ્યનાં મોત

વર્ધાઃ વર્ધા જિલ્લામાં માર્ગમાં અચાનક આવી ચડેલા જંગલી ડુક્કરને બચાવવાના પ્રયાસમાં પોલીસ કર્મચારીએ કાબૂ ગુમાવતાં કાર સામેથી આવતા ડીઝલ ટેન્કર સાથે ભટકાઇ હતી. આ અકસ્માતમાં પોલીસ કર્મચારી અને તેના પરિવારના ત્રણ સભ્યનાં મોત થયાં હતાં.

જિલ્લાના માંડગાંવ-તરોડા માર્ગ પર સોમવારે રાતના આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા ચારેયની ઓળખ પ્રશાંત વૈદ્ય (૪૫), તેની પત્ની પ્રિયંકા (૩૭), પુત્ર શ્રેયશ (૬) અને પુત્રી માઇ (૩) તરીકે થઇ હતી.

પોલીસના જણાવ્યા અનુસાર પ્રશાંત વૈદ્ય વર્ધાના બાડનેર પોલીસ સ્ટેશનમાં કાર્યરત હતો. પ્રશાંત તેના પરિવાર સાથે સોમવારે માંડગાંવમાં રામ નવમીના ‘મહાપ્રસાદ’ કાર્યક્રમમાં હાજરી આપવા માટે ગયો હતો. આ પરિવાર કારમાં પાછો ફરી રહ્યો હતો ત્યારે તેને અકસ્માત નડ્યો હતો.

પ્રશાંત વૈદ્ય કાર હંકારી રહ્યો હતો ત્યારે અચાનક જંગલી ડુક્કર સામે આવી જતાં તેને બચાવવાના પ્રયાસમાં પ્રશાંતે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે તેની કાર ડીઝલ ટેન્કર સાથે અથડાઇ હતી. દરમિયાન અકસ્માતની જાણ થતાં સ્થાનિક પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. અકસ્માતમાં ઘવાયેલા ચારેયને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવાયાં હતાં, જ્યાં તેમને મૃત જાહેર કરાયાં હતાં. ■

# ક્રિકેટર કેદાર જાધવની નવી રાજકીય ઈનિંગ, ભાજપની ટીમમાં જોડાયો



**નવી શરૂઆતઃ** ક્રિકેટર કેદાર જાધવ ગઈકાલે ભાજપમાં જોડાયો એ અવસરે ચંદ્રશેખર બાવનકુળે, રવીન્દ્ર ચવાણ અને અશોક ચવાણ.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આગામી પાલિકાની ચૂંટણીઓ પહેલાં ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર કેદાર જાધવ મંગળવારે રાજ્ય એકમના વડા અને મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળે અને ભૂતપૂર્વ પ્રધાન અને રાજ્યના કાર્યકારી પ્રમુખ રવીન્દ્ર ચવાણની હાજરીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)માં જોડાયા હતા.

રાજ્યમાં મહાયુતિ સરકારનું નેતૃત્વ કરતી ભાજપમાં જોડાઈને જાધવ પોતાની નવી ઇનિંગ શરૂ કરવા માટે તૈયાર છે.

‘હું છત્રપતિ શિવાજીને સલામ કરું છું. પીએમ નરેન્દ્ર મોદી અને સીએમ દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં, ભાજપ વિકાસની રાજનીતિ કરી રહી છે,’ એમ જાધવે ઔપચારિક રીતે ભાજપમાં જોડાયા બાદ કહ્યું હતું.

જાધવે ૨૦૨૪ માં ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. ઓગણત્રીસ વર્ષના જાધવે ફેબ્રુઆરી ૨૦૨૦માં ન્યુઝીલેન્ડ સામે છેલ્લી મેચ રમી હતી. ■

# ઔરંગઝેબની કબરના શહેરનું નામ ખુલતાબાદથી બદલીને રત્નાપુર કરાશે

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ઔરંગઝેબ પરનો વિવાદ સમાપ્ત થવાનું નામ નથી લઈ રહ્યો. હવે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની સરકારના એક પ્રધાન સંજય શિરસાટે ખુલતાબાદ શહેરનું નામ બદલવાની જાહેરાત કરી છે. અગાઉ સરકારે ઔરંગાબાદનું નામ બદલીને સંભાજીનગર કર્યું હતું.

મહારાષ્ટ્રમાં ઔરંગઝેબ પર ચાલી રહેલા હોબાળા વચ્ચે એકનાથ શિંદેની પાર્ટીના નેતા અને રાજ્યના સામાજિક ન્યાય ખાતાના પ્રધાન સંજય શિરસાટે ખુલતાબાદ શહેરનું નામ બદલવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું હતું કે મોગલ સમ્રાટ ઔરંગઝેબની કબર ધરાવતા ખુલતાબાદ શહેરનું નામ બદલીને રત્નાપુર કરવામાં આવશે.

## ‘રત્નાપુરનું નામ બદલીને ખુલતાબાદ કરવામાં આવ્યું હતું’

શિવસેનાના નેતાએ કહ્યું હતું કે, ‘ખુલતાબાદ પહેલા રત્નાપુર તરીકે ઓળખાતું હતું. ઔરંગઝેબના શાસનકાળ દરમિયાન ઘણી જગ્યાઓના નામ બદલવામાં આવ્યા હતા. અમે ખુલતાબાદનું નામ બદલીને ફરીથી રત્નાપુર કરવા જઈ રહ્યા છીએ. છત્રપતિ સંભાજીનગર જિલ્લાના પાલક પ્રધાને જણાવ્યું હતું કે, ‘અમે તે તમામ સ્થળોના નામ બદલવાની પ્રક્રિયામાં છીએ જેના નામમાં ‘બાદ’ આવે છે.’ જેમ કે- ઔરંગાબાદ. ઔરંગઝેબના શાસનકાળ દરમિયાન રત્નાપુરનું નામ ખુલતાબાદ રાખવામાં આવ્યું હતું. ■

# મરાઠીમાં ન બોલ્યા ને ‘એક્સક્યુઝ મી’ કેમ કહ્યું?ઃ બે મહિલાની ટોળા દ્વારા મારપીટ

## ડોંબિવલીની હાઉસિંગ સોસાયટીમાં બનેલી ઘટનાનો વીડિયો વાયરલ


**ભાષાનો વિવાદઃ** ડોંબિવલીમાં બે મહિલાની મારપીટ કરાઈ હતી.

થાણેઃ ડોંબિવલીમાં પ્રવેશદ્વાર પર અધવચ્ચે ઊભેલા યુવાનને ત્યાંથી હટવા માટે મરાઠીમાં બોલવાને બદલે ‘એક્સક્યુઝ મી’ કહેવા બદલ બે મહિલાની ટોળા દ્વારા મારપીટ કરવામાં આવી હતી. બંને મહિલામાંથી એકના હાથમાં નાનું બાળક હોવા છતાં ટોળાએ તેની પરવા કરી નહોતી અને મહિલાને માર માર્યો હતો, એમ સાક્ષીદારોએ જણાવ્યું હતું.

ડોંબિવલી પશ્ચિમની હાઉસિંગ સોસાયટીમાં મંગળવારે સવારે આ ઘટના બની હતી, જેનો વીડિયો વાયરલ થયો હતો. પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હતી.

હાઉસિંગ સોસાયટીમાં રહેતી બે મહિલા મંગળવારે સવારે સ્કૂટર પર સોસાયટીના પરિસરમાં પ્રવેશી રહી હતી ત્યારે પ્રવેશદ્વારને અવરોધતા યુવાનને ત્યાંથી હટવા માટે તેમણે ‘એક્સક્યુઝ મી’ કહ્યું હતું. જોકે યુવાને ત્યાંથી હટવાને બદલે તેમને મરાઠીમાં બોલવાનું કહ્યું હતું, એવો દાવો મહિલા દ્વારા કરવામાં આવ્યો હતો.

વિષ્ણુનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવાયેલી ફરિયાદમાં જણાવાયું હતું કે સોસાયટીની ઇમારતના ગ્રાઉન્ડ ફ્લોર પર રહેતા યુવાને સ્કૂટર પર પાછળ બેઠેલી મહિલાનો હાથ મચકોડ્યો હતો.

દરમિયાન યુવાનના પરિવારની ચારથી પાંચ મહિલાઓ અને બે યુવક બાદમાં ત્યાં એકઠા થઇ ગયાં હતાં અને તેમણે બંને મહિલાની મારપીટ કરી હતી. સાક્ષીદારોએ કહ્યું હતું કે મહિલાના હાથમાં રહેલા નવ મહિનાના બાળકની પણ પરવા કરી નહોતી.

‘એક્સક્યુઝ મી’ એ સામાન્ય શિષ્ટાચાર છે અને આરોપીઓની પ્રતિક્રિયા ગેરવાજબી હતી, એમ ફરિયાદમાં જણાવાયું હતું.

વિષ્ણુનગર પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર સંજય પવારે કહ્યું હતું કે તપાસ હાથ કરવામાં આવી રહી છે. આ પ્રકરણે હજી સુધી એફઆઇઆર દાખલ કરવામાં આવ્યો નથી. પોલીસે એ પણ તપાસ કરી રહી છે કે આ ઘટના ભૂતકાળના વિવાદને કારણે બની છે કે કેમ. નોંધનીય છે કે રાજ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના કાર્યકરોએ તાજેતરમાં રાજ્યમાં બૅંકોના કર્મચારીઓએ ગ્રાહકો સાથે મરાઠીમાં વાત કરવી જોઇએ એવી માગણી સાથે આંદોલન કર્યું હતું.

યુનાઇટેડ ફોરમ ઓફ બૅંક યુનિયન્સે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખીને જણાવ્યું હતું કે મનસેના કાર્યકર્તાઓ હોવાનો દાવો કરનારા લોકો બૅંકની શાખાઓની મુલાકાત લઇ કર્મચારીઓને ધમકાવી રહ્યા છે. રાજ ઠાકરેએ ત્યાર બાદ તેમના કાર્યકરોને આંદોલન બંધ કરવા માટે કહ્યું હતું. (પીટીઆઇ)■

# ઉલવેમાં બ્લૅકમેઈલ કરી સેક્સની માગણી કરનારા ડ્રાઈવરની હથોડો ફટકારી હત્યા

## ઘટના બાદ ફરાર થયેલા યુગલનું સંગમનેર પોલીસ સમક્ષ સમર્પણઃ આરોપીએ ગુનો કબૂલ્યા પછી પોલીસને મૃતદેહ મળ્યો

મુંબઈઃ બૉયફ્રેન્ડ સાથે વિતાવેલી પળોના વીડિયોની મદદથી યુવતીને બ્લૅકમેઈલ કરી અણછાજતી માગણી કરનારા ડ્રાઈવરની માથા પર હથોડો ફટકારી કથિત હત્યા કરવામાં આવી હોવાની ઘટના નવી મુંબઈમાં બની હતી. ઘટના બાદ ફરાર થયેલા યુગલે સંગમનેર પોલીસ સ્ટેશનમાં સમર્પણ કર્યું હતું. આરોપીએ કરેલી કબૂલાત પછી પોલીસ ડ્રાઈવરના મૃતદેહ સુધી પહોંચી હતી.

પોલીસના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ સુરેન્દ્ર પાંડે (૪૩) તરીકે થઈ હતી. પાંડે આરોપી યુવતી રિયા સરકાનીસિંહ (૧૯)નો કૅબ ડ્રાઈવર હતો. પંજાબની વતની રિયા હાલમાં જ નવી મુંબઈના ઉલવેમાં રહેવા આવી હતી. ખાનગી કંપનીમાં નોકરી કરતી રિયાની મિત્રતા ત્યાં જ કામ કરતા વિશાલ શિંદે (૨૧) સાથે થઈ હતી. રિયા રહેઠાણની શોધમાં હોવાથી પાંડેએ જ તેને ઘરની વ્યવસ્થા કરી આપી હતી. બીજી એપ્રિલે શિંદે રિયાને મળવા આવ્યો હતો. તે સમયે બન્નેએ સાથે વિતાવેલી અંગત પળોનું પાંડેએ વીડિયો રેકોર્ડિંગ કરી લીધું હતું. બાદમાં એ વીડિયોને આધારે પાંડે યુવતીને બ્લૅકમેઈલ કરવા લાગ્યો હતો અને શારીરિક સંબંધની માગણી કરતો હતો.

આ વાતની જાણ રિયાએ શિંદેને કરી હતી. શિંદેએ પાંડેની પૂછપરછ કરતાં બન્ને વચ્ચે બોલાચાલી થઈ હતી. વાત મારામારી સુધી પહોંચતાં આરોપીએ હથોડો પાંડેના માથા પર ફટકાર્યો હતો, જેમાં પાંડેનું મૃત્યુ થયું હતું.

હત્યા બાદ ઘટનાસ્થળેથી ફરાર થયેલાં રિયા અને શિંદે કૅબમાં પુણે પહોંચ્યાં હતાં, જ્યાં તેમને નાનો અકસ્માત નડ્યો હતો. બાદમાં બન્ને અહિલ્યા નગરના સંગમનેર ખાતે શિંદેના ઘરે ગયાં હતાં. તેમણે શિંદેના પરિવારજનોને ગુના અંગે જાણ કરી હતી. શિંદેના પરિવારજનોએ બન્નેને પોલીસમાં આત્મસમર્પણની સલાહ આપી હતી.

પોલીસના જણાવ્યા મુજબ બન્ને જણ રવિવારે સંગમનેર પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા અને ગુનાની કબૂલાત કરી હતી. સંગમનેર પોલીસે આ બાબતે નવી મુંબઈ પોલીસને જાણ કરી હતી. માહિતીને આધારે ઉલવે પોલીસ પાંડેના ઘરે ગઈ હતી, જ્યાં તેનો કોહવાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. નવી મુંબઈ લવાયા પછી બન્નેની ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટે તેમને ૧૫ એપ્રિલ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. પોલીસ આ મામલે વધુ પૂછપરછ કરી રહી છે. (પીટીઆઈ)■

# ‘ફુલે’ ફિલ્મ સામે બ્રાહ્મણો ભડક્યા

## ટ્રેલર રિલીઝ થવાની સાથે જ વિવાદ શરૂ

મુંબઈઃ મહાત્મા જ્યોતિરાવ ફુલે અને ક્રાંતિજ્યોતી સાવિત્રીબાઇ ફુલેએ સમાજમાં લાવેલા સુધારા અંગેની ફિલ્મ ‘ફુલે’નું હાલમાં ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે. આ ફિલ્મ ૧૧મી એપ્રિલ, ૨૦૨૫ના રિલીઝ થવાની છે. હાલમાં આ ફિલ્મનું ફક્ત ટ્રેલર રિલીઝ થયું છે ત્યારે જ વિવાદ શરૂ થયો છે. હિન્દુ મહાસંઘ તરફથી આ ટ્રેલરમાં દેખાડેલાં દૃશ્યો સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે. ■

# સુશાંતસિંહ કેસના ક્લોઝર રિપોર્ટની સુનાવણી સીબીઆઇ કોર્ટમાં કરવાની એજન્સીની માગણી

મુંબઈઃ અભિનેતા સુશાંત રાજપૂત મૃત્યુ કેસમાં સીબીઆઇએ ક્લોઝર રિપોર્ટ રજૂ કર્યો છે ત્યારે તેના પરની સુનાવણી સીબીઆઇના કેસ સાંભળવા માટે નિયુક્ત અદાલતમાં ટ્રાન્સફર કરવાની પરવાનગી માગવાની કોર્ટે એજન્સીને આપી હતી. સીબીઆઇએ ગયા મહિને સુશાંત મૃત્યુ કેસનો ક્લોઝર રિપોર્ટ બાન્દ્રા મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે ૧૪મી જૂન, ૨૦૨૦ના અભિનેતા સુશાંત સિંહ તેના બાન્દ્રાના ઘરમાં ગળેફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. સુશાંતને ઝેર પીવડાવી અથવા ગળું દબાવીને તેની હત્યા કરવામાં આવી હોવાના તમામ દાવાઓને ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ (એઇમ્સ)ના ફોરેન્સિક નિષ્ણાતોએ ફગાવી દીધા હતા. મંગળવારે સીબીઆઇએ મેજિસ્ટ્રેટ કોર્ટને જણાવ્યું હતું કે એજન્સીએ આ કેસના ક્લોઝર રિપોર્ટ પરની સુનાવણી એસ્પ્લનેડ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ટ્રાન્સફર કરવા માટે ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ અરજી કરી છે.

સીબીઆઇના કેસની સુનાવણી માટે એસ્પ્લનેડ મેજિસ્ટ્રેટ કોર્ટને નિયુક્ત કરાઇ છે. મેજિસ્ટ્રેટ કોર્ટે એજન્સીને પરવાનગી આપી હતી અને કેસના ટ્રાન્સફર માટે યોગ્ય કોર્ટને સંપર્ક સાધવા કહ્યું હતું. ■




# સ્કૂલ ટીચર માતા-પિતાના પુત્ર પ્રિયાંશે ચેન્નઈના બોલર્સને પાઠ ભણાવ્યો, પંજાબને જિતાડ્યું

## પંજાબને ૮૩/૫ના સ્કોર બાદ જબરદસ્ત કમબૅક અપાવીને ૩૯ બૉલની સેન્ચુરી સાથે ચેન્નઈ સામે અપાવ્યો વિજય

મુલ્લાંપુર (મોહાલી): પંજાબ કિંગ્સ (પીબીકેએસ)એ આજે અહીં હોમ-ગ્રાઉન્ડ પર ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) સામે વધુ એક રોમાંચક બનેલા મુકાબલામાં ૧૮ રનથી વિજય મેળવ્યો હતો. ડેવૉન કૉન્વે (૬૯ રન રિટાયર્ડ-આઉટ, ૪૯ બૉલ, બે સિક્સર, છ ફોર), રચિન રવીન્દ્ર (૩૬ રન, ૨૩ બૉલ, છ ફોર), શિવમ દુબે (૪૨ રન, ૨૭ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર) તેમ જ ખાસ કરીને ધોની (૨૭ રન, ૧૨ બૉલ, ત્રણ સિક્સર, એક ફોર)ની લડાયક ઇનિંગ્સ છતાં ગાયકવાડ (એક રન)ની ટીમ જીતી નહોતી શકી. ૨૨૦ રનના લક્ષ્યાંક સામે ચેન્નઈની ટીમ પાંચ વિકેટે ૨૦૧ રન બનાવી શકી હતી.

ચેન્નઈની ટીમમાં સૌથી વધુ ૬૯ રન બનાવનાર કૉન્વેને રિટાયર-આઉટ કરી દેવામાં આવ્યો હતો અને ધોની સાથે રવીન્દ્ર જાડેજા જોડાયો હતો. ધોનીએ



૧૧ બૉલમાં ત્રણ સિક્સર, એક ફોરની મદદથી ૨૭ રન બનાવ્યા હતા અને ૨૦મી ઓવર કે જે પેસ બોલર યશ ઠાકુરે કરી હતી એમાં ધોની પહેલા જ બૉલમાં ચહલને કૅચ આપી બેઠો હતો અને ચેન્નઈનો પરાજય નિશ્ચિત થઈ ગયો હતો. યશની એ ઓવરમાં જરૂરી ૨૮ને બદલે માત્ર નવ રન થઈ શક્યા હતા. પંજાબ વતી ફર્ગ્યુસને સૌથી વધુ બે વિકેટ લીધી હતી. એક-એક વિકેટ યશ ઠાકુર અને મૅક્સવેલને મળી હતી.

એ પહેલાં, ૨૪ વર્ષના લેફ્ટ-હૅન્ડ ઓપનર પ્રિયાંશ આર્ય (૧૦૩ રન, ૪૨ બૉલ, નવ સિક્સર, સાત ફોર)એ ધમાકેદાર સેન્ચુરીના જોરે મોહાલીનું સ્ટેડિયમ ગજાવ્યું હતું. પંજાબ કિંગ્સે પ્રથમ બૅટિંગ લીધા બાદ છ વિકેટે ૨૧૯ રન કર્યા હતા. મૂળ ઉત્તર પ્રદેશના પ્રિયાંશના મમ્મી-પપ્પા દિલ્હીની સ્કૂલમાં ટીચર છે. પ્રિયાંશે મુલ્લાંપુરની મૅચમાં ચેન્નઈના તમામ બોલર્સની ખબર લઈ નાખી હતી. પ્રિયાંશે આઇપીએલમાં દિલ્હી પ્રીમિયર લીગની એક મૅચમાં એક બોલરની ઓવરમાં છ છગ્ગા ફટકાર્યા હતા જેને પગલે તેને પંજાબ કિંગ્સે હરાજીમાં ભારે રસાકસી બાદ ૩.૮૦ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો.

એક તબક્કે પંજાબનો સ્કોર પાંચ વિકેટે ૮૩ રન હતો, પરંતુ પ્રિયાંશે શશાંક સિંહ (બાવન અણનમ, ૩૬ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર) સાથે મળીને છઠ્ઠી વિકેટ માટે ૭૧ રનની ભાગીદારી કરીને પંજાબની ગાડી પાટા પર લાવી દીધી હતી. માર્કો યેનસેન (૩૪ અણનમ, ૧૯ બૉલ, બે સિક્સર, બે ફોર) શશાંકની સાથે છેક સુધી ક્રીઝમાં રહ્યો હતો.

પ્રિયાંશે આઇપીએલમાં આ પ્રથમ સેન્ચુરી ફક્ત ૩૯ બૉલમાં ફટકારી અને સંયુક્ત રીતે ચોથા નંબરનો ફાસ્ટેસ્ટ સેન્ચુરિયન બન્યો હતો. તે પૉલ વાલ્થટી (૨૦૧૧માં) પછી હવે ૨૦૨૫માં એવો બીજો ખેલાડી બન્યો છે જેણે ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટના ડેબ્યૂ પહેલાં આઇપીએલમાં સદી ફટકારી છે.

**બુધવારે કઈ મૅચ**
ગુજરાત વિરુદ્ધ રાજસ્થાન
અમદાવાદ, સાંજે ૭.૩૦ વાગ્યે



**હાર્દિકની ૨૦૦ વિકેટની સિદ્ધિ, કૃણાલનો ૨૦૦ ટકા ક્ષમતાવાળો પર્ફોર્મન્સઃ** વાનખેડેમાં સોમવારે દિલધડક મૅચ પછી પંડ્યા બંધુઓ. નાના ભાઈ અને મુંબઈના સુકાની હાર્દિકે ટી-૨૦ ક્રિકેટમાં ૨૦૦મી વિકેટ લીધી હતી. હાર્દિકે એક તબક્કે મોટા ભાઈ કૃણાલના બે બૉલમાં બે સિક્સર ફટકારી હતી, પણ છેલ્લું અટ્ટહાસ્ય કૃણાલનું હતું. તેણે ૨૦મી ઓવરમાં ત્રણ વિકેટ લઈને બેંગલૂરુને ઐતિહાસિક વિજય અપાવ્યો હતો.

# મુંબઈની જેમ કોલકાતાએ પણ હાથમાં આવેલી બાજી ગુમાવી, પૂરને લખનઊને જિતાડ્યું

## શાર્દુલે રહાણે-રસેલની વિકેટ લઈને બાજી ફેરવી, નારાયણ સાથેની હરીફાઈમાં રાઠી જીત્યો

કોલકાતાઃ લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી)એ અહીં ગઈ કાલે ડિફેન્ડિંગ ચૅમ્પિયન અને યજમાન કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) સામેના થ્રિલરમાં ચાર રનથી વિજય મેળવ્યો હતો. સોમવારે વાનખેડેમાં બેંગલૂરુ સામે જેમ મુંબઈને જીતવાનો સુવર્ણ મોકો હતો, પણ હાર્દિક પંડ્યાના સુકાનમાં મુંબઈની ટીમ છેલ્લી ઓવર્સની ફટકાબાજીમાં જીત ન મેળવી શકી અને ૧૨ રનથી હારી ગઈ લગભગ એવી જ સ્થિતિમાં અહીં ઈડન ગાર્ડન્સમાં કોલકાતાનો લખનઊ સામે ચાર રનથી પરાજય થયો હતો. અજિંક્ય રહાણેના સુકાનમાં કોલકાતાની ટીમ પણ ડેથ ઓવર્સની ફટકાબાજીમાં જરાક માટે વિજય ચૂકી ગઈ હતી.

લખનઊએ બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૨૩૮ રન કર્યા હતા. કોલકાતાની ટીમ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૩૪ રન બનાવી શકી હતી અને રિન્કુ સિંહ (૩૮ અણનમ, ૧૫ બૉલ, બે સિક્સર, છ ફોર)ની જબરદસ્ત ફટકાબાજી છતાં કોલકાતાનો ફક્ત ચાર રનથી પરાજય થયો હતો. તેની સાથે હર્ષિત રાણા (૧૦ અણનમ, નવ બૉલ, બે ફોર) તેની સાથે છેક સુધી ક્રીઝ પર હતો.

કોલકાતાને ૨૩૯ રનનો પડકારરૂપ લક્ષ્યાંક મળ્યો હતો. ૩૭મા રને ક્વિન્ટન ડિકૉક (૧૫ રન, ૯ બૉલ, બે સિક્સર)ને આકાશ દીપે એલબીડબ્લ્યૂ કર્યો ત્યાર બાદ સુનીલ નારાયણ (૩૦ રન, ૧૩ બૉલ, બે સિક્સર, ચાર ફોર) અને કૅપ્ટન અજિંક્ય રહાણે (૬૧ રન, ૩૫ બૉલ, બે સિક્સર, આઠ ફોર) વચ્ચે બીજી વિકેટ માટે ૨૩ બૉલમાં ૫૪ રનની ભાગીદારી થઈ હતી. ત્યાર પછી રહાણેની ટીમના સૌથી મોંઘા ખેલાડી વેન્કટેશ ઐયર (૪૫ રન, ૨૯ બૉલ, એક સિક્સર, છ ફોર) સાથે ૪૦ બૉલમાં ૭૧ રનની પાર્ટનરશિપ થઈ હતી. બસ, કોલકાતાની ટીમમાં એ છેલ્લી મોટી ભાગીદારી હતી જે શાર્દુલ ઠાકુરે રહાણેને આઉટ કરીને તોડી હતી.

યોગાનુયોગ, શાર્દુલ ડૉમેસ્ટિક ક્રિકેટમાં રહાણેની કૅપ્ટન્સીમાં જ મુંબઈ વતી રમતો હોય છે, પરંતુ આ મૅચમાં બન્ને પ્લેયર હરીફ હતા અને એમાં શાર્દુલે તેની સામે સફળતા મેળવી હતી.

એક તબક્કે ધમાકેદાર શરૂઆત કરનાર કોલકાતાનો સ્કોર ૧૩મી ઓવરમાં માત્ર બે વિકેટે ૧૬૨ રન હતો ત્યારે કોલકાતાના વિજયની સંભાવના વધુ હતી. જોકે એ ટોટલ પર શાર્દુલના બૉલમાં રહાણે કૅચઆઉટ થયો અને પછી થોડા-થોડા સમયે વિકેટ પડતી ગઈ અને કોલકાતાના હાથમાંથી બાજી સરતી ગઈ હતી.

૧૭મી ઓવરમાં ૧૮૫ રનના સ્કોર પર આન્દ્રે રસેલ (સાત રન)એ રિન્કુ સિંહનો સાથ છોડ્યો એ સાથે કોલકાતા માટે વિજય વધુ મુશ્કેલ થઈ ગયો હતો. રસેલની પ્રાઇઝ વિકેટ પણ શાર્દુલે જ લીધી હતી જેને તેણે ડેવિડ મિલરના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો.

રિષભ પંતે ૨૦મી અત્યંત મહત્ત્વની ઓવર સ્પિનર રવિ બિશ્નોઈને આપી હતી. એ ઓવરમાં કોલકાતાએ જીતવા ૨૪ રન બનાવવાના હતા. સ્ટ્રાઇક પર હર્ષિત રાણા હતો જેણે પ્રથમ બૉલના ચોક્કાથી અને ત્રીજા બૉલના સિંગલ સાથે રિન્કુને સ્ટ્રાઇક પર આવવા દીધો હતો. ત્યારે કોલકાતાને વિજય માટે ત્રણ બૉલમાં ત્રણ સિક્સરની જરૂર હતી. રિન્કુ સ્ટ્રાઇક પર હોવાથી એ સંભવ હતું, પરંતુ તે ઉપરાઉપરી બે ચોક્કા ફટકારી શક્યો હતો. અંતિમ બૉલમાં તેણે છગ્ગો માર્યો હતો, પણ ત્યારે બહુ મોડું થઈ ગયું હતું. એ ઓવરમાં ૨૪ને બદલે ૧૯ રન બન્યા હતા અને લખનઊનો ચાર રનથી વિજય થયો હતો. શાર્દુલ તથા આકાશ દીપે બે-બે વિકેટ તેમ જ આવેશ ખાન, દિગ્વેશ રાઠી અને રવિ બિશ્નોઈએ એક-એક વિકેટ લીધી હતી.

આ મૅચમાં લખનઊના સ્પિનર દિગ્વેશ રાઠી અને કોલકાતાના સુનીલ નારાયણ વચ્ચે ચડિયાતા બનવાની હરીફાઈ થવાની હતી જેમાં રાઠી મેદાન મારી ગયો હતો. તેણે જ નારાયણ (૩૦ રન)ની વિકેટ લીધી હતી.

એ પહેલાં, એલએસજીની ટીમે બૅટિંગ મળી એનો ટૉપ-ઑર્ડરના ત્રણેય વિદેશી બૅટ્સમેને પૂરો ફાયદો લીધો હતો અને શાનદાર ઓપનિંગ બાદ ઇનિંગ્સને ધમાકેદાર અંત આપ્યો હતો.

નિકોલસ પૂરન (૮૭ અણનમ, ૩૬ બૉલ, આઠ સિક્સર, સાત ફોર) લખનઊની ઇનિંગ્સનો સૂત્રધાર હતો. તેણે વેસ્ટ ઇન્ડિઝના જ ખેલાડી રસેલની ૧૮મી ઓવરમાં આ રીતે ૨૪ રન બનાવ્યા હતાઃ ૪, ૦, ૪, ૬, ૪, ૬.

પૂરન ઉપરાંત ઓપનર મિચલ માર્શ (૮૧ રન, ૪૮ બૉલ, પાંચ સિક્સર, છ ફોર) અને સાથી ઓપનર એઇડન માર્કરમ (૪૭ રન, ૨૮ બૉલ, બે સિક્સર, ચાર ફોર)નું પણ લખનઊના ૨૩૮ રનમાં મહત્ત્વનું યોગદાન હતું. આ ત્રણેય વિદેશી બૅટ્સમેને કોલકાતાના છ બોલરની ખબર લઈ નાખી હતી. ચોથો વિદેશી બૅટ્સમૅન ડેવિડ મિલર પાંચમા ક્રમે બૅટિંગમાં આવ્યો હતો અને ચાર રને અણનમ રહ્યો હતો.

માર્કરમ-માર્શ વચ્ચે ૬૨ બૉલમાં ૯૯ રનની, માર્શ-પૂરન વચ્ચે ૩૦ બૉલમાં ૭૧ રનની અને પૂરન અને અબ્દુલ સામદ (ચાર બૉલમાં છ રન) વચ્ચે ૧૮ બૉલમાં ૫૧ રનની ભાગીદારી થઈ હતી.

કોલકાતાના છ બોલરમાંથી હર્ષિત રાણાને બે અને આન્દ્રે રસેલને એક વિકેટ મળી હતી. સ્પેન્સર જૉન્સન (૩-૦-૪૬-૦) સૌથી ખર્ચાળ સાબિત થયો હતો. વૈભવ અરોરા, વરુણ ચક્રવર્તી અને સુનીલ નારાયણને પણ એકેય વિકેટ નહોતી મળી. ■

# બૅટિંગનો બેતાજ બાદશાહ આસામમાં



ક્રિકેટ-લેજન્ડ સચિન તેન્ડુલકરે મંગળવારે પત્ની અંજલિ સાથે આસામના કાઝિરંગા નૅશનલ પાર્કની મુલાકાત લીધી હતી. તેમની સાથે પુત્રી સારા પણ હતી. આ સફારી પાર્કનો યુનેસ્કો વર્લ્ડ હેરિટેજમાં સમાવેશ છે. તેઓ ગુવાહાટી પહોંચ્યા બાદ બીજા સ્થળે પણ ગયા હતા. ત્યાંથી તેન્ડુલકર પરિવારે મેઘાલયનો પ્રવાસ શરૂ કર્યો હતો. (પીટીઆઇ)

# વાનખેડેમાં વિરાટનું આક્રમક મૂડમાં, બાળકની જેમ સેલિબ્રેશન, રોહિત-હાર્દિક ઉદાસ

મુંબઈઃ વાનખેડે સ્ટેડિયમમાં સોમવારે મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) સામે રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)એ દિલધડક મુકાબલામાં જેવો રોમાંચક વિજય મેળવ્યો કે તરત જ મૅચનો હાઇએસ્ટ રનકર્તા વિરાટ કોહલી (૪૨ બૉલમાં ૬૭ રન) અસલ આક્રમક મિજાજમાં આવી ગયો હતો અને અગ્રેસિવ સ્ટાઇલમાં તેણે જીત સેલિબ્રેટ કરી હતી જેના ફોટો અને વીડિયો વાઇરલ થયા છે. વિરાટે ૬૭ રન બે સિક્સર અને આઠ ફોરની મદદથી કર્યા હતા.



એક તરફ વિરાટ મેદાન પર ડ્રેસિંગ-રૂમની દિશામાં આનંદના આવેશમાં વિજયની ઉજવણી કરી રહ્યો હતો ત્યાં બીજી તરફ એમઆઇના ડગઆઉટમાં રોહિત શર્મા અને ફરી એકવાર પોતાની ટીમને જિતાડવામાં નિષ્ફળ ગયેલો હાર્દિક પંડ્યા ઉદાસ સ્થિતિમાં બેઠા હતા. તેઓ અને એમઆઇના બીજા ખેલાડીઓ ડગઆઉટમાંથી વિરાટનું સેલિબ્રેશન જોઈ રહ્યા હતા.

વિરાટે પૅવિલિયનમાં પાછા આવતી વખતે ફુગ્ગાથી બાળકની જેમ જીત સેલિબ્રેટ કરી હતી. ■

# ચેન્નઈ, કોલકાતા, મુંબઈ સામે પાટીદારની અભૂતપૂર્વ સફળતા

મુંબઈઃ રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)નો રજત પાટીદાર આઈપીએલના ઇતિહાસમાં એવો પ્રથમ કેપ્ટન બન્યો છે જેણે વાનખેડેમાં મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) સામે અને ચેન્નઈના ચેપૉકમાં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) સામેની મૅચમાં મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ જીતી લીધો છે.

રજત પાટીદાર આઇપીએલનો એવો પ્રથમ ભારતીય કેપ્ટન પણ બન્યો છે જેણે આરસીબીને એક જ સીઝનમાં એમઆઈ, કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) અને સીએસકે સામે તેમના જ હોમ ગ્રાઉન્ડ પર વિજય અપાવ્યો છે. પાટીદારની કેપ્ટન્સીમાં આરસીબીએ ચેન્નઈમાં સીએસકે સામે અને ઈડન ગાર્ડન્સમાં કેકેઆર સામે જીત મેળવ્યા પછી સોમવારે વાનખેડેમાં એમઆઈ સામે વિજય હાંસલ કર્યો હતો.

વિદેશી કેપ્ટનોમાં ડેવિડ હસીએ ૨૦૧૨માં આ સિદ્ધિ મેળવી હતી. ડેવિડ હસી ત્યારે પંજાબનો કેપ્ટન હતો. આરસીબીએ ૨૦૧૫ પછી પહેલીવાર વાનખેડેમાં એમઆઈ સામે જીત મેળવી છે. આરસીબી વાનખેડેમાં એમઆઈ સામે સતત ૬ મેચ હાર્યા પછી પહેલી વખત જીતી છે.

આરસીબી (૨૦ ઓવરમાં ૨૨૧/૫) સામે એમઆઈ (૨૦૯/૯)નો ૧૨ રનથી પરાજય થયો હતો.

રજત પાટીદાર ૬૪ રન ૩૨ બૉલ, ચાર સિક્સર, પાંચ ફોર)ને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો. ■







વાનખેડેમાં સોમવારે ફિલ સૉલ્ટે બાઉન્ડરી નજીક કૅચ પકડવાનો પ્રયાસ શરૂ કર્યો ત્યારે પ્રેક્ષકોની સાથે ચિયરગર્લ્સ પણ ચોંકી ગઈ હતી (ડાબે). સૉલ્ટે હવામાં ફેંકેલો બૉલ (સર્કલમાં) ટિમ ડેવિડે ઝીલી લીધો હતો. આ કૅચ મુંબઈના દીપક ચાહરનો હતો. (બીસીસીઆઇ)

# સૉલ્ટ-ડેવિડનો બાઉન્ડરી લાઇન કૅચ આઈપીએલ-૨૦૨૫નો બેસ્ટ કૅચ બની શકે

મુંબઈઃ સોમવારે અહીં વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) અને રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) વચ્ચેની મૅચ તો એમઆઇના કેટલાક બૅટ્સમેન (ખાસ કરીને હાર્દિક પંડ્યા અને તિલક વર્મા)ની ફટકાબાજીને કારણે રસાકસીભરી અને દિલધડક બની જ હતી, આરસીબીની ફીલ્ડિંગ પણ કમાલની હતી. એક તબક્કે આરસીબીના બે વિદેશી ખેલાડીઓ ફિલ સૉલ્ટ અને ટિમ ડેવિડ (જે અગાઉ કેકેઆરમાં હતો) અને ટિમ ડેવિડ (જે અગાઉ એમઆઇમાં હતો)ની જોડીએ ભેગા મળીને કમાલનો કૅચ પકડ્યો હતો. આ વખતની આઇપીએલનો એ સર્વશ્રેષ્ઠ કૅચ બની શકે. એટલું જ નહીં, ૧૮ વર્ષની આ ટૂર્નામેન્ટના શ્રેષ્ઠ કૅચીઝમાં આ કૅચ અચૂક ગણાશે.

બાઉન્ડરી લાઇન નજીકના આ સનસનાટીભર્યા કૅચની ઍક્શન રિપ્લે વારંવાર જોવાનું લોકોએ પસંદ કર્યું જ હશે.

એમઆઇ સામે આરસીબીને ૧૨ રનથી એક્સાઇટિંગ જીત અપાવવામાં આ સંયુક્ત કૅચનું મોટું યોગદાન હતું. સૉલ્ટ અને ડેવિડ અવ્વલ દરજ્જાના ઍથ્લીટ જેવી સમજબૂઝ, ચપળતા અને સ્ફૂર્તિ બતાવીને આ કૅચ ઝીલ્યો હતો.

એમઆઇને જીતવા ૨૨૨ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. ૨૦મી ઓવર સ્પિનર કૃણાલ પંડ્યાએ કરી હતી જેના છેલ્લા પાંચ બૉલમાં ૧૯ રન બનાવવાના બાકી હતા.

કૃણાલની આ ઓવરના પ્રથમ બૉલમાં ઊંચા કદના ટિમ ડેવિડે મિચલ સૅન્ટનરનો કૅચ પકડ્યો જ હતો, બીજા બૉલમાં દીપક ચાહરને પણ તેણે જ પાછો પૅવિલિયનમાં મોકલાવ્યો હતો. ચાહરના બિગ હિટમાં બૉલ ડીપ મિડ-વિકેટ તરફ ગયો હતો. એમઆઇને ફોર કે સિક્સર જીતવા માટે ઉપયોગી થઈ શકે એવી હજારો એમઆઇ-તરફી પ્રેક્ષકોની આશા પર ઑસ્ટ્રેલિયન ખેલાડી ટિમ ડેવિડ તેમ જ ખાસ કરીને બ્રિટિશ પ્લેયર ફિલ સૉલ્ટની જોડીએ પાણી ફેરવી દીધું હતું.

ઇંગ્લૅન્ડના વિકેટકીપર સૉલ્ટે ઊંચો કૂદકો માર્યો જ હતો, પોતે બાઉન્ડરી લાઇનને અડી જશે એવું લાગતાં જ તેણે ઝીલેલો બૉલ નજીક આવી ગયેલા ટિમ ડેવિડ તરફ હવામાં બૉલ ફેંક્યો હતો અને ડેવિડે કૅચ કમ્પ્લીટ કર્યો હતો.

દીપક ચાહર ગોલ્ડન ડક સાથે પાછો આવી ગયો હતો અને એમઆઇની રહીસહી જીતની આશા પર પાણી ફરી વળ્યું હતું.

સોશિયલ મીડિયામાં આ ચમત્કારિક કૅચ બદલ સૉલ્ટ-ડેવિડની ભરપૂર પ્રશંસા થઈ રહી છે. વિશ્લેષકો તો આ કૅચને આઇપીએલના ઇતિહાસના બાઉન્ડરી લાઇન નજીકના શ્રેષ્ઠ કૅચોમાં ગણાવી રહ્યા છે. કૃણાલ પંડ્યાએ કમાલની બોલિંગ કરી હતી. તેણે ૨૦મી ઓવરમાં ૧૯ રન તો નહોતા જ થવા દીધા, તેણે ત્રણ વિકેટ પણ લીધી હતી. એમાં તેણે સૅન્ટનર, દીપક ચાહર અને નમન ધીરને આઉટ કર્યા હતા. ■

# ભુવનેશ્વર કુમારનો આઈપીએલમાં રેકોર્ડ

મુંબઈઃ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના પેસ બોલર ભુવનેશ્વર કુમારે ક્રિકેટ જગતની સૌથી લોકપ્રિય લીગ ટૂર્નામેન્ટ આઈપીએલમાં નવો ઇતિહાસ સર્જ્યો છે. તેણે આઇપીએલમાં સૌથી વધુ વિકેટ લેનાર પેસ બોલર્સમાં ડ્વેઇન બ્રાવોનો ૧૮૩ વિકેટનો રેકોર્ડ તોડી નાખ્યો છે.

ભારત વતી ૨૦૧૨થી ૨૦૨૨ દરમ્યાન ૨૨૯ આંતરરાષ્ટ્રીય મૅચ રમી ચૂકેલો ભુવનેશ્વર આઇપીએલમાં ૩૫ વર્ષની ઉંમરે હજી પણ ભરોસાપાત્ર બોલર છે.

સોમવારે ભુવીએ મુંબઇ ઇન્ડિયન્સ સામેના રોમાંચક મુકાબલાની ૧૮મી ઓવરમાં મુંબઈના ઇન્ફોર્મ બેટ્સમેન તિલક વર્મા (૨૯ બૉલમાં ૫૬ રન)ની મહત્ત્વની વિકેટ લીધી હતી. છેવટે આરસીબીનો ૧૨ રનથી વિજય થયો હતો. ભુવનેશ્વરની આઇપીએલમાં એ ૧૮૪મી વિકેટ હતી અને તેણે આ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં પેસ બોલર્સમાં સૌથી વધુ ૧૮૩ વિકેટ લેનાર ડ્વેઇન બ્રાવોનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. ■

**આઈપીએલના ટોચના બોલર**

૧. ચહલ, સ્પિનર, ૨૦૬ વિકેટ
૨. ચાવલા, સ્પિનર, ૧૯૨ વિકેટ
૩. ભુવનેશ્વર, પેસ બોલર, ૧૮૪ વિકેટ
૪. બ્રાવો, પેસ બોલર, ૧૮૩ વિકેટ
૫. અશ્વિન, સ્પિનર, ૧૮૩ વિકેટ
૬. નારાયણ, સ્પિનર, ૧૮૨ વિકેટ

# બેન્ચમાર્કનું બાર્ગેન હંટિંગ સાથે બાઉન્સ બેકઃ સેન્સેક્સમાં ૧૦૮૯ પોઇન્ટનો ઉછાળો, નિફ્ટી ૨૨,૫૦૦ની ઉપર, બજારની નજર આઇરબીઆઇ પર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સપ્તાહના પહેલા દિવસે ૧૦ મહિનામાં સૌથી તીવ્ર કડાકાનો સામનો કર્યા બાદ મંગળવારે એશિયન અને યુરોપિયન બજારોના તેજીના વલણ અને સ્થાનિક સ્તરે વ્યાજ ઘટાડાની આશા વચ્ચે બાર્ગેન હંટિંગ સાથેની સાર્વત્રિક લેવાલીના ટેકા સાથે શેરબજારમાં ઝડપી સુધારો જોવા મળ્યો હતો. સેન્સેક્સ સત્ર દરમિયાન ૧૭૦૦ પોઇન્ટ જેટલી ઊંચી સપાટીએ પહોચ્યો હતો.

સોમવારના તીવ્ર ઘટાડા પછી બજારોમાં રાહત જોવા મળી હતી. વૈશ્વિક બજારોમાં રિકવરી સાથે ૧.૫૦ ટકાથી વધુનો સુધારો થયો હતો. ગેપ-અપ ઓપનિંગ પછી, નિફ્ટી એક રેન્જમાં આગળ વધ્યો પરંતુ સમગ્ર સત્ર દરમિયાન સકારાત્મક વલણ જાળવી રાખ્યું અને આખરે ૨૨,૫૩૫.૮૫ પર બંધ થયો. બધા મુખ્ય ક્ષેત્રોએ તેજીમાં ફાળો આપ્યો હતો, જેમાં રિયલ્ટી, ફાઇનાન્શિયલ અને એફએમસીજી ટોચના ગેઇનર્સ તરીકે ઉભરી આવ્યા હતા. વ્યાપક શેરઆંકોએ પણ સારો દેખાવ કર્યો, દરેકમાં બે ટકાથી વધુનો વધારો થયો હતો.

ત્રણ દિવસના ઘટાડાને બ્રેક મારીને સેન્સેક્સ ૧,૦૮૯.૧૮ પોઈન્ટ અથવા ૧.૪૯ ટકાના ઉછાળા સાથે ૭૪,૨૨૭.૦૮ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો, જેમાં તેના ૨૯ શેર ગ્રીન ઝોનમાં બંધ થયા હતા. દિવસ દરમિયાન, તે ૧,૭૨૧.૪૯ પોઈન્ટ અથવા ૨.૩૫ ટકા વધીને ૭૪,૮૫૯.૩૯ પોઇન્ટની ઊંચી સપાટી સુધી ગયો હતો.

જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ૩૭૪.૨૫ પોઈન્ટ અથવા ૧.૬૯ ટકા વધીને ૨૨,૫૩૫.૮૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. ઇન્ટ્રા-ડે, બેન્ચમાર્ક ૫૩૫.૬ પોઈન્ટ અથવા ૨.૪૧ ટકા વધીને ૨૨,૬૯૭.૨૦ પોઇન્ટની ઊંચી સપાટી સુધી આગળ વધ્યો હતો.

મંગળવારે, પાવર ગ્રીડ સિવાયની સેન્સેક્સની તમામ કંપનીઓના શેર હકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતાં, જેમાં ટાઇટન, બજાજ ફાઇનાન્સ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, લાર્સન એન્ડ ટુબ્રો, એક્સિસ બેંક, બજાજ ફિનસર્વ, એશિયન પેઇન્ટ્સ અને ઝોમેટો સૌથી વધુ વધ્યા હતા.

સોમવારના ઘટાડા પછી વિશ્વ બજારોમાં પણ સુધારો પાછો ફર્યો હતો. એશિયન બજારોમાં, ટોકિયોનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, હોંગકોંગનો હેંગ સેંગ, શાંઘાઈ એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને દક્ષિણ કોરિયાનો કોસ્પી સોમવારે તીવ્ર ઘટાડા પછીના આ સત્રમાં હકારાત્મક ઝોનમાં સ્થિર થયા હતા. જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ છ ટકા વધ્યો હતો. યુરોપિયન બજારો ઊંચા મથાળે ક્વોટ થઈ રહ્યા હતા. સોમવારે યુએસ બજારો મોટાભાગે નીચા સ્તરે બંધ થયા હતા.

એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ સોમવારે રૂ. ૯,૦૪૦.૦૧ કરોડના ઇક્વિટી વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૧૨,૧૨૨.૪૫ કરોડના શેર ખરીદ્યા હતા.નોંધવું રહ્યું કે એફઆઇઆઇ પાછલા છ સત્રથી ફરી એકવાર નેટ સેલર્સ બની ગયા છે. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૨૨ ટકા વધીને ૬૪.૩૫ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

બાર્ગેન ટ્રેડિંગ અને સકારાત્મક વૈશ્વિક સંકેતોને કારણે મંગળવારે ભારતીય બજારોમાં મજબૂતીથી તેજી આવી હતી. યુએસ ટેરિફ વાટાઘાટોની આશા અને આરબીઆઈના દરમાં કાપની અપેક્ષાને કારણે શેરબજારમાં ઉછાળો આવ્યો હતો.

બજારના સાધનો માને છે કે, તાજેતરના કરેક્શન પછી બાર્ગેન હંટિંગ અને યુએસ ટેરિફ વાટાઘાટોની આશા વચ્ચે સમગ્ર એશિયામાં વ્યાપક રિકવરી થવાથી સેન્ટિમેન્ટમાં સુધારો



જોવા મળ્યો હતો. એ જ સાથે, વર્તમાન સંજોગો જોતા આજે બુધવારે રિઝર્વ બેન્ક વ્યાજદરમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરશે એવી પ્રબળ આશાને કારણે પણ લેવાલીનું જોર વધુ રહ્યું હતું.

પ્રાઇમરી માર્કેટમાં સન્નાટો છે, મેઇનબોર્ડમાં કોઇ હલચલ નથી. માત્ર ત્રણેક એસએમઇ શેરના લિસ્ટીંગ આ સપ્તાહે છે. જોકે, આશાવાદી વર્ગ માને છે કે, આ મંદીના સંકેતો છતાં, હજુ પણ આશાનું કિરણ છે. ઐતિહાસિક રીતે, બજારમાં આવા તીવ્ર વેચવાલીના દબાણ હોવા છતાં પણ અનેક ઘટનામાં પોઝિટીવ ટ્રેન્ડ સાથે પાછુ ફરતું જોવા મળ્યું છે અને આ સંભવિત પરિવર્તનની શરૂઆત થઈ શકે છે. જોકે મંગળવારે આવેલા ઉછાળાને ટ્રેન્ડ ના ગણી શકાય.

નોંધવું રહ્યું કે, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આદરેલી ગ્લોબલ ટેરિફ વોરના પ્રત્યાઘાતમાં ચીને અમેરિકા પર ફટકારેલી ૩૬ ટકાની ટેરિફને કારણે વકરેલી ટ્રેડ વોર વચ્ચે વૈશ્વિક સ્તરે આર્થિક મંદીની આશંકા વધી જતાં વોલસ્ટ્રીટ, એશિયા અને યુરોપના ઇક્વિટી માર્કેટમાં કડાકાની વણઝાર જોવા મળી હતી અને પાછલા સત્રમાં સોમવારે સેન્સેક્સ ૨,૨૨૬.૭૯ પોઈન્ટના કડાકા સાથે ૭૩,૧૩૭.૯૦ પર સ્થિર થયો છે.

સત્ર દરમિયાન ઇન્ડેક્સ ૩,૯૩૯.૬૮ પોઈન્ટ સુધી નીચે પટકાયો હતો. આ રીતે બેન્ચમાર્કે સત્રની નીચી સપાટી સામે ૧૭૦૦ પોઇન્ટની રિકવરી બતાવી હતી. જ્યારે નિફ્ટી ૭૪૨.૮૫ પોઈન્ટ અથવા ૩.૨૪ ટકા ઘટીને ૨૨,૧૬૧.૬૦ પર બંધ થયા અગાઉ ઇન્ટ્રા-ડે, બેન્ચમાર્ક ૧,૧૬૦.૮ પોઈન્ટ અથવા ૫.૦૬ ટકા તૂટીને ૨૧,૭૪૩.૬૫ના સ્તર સુધી પટકાયો હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં એક માત્ર પાવર ગ્રીડ ૦.૧૪ ટકા ઘટ્યો હતો, જ્યારે મુખ્યત્વે ટાઈટન ૩.૨૯ ટકા, બજાજ ફાઈનાન્સ ૩.૨૧ ટકા, સ્ટેટ બેન્ક ૩ ટકા, લાર્સન ૨.૯૪ ટકા, બજાજ ફિનસર્વ ૨.૭૫ ટકા, એક્સિસ બેન્ક ૨.૭૨ ટકા, ઝોમેટો ૨.૬૨ ટકા, એશિયન પેઈન્ટ્સ ૨.૩૬ ટકા, ઈન્ફોસિસ ૨.૨૫ ટકા અને એચસીએલ ટેકનોલોજી ૨.૦૩ ટકા વધ્યા હતા.

શેરબજારમાં મંગળવારના સત્રમાં સાર્વત્રિક લેવાલી અને સુધારાત્મક સેન્ટિમેન્ટ વચ્ચે ફરી એકવાર આશાવાદ જાગ્યો હતો. બીએસઇના તમામ બ્રોડ બેઝ્ડ અને સેકટરલ ઈન્ડેક્સ પોઝિટિવ ઝોનમાં બંધ થવામાં સફળ રહ્યો હતો અને તમામ લિસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપિટલમાં રૂ. ૭.૩૨ લાખ કરોડનો સુધારો નોંધયો હતો.

મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૭૩,૧૩૭.૯૦ના બંધથી ૧,૦૮૯.૧૮ પોઈન્ટ્સ (૧.૪૯ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૭૪,૦૧૩.૭૩ ખૂલીને ઊંચામાં ૭૪,૮૫૯.૩૯ સુધી અને નીચામાં ૭૩,૪૨૪.૯૨ સુધી જઈને અંતે ૭૪,૨૨૭.૦૮ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૩૮૯.૨૫ લાખ કરોડથી વધીને રૂ. ૩૯૬.૫૭ લાખ કરોડ રહ્યું હતું. બીએસઈ સેન્સેક્સની ત્રીસમાંથી માત્ર એક સ્ક્રિપ ઘટી હતી, જ્યારે ૨૯ સ્ક્રિપમાં વધારો નોંધાયો હતો. નોંધવું રહ્યું કે પાછલા સત્રમાં સોમવારે યુએસ ટેરિફના તોફાનને કારણે સાર્વત્રિક વેચવાલીના માહોલમાં તમામ સેકટરમાં ધોવાણ જોવા મળ્યું હતું અને માર્કેટ કેપમાં રૂ.૧૪.૦૯ લાખ કરોડનું ગાબડું નોંધાયું હતું.

એક્સચેન્જમાં ૪,૦૮૩ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૩,૦૯૩ સ્ટોક્સ વધ્યા હતા, ૮૭૧ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૧૯ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૫૨ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૫૪ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૮૭ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૨.૧૮ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૫૯ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૫૩ ટકા વધ્યો હતો.

બધા સેકટરલ ઈન્ડાયસીસ વધ્યા હતા, જેમાં ઓઈલ એન્ડ ગેસ ૨.૫૮ ટકા, રિયલ્ટી ૨.૪૪ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૩૮ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૨.૩૨ ટકા, કેપિટલ ગુડ્સ ૨.૧૪ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૨.૦૪ ટકા, એનર્જી ૨.૦૩ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૨.૦૨ ટકા, એફએમસીજી ૨.૦૨ ટકા, ટેક ૧.૯૭ ટકા, હેલ્થકેર ૧.૯૪ ટકા, સર્વિસીસ ૧.૮૫ ટકા, આઈટી ૧.૭૭ ટકા, ફોકસ્ડ આઈટી ૧.૭૨ ટકા, કોમોડિટીઝ ૧.૬૯ ટકા, ઓટો ૧.૬૪ ટકા, બેન્કેક્સ ૧.૪૫ ટકા, મેટલ ૧.૨૨ ટકા યુટિલિટીઝ ૦.૮૨ ટકા અને પાવર ૦.૭૧ ટકા વધ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૮૪૭.૧૭ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૩,૭૭૫ સોદામાં ૫,૬૯૭ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૨૯,૭૨,૪૯૧ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૪,૬૪,૯૯,૭૨૫.૦૪ કરોડનું રહ્યું હતું.

## ડૉલર સામે રૂપિયામાં ત્રણ મહિનાનો મોટો ૫૦ પૈસાનો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉરની ભીતિ ઉપરાંત આજે વિશ્વ બજારમાં ઘટ્યા મથાળેથી ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવવધારો અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૯૦૪૦.૦૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સતત ત્રીજા સત્રમાં નરમાઈનું વલણ જળવાઈ રહ્યું હતું અને ડૉલર સામે રૂપિયો ત્રણ મહિનાના સૌથી મોટા ૫૦ પૈસાના કડાકા સાથે ૮૬.૨૬ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળ્યો હોવાથી અમુક અંશે રૂપિયાને ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં આજે ચીને અમેરિકાથી થતી આયાત સામે ૩૪ ટકા લાદેલી ડ્યૂટી જો પાછી ખેંચવામાં નહીં આવે તો અમેરિકા ચીનથી થતી આયાત સામે ૫૦ ટકા ટેરિફ લાદવાની ચીમકી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઉચ્ચારતા ટ્રેડ વૉર વકરવાની ભીતિ સપાટી પર આવતા લોકમાનસ ખરડાયું હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૭૬ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૮૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૨૯ અને ઉપરમાં ૮૫.૮૨ની રેન્જમાં રહ્યા બાદ ગઈકાલના બંધ સામે ૫૦ પૈસા તૂટીને ૮૬.૨૬ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે રૂપિયામાં આ પ્રકારનો ૬૬ પૈસાનો તિવ્ર ઘટાડો ગત ૧૩મી જાન્યુઆરીના રોજ જોવા મળ્યો હતો.

એકંદરે સ્થાનિકમાં આયાતકારોની ડૉલરમાં પ્રબળ માગ અને ભારતીય ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વ્યાપક વેચવાલીને કારણે રૂપિયામાં નકારાત્મક વલણ જોવા મળી રહ્યું છે અને આથી જ આ મહિનામાં એશિયન બજારોમાં રૂપિયાની અત્યંત નબળી કામગીરી જોવા મળી રહી હોવાનું એચડીએફસી સિક્યોરિટીઝના રિસર્ચ એનાલિસ્ટ દિલીપ પરમારે જણાવ્યું હતું.

## સોનામાં ₹ ૫૩૫ની અને ચાંદીમાં ₹ ૨૯ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગઈકાલે વિવિધ દેશો સાથે વાટાઘાટો માટે ટેરિફનો અમલ વિલંબિત કરવાની કોઈ વિચારણા ન હોવાની સ્પષ્ટતા કરી હતી તેમ જ યુરોપિયન યુનિયન પણ વળતાં પગલાંરૂપે અમેરિકાથી થતી આયાત સામે ટેરિફ લાદવા વિચારણા કરી રહ્યું હોવાના નિર્દેશો સાથે રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ જે ગઈકાલે ઘટીને ૧૩મી માર્ચ પછીની નીચી સપાટીએ ઉતર્યા હતા તેની સામે બાઉન્સબેક થયા હતા. તેમ જ ચાંદીના ભાવમાં પણ સુધારો આવ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતા સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૩૩થી ૫૩૫નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૯નો ઘટાડો આગળ ધપ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીનું દબાણ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ પણ ખપપૂરતી મર્યાદિત રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૯ના સાધારણ ઘટાડા સાથે રૂ. ૯૦,૩૬૩ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે



સોનામાં પણ ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલ અને સ્ટોકિસ્ટો તથા રોકાણકારોનો નવી લેવાલીમાં નિરુત્સાહ રહ્યો હતો. તેમ જ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૩૩ ઘટીને રૂ. ૮૮,૧૯૫ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૩૫ ઘટીને રૂ. ૮૮,૫૫૦ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૫૦ પૈસા નબળો પડ્યો હોવાથી સોનાની આયાત પડતરોમાં વધારો થવાથી સોનામાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અમેરિકાના રેસિપ્રોકલ ટેરિફને પગલે ગઈકાલે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર સોનાના ભાવ એક તબક્કે ઘટીને ગત ૧૩મી માર્ચ પછીની નીચી સપાટી સુધી ઉતરી ગયા હતા. જોકે, અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ગઈકાલે વાટાઘાટો માટે ટેરિફના અમલની મુદ્દત વધારવા અંગે કોઈ વિચારણા ન હોવાની સ્પષ્ટતા કરવાની સાથે ચીન અને જાપાન સહિતના અન્ય દેશો પર હજુ ડ્યૂટી વધારવાની ચર્ચા કરી રહ્યા હોવાનું જણાવ્યું હોવાથી તેમ જ યુરોપિયન યુનિયન પણ અમેરિકા સામે ડ્યૂટીના વળતા પગલાં લેવાની યોજના ઘડી રહ્યું હોવાના નિર્દેશો સાથે ટ્રેડ વૉર વકરવાની ભીતિ સપાટી પર આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ઘટ્યા મથાળેથી એક ટકો વધીને ઔંસદીઠ ૩૦૧૩.૩૪ ડૉલર અને વાયદામાં ભાવ ૧.૯ ટકા ઉછળીને ૩૦૨૮.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૭ ટકા વધીને ઔંસદીઠ ૩૦.૩૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

ગઈકાલે વૈશ્વિક સોનામાં તિવ્ર ઘટાડો નોંધાયો હોવા છતાં ટ્રેડ વૉરની ભીતિ સપાટી પર આવતા આજે સોનામાં બાઉન્સબૅક જોવા મળ્યું છે, જે સોનામાં મજબૂત તેજીનો અન્ડરટોન હોવાનો નિર્દેશ આપે છે, એમ રિલાયન્સ સિક્યોરિટીઝના વિશ્લેષક જિગર ત્રિવેદીએ જણાવતાં ઉમેર્યું હતું કે વર્ષ ૨૦૨૫માં અત્યાર સોનામાં ખાસ કરીને આર્થિક અને રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતા અને કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીને ટેકે સોનાના ભાવમાં ૧૫ ટકા જેટલો ઉછાળો આવ્યો છે.

વધુમાં આજે રોકાણકારોની નજર આગામી ગુરુવારે જાહેર થનારા અમેરિકાના કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સનાં ડેટા અને શુક્રવારે જાહેર થનારા પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સનાં ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ટીન અને નિકલમાં વેચવાલીના દબાણે જળવાતી પીછેહઠ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સતત ત્રણ સત્રથી સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં નરમાઈનું વલણ રહ્યા બાદ આજે ચોક્કસ ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટો અને વપરાશકારોની લેવાલીને ટેકે ધીમો સુધારો જોવા મળ્યો હતો, જેમાં કોપર કેબલ સ્ક્રેપ, કોપર વાયરબાર, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકથી આઠનો સુધારો આવ્યો હતો. જોકે, આજે ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીએ ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૧ અને રૂ. સાતનો તથા નિરસ માગે કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકથી પાંચ સુધીનો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી તેમ જ વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી સુસ્ત રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૩૧ ઘટીને રૂ. ૩૦૦૦, નિકલના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૧૨૮૫ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૭૨૫ તથા રૂ. ૧૯૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ઔદ્યોગિક વપરાશકારોની માગ નિરસ રહેતાં કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૭૭૫ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૫૨ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૮૧૭ અને રૂ. ત્રણ વધીને રૂ. ૨૩૮ના મથાળે રહ્યા હતા, જ્યારે છૂટીછવાઈ માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૮૮ અને રૂ. ૫૭૧ના મથાળે રહ્યા હતા.

## મથકો પાછળ ખાંડમાં નરમાઈનું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં વેચવાલીના દબાણ સામે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૮૦થી ૩૮૨૦માં થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી તેમ જ રિટેલ સ્તરની પણ માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ હાજરમાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ભાવ ક્વિન્ટલે રૂ. ૨૦ ઘટી આવ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ છતાં મથકો પાછળ આજે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૪૨થી ૪૦૦૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ .૪૦૧૨થી ૪૧૦૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની ખપપૂરતી માગ જળવાઈ રહી હોવા છતાં મિલો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૫નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૫થી ૩૯૦૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૪૫થી ૩૯૮૫માં થયાના અહેવાલ હતા.



## આયાતી તેલમાં મિશ્ર વલણ, વેપાર પાંખાં



મુંબઈઃ ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૬૯ રિંગિટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં બે રિંગિટનો સાધારણ સુધારો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો અત્યંત પાંખાં રહ્યા હોવાથી આયાતી તેલમાં સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો અને સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હોવાના અહેવાલ હતા. અમેરિકાએ વિવિધ દેશો તરફથી થતી આયાત સામે આવતીકાલ તા. નવમી એપ્રિલથી રેસિપ્રોકલ ટેરિફ લાદવાની જાહેરાત કરી હોવાથી વિશ્વભરની કૉમૉડિટી માર્કેટમાં વેપારો ડહોળાઈ ગયા છે. જોકે, આજે ઈન્ડોનેશિયન નાણાં પ્રધાન મૂલ્યાની ઈન્દ્રવતીએ ક્રૂડ પામતેલ પરની નિકાસ લેવી સામે ટેરિફ એડજસ્ટ કરવામાં આવશે, એમ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ધોરણે અદાણીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૮૦, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦ અને ગોલ્ડન એગ્રી, રિલાયન્સ રિટેલ, અલાના, રૂચી અને એએનએના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૩૩૨, રૂ. ૧૩૨૨, રૂ. ૧૩૩૦થી ૧૩૩૫ અને રૂ. ૧૩૨૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. આજે સ્થાનિકમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૦૫, સિંગતેલના રૂ. ૧૩૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૦ અને સરસવના રૂ. ૧૩૨૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનમાં વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૬૦,૦૦૦ ગૂણી સોયાસીડની આવકો હતો અને દેશભરમાં અંદાજે આઠ લાખ ગૂણી સરસવની આવક હતી. તેમ જ જયપુરની મંડીમાં સરસવના વેપાર ક્વિન્ટલે રૂ. ૬૩૦૦થી ૬૩૨૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### મોરબી મહાપાલિકાનું સ્વચ્છતા અભિયાન

# જાહેરમાં થૂંકનારાઓના ફોટા હોર્ડિંગ પર મુકાયા, ૫૦૦ રૂપિયા સુધીનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહાનગરપાલિકા બન્યા બાદ મોરબી શહેરમાં અનેક સુધારાત્મક પગલાં લેવામાં આવી રહ્યાં છે. મોરબી શહેરને સ્વચ્છ બનાવવાની દિશામાં મહાપાલિકાએ મહત્ત્વનું પગલું ભર્યું હતું. કમિશનર સ્વપિનલ ખરેની સૂચના મુજબ, જાહેરમાં થૂંકનારા લોકોના ફોટા હોર્ડિંગ બોર્ડ પર મૂકવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ અભિયાનને આગળ વધારતાં થૂંકનારા લોકો સામે પણ કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

સિવિલ હોસ્પિટલ ચોક પાસે વિવિધ હોર્ડિંગ બોર્ડ લગાવવામાં આવ્યા છે. આ હોર્ડિંગ પર જાહેરમાં થૂંકીને ગંદકી ફેલાવનારા લોકોના ફોટા પ્રદર્શિત કરવામાં આવ્યા છે. મહાપાલિકાની ટીમ દોષિતો પાસેથી ૫૦થી ૫૦૦ રૂપિયા સુધીનો દંડ વસૂલ કરી રહી છે.

મહાપાલિકાના અધિકારીઓના જણાવ્યા મુજબ, આ અભિયાન શહેરની સ્વચ્છતા જાળવવા માટે શરૂ કરવામાં આવ્યું છે. જાહેર સ્થળો પર થૂંકવા જેવી અસામાજિક પ્રવૃત્તિઓ કરનારાઓને રોકવા માટે આ પગલું અસરકારક સાબિત થશે તેવી આશા છે. ■

# રાજકોટ મનપાની વેરા વળતર યોજનાનો આજથી પ્રારંભઃ પુરુષ આસામીને ૧૦ અને મહિલાઓને ૧૫ ટકા વળતર અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મનપા દ્વારા આવતીકાલ તારીખ નવ એપ્રિલથી એડવાન્સ મિલકત વેરો, પાણી દર પર વળતર યોજનાનો પ્રારંભ થશે. પ્રમાણિક કરદાતાઓ દર વર્ષે મોટી સંખ્યામાં આ ૧૦ થી ૧૫ ટકા રીબેટ યોજનાનો લાભ લે છે અને મનપાની તિજોરી છલકાવે છે. આ સાથે બજેટમાં જાહેર કરેલી બાકી વેરાના ચુકવણામાં હપ્તાની યોજના (વનટાઈમ ઇન્સ્ટોલમેન્ટ સ્કીમ) પણ કાલથી શરૂ કરવામાં આવનાર છે. વેરા વળતર યોજનામાં એપ્રિલ-મે મહિનામાં પુરુષ આસામીને ૧૦ અને મહિલાઓને ૧૫ ટકા વળતર અપાશે. જ્યારે ઓનલાઇન, દિવ્યાંગ, ત્રણ વર્ષથી નિયમિત વેરો ભરનારા, આર્મીમેનને વિશેષ લાભ મળશે તો વનટાઈમ ઇન્સ્ટોલમેન્ટ સ્કીમમાં ૨૫ ટકાનો એક હપ્તો ભરી નોંધણી કરાવી ચાર વર્ષમાં બાકી વેરો ચૂકવનાર પર વ્યાજ બંધ થશે.

પ્રાપ્ત વિગત મુજબ નવા નાણાકીય વર્ષમાં વસુલાત શરૂ કર્યાની તારીખથી તા.૩૧મે ૨૦૨૫ સુધીમાં સામાન્ય કર, સફાઈ કર, શિક્ષણ ઉપકર, ફાયર ટેક્ષ, ડ્રેનેજ કર, દીવાબત્તી કર તથા પાણી ચાર્જ, ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જની ચડત રકમ તથા વ્યાજ, નોટિસ ફી સહિતની પૂરેપૂરી રકમ ભરપાઈ કરી આપનારને ૨૦૨૫-૨૦૨૬ની સામાન્યકર, પાણી ચાર્જ અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન ચાર્જની રકમના ૧૦ ટકા વળતર આપવામાં આવશે. ઉપરોક્ત મુદત પુરી થયા પછીના ૩૦ દિવસની અંદર એટલે કે, તા.૧ જૂન ૨૦૨૫થી તા.૩૦ જૂન-૨૦૨૫ સુધીમાં ૫ ટકા વળતર આપવામાં આવશે.

આ વળતર યોજના ફકત મહિલાઓના નામે જ હોય તેવી મિલકતોમાં આપવામાં આવનાર વળતર ઉપરાંત વિશેષ ૫ ટકા વળતર આપવામાં આવશે. તો ઓનલાઇન પેમેન્ટ કરનાર મિલકત ધારકને મળનાર વળતર ઉપરાંત વિશેષ ૧ ટકા વળતર આપવામાં આવશે. જ્યારે સતત ત્રણ વર્ષથી આવી યોજના દરમ્યાન સંપૂર્ણ વેરો ભરનાર કરદાતાઓને લોયાલીટી બોનસ પેટે વિશેષ ૧ ટકા વળતર આપવામાં આવશે. જ્યારે ૪૦ ટકાથી વધારે દિવ્યાંગતા હોય તો તેના નામે હોય તેવી રહેણાંક મિલકતોને વિશેષ ૫ ટકા વળતર આપવામાં આવશે. ■

# અવકાશી ગરમીના અજગર ભરડાએ કચ્છને અગનભઠ્ઠામાં ફેરવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કાળઝાળ ગરમીના રાક્ષસી મોજાઓએ કચ્છ-સૌરાષ્ટ્ર સહિત સમગ્ર ગુજરાતને જાણે અગન ભઠ્ઠામાં પરિવર્તિત કરી દીધું છે અને ભુજ ખાતે મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી સેન્ટિગ્રેડ નોંધયું હતું. આ સાથે જ ગરમીની રેડ એલર્ટ જારી રહી હતી. નાના બાળકોની વાર્ષિક પરીક્ષાના આ ચાલુ સપ્તાહ દરમ્યાન કચ્છમાં પણ તાપમાન ૪૫ ડિગ્રીથી ૪૭ ડિગ્રી સે.સુધી પહોંચવાનો ભય ઊભો થવા પામ્યો છે.

રાજ્યના હવામાન વિભાગે ગરમીની રેડ એલર્ટ આપી છે ત્યારે કચ્છના સામખિયાળીથી માળિયા તેમ જ નાના અને મોટા રણના વિસ્તારોને અડકીને આવેલા ગામો તેમ જ સમગ્ર રણ વિસ્તારમાં ગરમીના કાળા કહેરે સંખ્યાબંધ લોકોને પથારીવશ કરી દીધા છે. મીઠાના અગરોમાં કામ કરતા અગરિયાઓની હાલત કફોડી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# ભાવનગરના શિવકુંજ ધામ અધેવાડા ખાતે દિવ્યતાથી હનુમાન જયંતી મહોત્સવ ઉજવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દામનગરની બાજુમાં આવેલા ભુરખીયા હનુમાનજીના પ્રાગટ્ય સ્થળેથી દિવ્ય જ્યોત મારફત ભાવનગરના અધેવાડા વિસ્તારમાં શિવકુંડ આશ્રમે સ્થાપિત થયેલા અને દ્વારકા શારદા પીઠાધીશ્વર પરમ પૂજ્ય જગતગુરુ શંકરાચાર્ય મહારાજના હસ્તે પ્રતિષ્ઠિત થયેલા એવા ભુરખીયા હનુમાનજી મંદિર ખાતે હનુમાન પ્રાગટ્ય દિવસની ઉજવણી શિવકુંજ આશ્રમ ખાતે પ.પૂ. સંત સીતારામ બાપુના સાંન્નિધ્યમાં ખૂબ જ ભાવથી ઉજવાશે.

પૂજ્ય બાપુના દરેક આશ્રમોમાં દૈનિક રીતે યજ્ઞો સમયાંતરે યોજાતા હોય છે તે રીતે જ આ જયંતીના ઉપલક્ષ્યમા સુંદરકાંડ યજ્ઞ વેદોક્તિ પદ્ધતિથી યજમાનો દ્વારા હોમ કરીને ભૂદેવોના મંત્રોચ્ચાર વડો આહુતિ અપાશે. હનુમાન ચાલીસા અને સુંદરકાંડના પાઠ પણ થશે. ■

# રાજકોટમાં ભરઉનાળે પાણીકાપ મુકાતા નાગરિકોની હાલત કફોડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉનાળો શરૂ થતાની સાથે જ કાળઝાળ ગરમીમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રિ મોન્સૂનની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેને લઈ રાજકોટનાં પાંચ વોર્ડમાં પાણી કાપ મૂકવામાં આવતા લોકોની હાલત કફોડી બની હતી. આ બાબતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અગાઉથી જાહેરાત આપી નગરજનોને જાણ કરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રિમોન્સૂન કામગીરીને લઈ શહેરનાં વોર્ડ નં. ૮, ૧૦, ૧૧, ૧૨ અને ૧૩ વોર્ડ વિસ્તારમાં આજે પાણીકાપ જાહેર કરવામાં આવ્યો છે.

પાણીનાં પમ્પિંગ સ્ટેશન અને ટાંકા સફાઈ કરવા પાણી વિતરણ બંધ રાખવામાં આવ્યું હતું. પ્રિ-મોન્સૂનને લઈને કામગીરી કરવામાં આવી રહી છે. ઉનાળાની સીઝન શરૂ થતાની સાથે જ પાણીકાપ મૂકવામાં આવ્યો છે. આ પાણીકાપની અસર હજારો લોકોને થઈ હતી. ■

# જામનગરમાં હત્યાને અકસ્માતમાં ખપાવી દેવાના ષડયંત્રનો પોલીસે પર્દાફાશ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના જામનગરમા એક વ્યક્તિની હત્યાને અકસ્માતમાં ખપાવી દેવાના ષડયંત્રનો પોલીસે પર્દાફાશ કર્યો હતો. આ ઘટનાની વિગત મુજબ ૬ એપ્રિલના રોજ જામનગરમાં એક માર્ગ અકસ્માતમાં ૩૦ વર્ષીય રવિ ધીરજલાલ મારકાનાનું મૃત્યુ તેની પત્ની અને તેના પ્રેમીએ જ કાવતરું ઘડ્યું હતું.

સોમવારે પોલીસે મૃતક રવિની પત્ની રિંકલ અને તેના પ્રેમી અક્ષય ડાંગરિયાની ધરપકડ કરી હતી. આ તપાસમાં જાણવા મળ્યું હતું કે, તેઓ છેલ્લા એક વર્ષથી તેને મારી નાખવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જ્યારે રવિના પિતાએ રિંકલને પૂછપરછ કરી ત્યારે તે ભાંગી પડી હતી. જેનાથી પોલીસની શંકાને સમર્થન મળ્યું કે અકસ્માત મૃત્યુ નથી.

આ સમગ્ર ઘટનાની મળતી માહિતી મુજબ, રવિવાર ૬ એપ્રિલ સાંજે મૃતક રવિ પોતાની બુલેટ પર કાલાવડથી જામનગર પરત ફરી રહ્યો હતો. ત્યારે રવિની પત્ની રિંકલે તેના પ્રેમી અક્ષય ડાંગરિયાને તેનું લોકેશન મોકલ્યું અને અક્ષયે જીપમાં તેનો પીછો કર્યો અને વિજરાખી ડેમ પાસે તેની ગોળી વાગી. જેના કારણે રવિએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યું કે તે અકસ્માત નહીં પણ આયોજનબદ્ધ હત્યા હતી. પોલીસના જણાવ્યા અનુસાર, રિંકલ અને અક્ષય વચ્ચે અનૈતિક સબંધ હતા. જેના કારણે ઘરમાં વારંવાર વિવાદ થતો હતો. આખરે આ ઝઘડાઓએ ખતરનાક વળાંક લીધો અને પતિની હત્યા થઈ ગઈ. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, અક્ષયે તેની પત્નીને છૂટાછેડા આપી દીધા હતા અને રિંકલ પણ તેના પતિને છૂટાછેડા આપવાનું વિચારી રહી હતી.

આ કેસમાં રવિના કાકા પરેશ મરકાનાએ જણાવ્યું હતું કે શરૂઆતમાં તે અકસ્માત જેવું લાગતું હતું પરંતુ તપાસ કરવામાં આવી ત્યારે ખબર પડી કે તે હત્યા છે. પરિવારે ન્યાયની માગ કરી અને કહ્યું કે આ લગ્નેત્તર સંબંધોને કારણે થયું છે. જેની તેમને પહેલાથી જ જાણ હતી પરંતુ કોઈ નક્કર પુરાવા નહોતા. પોલીસે બંનેની ધરપકડ કરી છે. મૃત્યુની પત્નીના લગ્નના આઠ વર્ષ થયા હતા અને તેમને ચાર વર્ષનો દીકરો પણ છે.

જામનગરના નાયબ પોલીસ અધિક્ષક આર.બી. દેવધરાએ જણાવ્યું હતું કે, જ્યારે અમે આ કેસને આકસ્મિક મૃત્યુ તરીકે તપાસ કરી રહ્યા હતા. ત્યારે અમને રિંકલ અને ડાંગરિયા વચ્ચેના પ્રેમ સંબંધ વિશે ખબર પડી. રવિના પિતાએ પણ ફરિયાદ નોંધાવી હતી કે જ્યારે તેમણે રિંકલની પૂછપરછ કરી ત્યારે તે ભાંગી પડી અને તેણે હત્યાનું કાવતરું ઘડ્યું હોવાની કબૂલાત કરી હતી. ■

# રાજકોટમાં સિન્થેટિક કલરની ભેળસેળ કરતા વેપારીને ₹ ૭૦,૦૦૦નો દંડ

## ૧૧૦ કિલો અખાદ્ય હિંગનો નાશ કરી મસાલાના ૧૬ નમૂના લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા લેવામાં આવેલા ખાદ્યપદાર્થના ૨ નમૂના ફેઇલ (સબસ્ટાન્ડર્ડ) જાહેર થતાં નામદાર એજ્યુડિકેટિંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર સમક્ષ કેસ ચાલી જતાં કુલ રૂ. ૭૦,૦૦૦ દંડનો હુકમ કરવામાં આવ્યો હતો. બીજી તરફ રાજકોટના લાતી પ્લોટમાં નેન્સી ગૃહ ઉદ્યોગ નામથી હિંગનું ઉત્પાદન કરતી એક પેઢીમાં અનહાઈજેનિક રીતે રાખેલ રો-મટિરિયલ તથા હિંગનો જથ્થો સંગ્રહ કરેલો જોવા મળતા અંદાજિત ૧૧૦ કિ.ગ્રા. અખાદ્ય જથ્થાનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ફૂડ વિભાગ દ્વારા મરચું, હળદર, ધાણા, જીરું અને હિંગ સહિત કુલ ૧૬ નમૂના લઈ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ ફૂડ વિભાગ દ્વારા અમૃત મુખવાસ, પરાબજાર મેઇન રોડ, રાજકોટ મુકામેથી "મીઠો મુખવાસ (૧ કિગ્રા પેક્ડ)નો નમૂનો લેવામાં આવ્યો હતો. ઉપરાંત આ જ સ્થળેથી પાનચૂરી મુખવાસ (૧ કિગ્રા પેક્ડ)નો નમૂનો પણ લઈ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો.

આ પૃથ્થકરણ રિપોર્ટમાં સિન્થેટિક ફૂડ કલરનું પ્રમાણ ધારાધોરણ કરતાં વધુ હોવાથી બંને નમૂના સબસ્ટાન્ડર્ડ જાહેર કરવામાં આવ્યા હતા. જે અંગેના કેસમાં નામદાર એજ્યુડિકેટિંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર રાજકોટ દ્વારા નમનો આપનાર પેઢીના માલિક દિપેશ અમૃતલાલ નંદાને કુલ રૂ. ૭૦,૦૦૦ દંડનો હુકમ કરવામાં આવ્યો હતો. ■

# ભાવનગરમાં હીટવેવના આગોતરા આયોજન અંગે બેઠક યોજાઇ

## તકેદારીના પગલાં લેવા કલેક્ટરની સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રિજિયોનલ મ્યુનિસિપલ કમિશનર અને ઇન્ચાર્જ જિલ્લા કલેક્ટર ડી.એમ.સોલંકીના અધ્યક્ષસ્થાને હીટવેવના આયોજન અંગેની બેઠક યોજાઇ હતી. જેમાં ઉનાળાની ઋતુમાં હીટવેવ દરમિયાન કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારીના તમામ પગલાં લેવા કલેક્ટરે સંબંધિત અમલીકરણના અધિકારીઓને મહત્ત્વના નિર્દેશ આપ્યાં હતાં.

બેઠકમાં હીટવેવને ધ્યાને લઇ સરકારી કચેરીઓમાં આવતાં લોકો માટે પાણી અને બેઠક વ્યવસ્થા સુનિશ્ચિત કરવા,ચાલુ કન્સ્ટ્રકશન સાઇટ પર શ્રમિકોને હીટ સ્ટ્રોકથી બચવા માટે ટેમ્પરરી શેલ્ટર, પીવાના પાણીની વ્યવસ્થા, આઇસ પેક, આરોગ્ય વિષયક કીટ માટે પૂરતી તકેદારી લેવાય તે અંગેનું આયોજન કરવા, શાળાઓ, આંગણવાડી કેન્દ્રો પર બાળકોના આરોગ્યને અસર ન થાય તે માટે વિવિધ પગલાંઓ લેવા, ૧૦૮ની સગવડ વગેરે જેવી બાબતો ધ્યાનમાં લેવા માટે બેઠકમાં પરામર્શ કરાયો હતો.લોકોમાં હીટવેવ અંગેની જાણકારી મળી રહે તે માટે મહત્તમ આઈઆસી કરવા જરૂરી સૂચના આપી હતી. ■

# જૂનાગઢ જિલ્લામાં ૧૨૮ જર્જરિત વર્ગખંડો તૂટશે

## ૪૫ શાળાઓમાં નવા વર્ગખંડો બનાવવા સરકારમાં દરખાસ્ત મોકલાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢ જિલ્લાની ૪૫ પ્રાથમિક શાળાઓના ૧૨૮ જર્જરિત વર્ગખંડોને તોડી પાડવાની મંજૂરી મળી છે. આ શાળાઓ વિસાવદર, વંથલી, મેંદરડા, માળિયા હાટીના, જૂનાગઢ, માણાવદર, માંગરોળ અને ભેસાણ તાલુકામાં આવેલી છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી લતાબેન ઉપાધ્યાયના જણાવ્યા અનુસાર, ડિમોલિશન કમિટીએ આ વર્ગખંડોને તોડવાની મંજૂરી આપી છે. શાળા કક્ષાએથી દરખાસ્ત તૈયાર કરવામાં આવે છે. નિરીક્ષક દ્વારા વર્ગખંડોનું નિરીક્ષણ કરી કેટેગરી નક્કી કરવામાં આવે છે.

ગોલાધર ગામની પ્રાથમિક શાળાની સ્થિતિ ખાસ ચિંતાજનક છે. આચાર્ય પાંચાભાઇ ચુડાસમાના જણાવ્યા મુજબ, શાળાના વર્ગખંડો નળિયાવાળા છે. બાળકો માટે વૈકલ્પિક વ્યવસ્થા શક્ય નથી. ગામમાં પાંચથી છ રૂમ ભાડે રાખવાની જરૂર છે, પરંતુ સરકાર ભાડું આપતી નથી. ગામના ઉપસરપંચ ધીરુ ડોબરીયાએ જણાવ્યું હતું કે, ૫૦ વર્ષ જૂની શાળા અત્યંત જર્જરિત છે. તેમણે કલેક્ટરને રજૂઆત કરી હતી.

શિક્ષણ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, ડિમોલિશન બાદ વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સંખ્યાને ધ્યાનમાં રાખી નવા વર્ગખંડો માટે આ જ મહિને સરકારમાં દરખાસ્ત મોકલવામાં આવશે. ■

### કચ્છમાં રોજ સર્જાતા હિટ ઍન્ડ રન અકસ્માત

# અંજારમાં કાર અને સ્કૂટર વચ્ચેની ટક્કરમાં પતિની નજર સમક્ષ પત્નીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં જીવલેણ માર્ગ અકસ્માતનો વણથંભ્યો સિલસિલો યથાવત્ રહેવા પામ્યો છે. અંજાર શહેર ખાતે દ્વિચક્રી વાહન પર જઈ રહેલા દંપતીને એક મોટરકારે હડફેટમાં લેતાં પત્નીનું પતિની નજર સમક્ષ અરેરાટીભર્યું મૃત્યુ થતાં પંથકમાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી હતી.

અંજારના પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી મુજબ, અંજારના બાલાજી નગરમાં રહેતા વિમલ હેમરાજ રાઠોડ અને તેમનાં પત્ની પ્રવીણાબેન ઉર્ફે પાયલબેન વિમલ રાઠોડ તેમના સ્કૂટર પર સવાર થઈને કુળદેવીનાં દર્શન કરવા કુંભારિયા તરફ જવા નીકળ્યાં હતાં. તેઓ અંજારના દેવળિયા નાકાં તરફ જતા માર્ગ પર પહોંચ્યું ત્યારે પાછળથી ધસી આવેલી મોટરકારે સ્કૂટરને જોરદાર ટક્કર મારી દેતાં પતિ-પત્ની જમીન પર પટકાયા હતા. આ દરમ્યાન પ્રવીણાબેન પરથી કાર ફરી વળતાં તેમને ગંભીર પ્રકારની ઇજાઓ પહોંચી હતી. દંપતીને તાત્કાલિક સારવાર અર્થે લઇ જવાતાં ફરજ પરના તબીબે મહિલાને મૃત જાહેર કર્યાં હતાં. અકસ્માત નોતરી નાસી જનાર કારચાલક સામે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ■

# અંજારના સિનુગ્રા ગામમાં માદક પદાર્થના ત્રણ ગુનાના આરોપીના બિનઅધિકૃત બાંધકામ પર બુલડોઝર ફેરવી દેવાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રાજ્યભરમાં અસામાજિક તત્ત્વો વિરુદ્ધ કાયદાકીય પગલાં ભરવામાં આવી રહ્યાં છે તેવામાં પૂર્વ કચ્છ પોલીસે અંજાર તાલુકાના સિનુગ્રા ગામમાં ગુનાહિત ઇતિહાસ ધરાવનારા શખ્સ દ્વારા સરકારી જમીન ઉપર ખડકી દેવામાં આવેલા બિનઅધિકૃત બાંધકામ પર બુલડોઝર ફેરવીને તેને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યું હતું.

સિનુગ્રા ગામમાં રહેનાર મહમંદ હુશેન સૈયદ નામના શખ્સ વિરુદ્ધ અંજાર પોલીસ મથકે બે તથા મુંદરા પોલીસ મથકે એક એમ ત્રણ માદક પદાર્થ અંગેના ગુના નોંધાયેલા છે. થોડા સમય અગાઉ તેના બિનઅધિકૃત મકાનમાંથી સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે ગાંજાની ખેતી પકડી પાડી હતી.

આ શખ્સે પોતાના અંગત ફાયદા માટે પંચાયતની સરકારી જમીન ઉપર પોતાના રહેવા તથા ગુનાખોરી કરવા બિનઅધિકૃત રીતે બાંધકામ કર્યું હોવાનું પોલીસને ધ્યાને આવતાં વહીવટી તંત્ર સાથે પોલીસ અહીં આવી પહોંચી હતી અને આ શખ્સે કરેલા બિનઅધિકૃત બાંધકામને હટાવી લેવાતા અસામાજિક તત્ત્વોમાં ફફડાટ પ્રસર્યો હતો. ■

# રાપરના બેલાના અફાટ રણમાં ત્રણ યુવક લાપતા બન્યાઃ બે મળ્યાં, એક હજુ ગુમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: રાપર તાલુકાના બેલાના અફાટ રણમાં આગામી સોલાર પ્રોજેક્ટ માટે સર્વે કરવા ગયેલા ત્રણ પરપ્રાંતિય કર્મીઓ લાપતા બની જતાં સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી જવા પામી હતી.

ભયાનક ગરમી વચ્ચે ત્રણ લોકો ગુમ થઇ ગયા હોવા અંગેની જાણકારી મળતાં સરહદી સલામતી દળ અને બાલાસર પોલીસે સંયુક્ત રીતે આદરેલી શોધખોળ દરમિયાન એક કારચાલક અને સર્વેયરની ભાળ મળી હતી, જ્યારે અન્યોની અત્યાધુનિક ડ્રોન કેમેરા વડે ગુમશુદા ઇજનેરની શોધખોળ યુદ્ધના ધોરણે ચાલુ રાખવામાં આવી હતી. ■

# કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ, આજે કચ્છ, ઉત્તર ગુજરાત અને મોરબી, રાજકોટમાં ઓરેન્જ એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં કાળઝાળ ગરમીનો અનુભવ થઇ રહ્યો છે. કચ્છ સહિતના રાજ્યના કેટલાક ભાગોમાં આકરી ગરમીથી લોકો ત્રાહિમામ્ પોકારી ગયા છે. હવામાન વિભાગ અનુસાર આવતીકાલે પણ કચ્છ સહિતના વિસ્તારોમાં હિટવેવની સંભાવના છે. આગામી ૪૮ કલાક રાજ્યમાં ગરમીથી કોઇ મોટી રાહત અનુભવાશે નહીં ત્યારબાદ મહત્તમ તાપમાનમાં ૨થી ૪ ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાઈ શકે છે. હીટવેવના પગલે કચ્છ, ઉત્તર ગુજરાત અને મોરબી, રાજકોટમાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું હતું. મંગળવારે પણ કચ્છ જિલ્લાના કેટલાક ભાગોમાં તીવ્ર ગરમીનું મોજું ફરી વળ્યું હતું. બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લાના હિટવેવની અસર વર્તાઈ હતી. રાજકોટ અને ભાવનગર જિલ્લામાં પણ ગરમીથી લોકોની હાલત કફોડી બની હતી. રાજ્યના ઘણા ભાગોમાં તાપમાન સામાન્ય કરતાં ઘણું ઊંચું નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૪૮ કલાક દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફારની સંભાવના નથી. જોકે, ત્યારબાદ સમગ્ર રાજ્યમાં તાપમાનમાં ૨ થી ૪ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૧ થી ૪૫ ડિગ્રીની વચ્ચે રહેવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૮ એપ્રિલના રોજ તીવ્ર હિટવેવ રહી શકે છે. જ્યારે ૯ એપ્રિલે પણ હિટવેવ અનુભવાઈ શકે છે. ૮થી ૧૦ એપ્રિલ દરમિયાન રાજ્યના દરિયાઇ વિસ્તારમાં ગરમ અને ભેજયુક્ત હવામાન રહી શકે છે. ૯ એપ્રિલના રોજ હીટવેવના પગલે કચ્છ, મોરબી, રાજકોટ, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠામાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. સુરેન્દ્રનગર અને ગાંધીનગરમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. ૧૦ એપ્રિલના રોજ બનાસકાંઠા અને સાબરકાંઠામાં હિટવેવના પગલે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. ■

# અમદાવાદની રબારી વસાહતોના રહેવાસીઓને માલિકીનો હક મળશે, રાહત દરે પ્લોટ ફાળવાશે

અમદાવાદ: ગુજરાત સરકારે અમદાવાદ મહા નગરપાલિકાની હદમાં આવેલી રબારી વસાહતોના માલધારી કબજેદારોને જમીન પર રાહત દરે કાયમી ધોરણે માલિકી હક્ક આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. રાજ્ય સરકારના આ નિર્ણયથી અમદાવાદના આશરે ૧,૧૦૦ માલધારી પરિવારોને પોતાનાં ઘરનો માલિકી હક મળશે. અમદાવાદના જશોદાનગર વિસ્તારમાં આવેલી ચાર માલધારી વસાહતો જૂની, નવી, નર્મદા અને નર્મદા એક્સ્ટેન્શન વર્ષો પહેલાં ૯૯ વર્ષના પટ્ટા પર ફાળવાઈ હતી. ચારેય વસાહતોમાં આશરે કુલ ૧,૦૯૯ પ્લોટની ફાળવણી માલધારી સમાજને કરવામાં આવી હતી. આ ચારેય વસાહતનું અંદાજિત કુલ ક્ષેત્રફળ ૬,૫૭,૩૬૩ ચો.મીટર થાય છે. રાજ્ય કક્ષાના પ્રધાન જગદીશ વિશ્વકર્માએ જાહેરાત કરી હતી કે, રાજ્ય સરકારે બજાર ભાવના બદલે રાહત દરે માત્ર ૧૫ ટકા જંત્રી મૂલ્યે જમીન ફાળવણી કરવાનો નિર્ણય કર્યો હતો. રહેવાસીઓને ૬ મહિનાની અંદર જમીનની કિંમત ભરવી પડશે. આ સાથે ૨૦ હજાર રૂપિયાની ટ્રાન્સફર ફી, સ્થાનિક વેરો અને ટેક્સ પણ ચૂકવવા પડશે. આ મૌલિક ફેરફાર પછી દરેક લાભાર્થીએ નિયમ મુજબ ટીપી મેળવવી પડશે અને તે પછી જ દસ્તાવેજીકરણ થશે.પરિપત્ર જાહેર થયા બાદ આ નિર્ણય અમલમાં આવશે. ■